ઓપિનિયન

यो वै भूमा तत् सुखम्।

તંત્રી : વિપુલ કલ્યાણી

પુસ્તક : 18 • પ્રકરણ : 05 • સળંગ અંક : 209 **26 ઑગસ્ટ 2012** **ડિજિટલ અવતાર – ઓગણત્રીસ**

ગુજરાતી મારી માતૃભાષા, ઈંગ્લિશ મારી ફૉસ્ટર મધર

*** નીરવ પટેલ**

અમદાવાદ શહેરનાં પાદરે આવેલું મારું ભુવાલડી ગામ અમારા જ્ઞાતિગોળ ‘નાની દસકોશી રોહિત સમાજ પરગણા'ના ૨૬ ગામ પૈકીનું એક ગામ છે. મારા માતા-પિતા ચર્મકામના જ્ઞાતિગત વ્યવસાય સાથે ખેતમજૂરીનું કામ કરી, અમારા કુટુંબનું ભરણપોષણ કરતા હતાં. એમના વડવાઓ પણ એ જ કામ કરી આજીવિકા રળતા હતાં. આ કારણે એમનું સામાજિક અને વ્યાવસાયિક જીવન કેવળ ૨૫ કિલોમિટરની ત્રિજ્યામાં સમાયેલું હતું. એમને વારસામાં મળેલી માતૃભાષા તથા ત્યાર બાદ આ સીમિત સોશિયલ મોબિલિટીમાં સંભવી શકે તેવા આંતર-સંબંધોને કારણે, એટલે કે મિરઝાપુરના ચામડાના મુસલમાન વેપારીઓ, માધુપુરાના મારવાડી મોચીઓ, માણેકચોકના મુસલમાન વોરા કોમના સોનીઓ, અમારા ખેતર-પાડોશી માથાભારે ઠાકરડાઓ, કાશી તોતર પટેલ, શેઠ શંકરરાત વાળંદ વગેરે જેવાઓના સંપર્કને કારણે બે હજાર શબ્દોમાં માંડ વિસ્તરેલી ભાષા મારી 'માતૃભાષા' બની. મારી આ માતૃભાષા અન્ય ઉજળિયાત ગુજરાતીઓ કરતાં કેવી જુદી હતી, એનો એક કિસ્સો સંભળાવું : મારા ગામની નિશાળમાં એકડિયામાં ભણતો, ત્યારે એક શિક્ષિકા બહેન મને 'ઘ ઘારીનો 'ઘ' બોલીને 'ઘ' લખવાનું શીખવાડતા, ત્યારે હું ઘણો મુંઝાતો. અને મને છેક કોલેજમાં આવતાં ખબર પડી કે 'ઘારી' એક સ્વાદિષ્ટ મિષ્ટાનનું નામ છે, અને તે ઉજળિયાત લોકોનું મિષ્ટ વ્યંજન છે ! મારી માતૃભાષાથી ભિન્ન એવી આજે હું બોલું છું અને લખું છું એવી શિષ્ટ 'ગુજરાતી' ભાષા તો મેં અંગ્રેજી ભાષાની જેમ જ એક ફોરિન લેન્ગવેજ જેટલી જ મુશ્કેલી અને પરિશ્રમથી શીખી છે.

અલબત્ત, મને વારસામાં મળેલી આ ભાષા બહુ ઓછા શબ્દભંડોળ, છતાં અદ્‌ભુત શબ્દો, રૂઢિપ્રયોગો, કહેવતો અને ગાણાં-ઓઠાં-વાતોની વિપુલ સાહિત્યિક સમૃદ્ધિ અને ગામઠી ડહાપણ ધરાવતી હતી. એમાં મધુરતા, કરુણા, ભ્રાતૃભાવ, પ્રેમ, ઉદારતા, સહકાર, સંપ, સહનશીલતા, સહાનુભૂતિ ક્ષમા, સમતા જેવા અદ્‌ભુત ગુણોનું વહન થતું હતું. આ ભાષાથી અનેક અભાવો અને અનેક મુશ્કેલીઓ, છતાં જીવન જીવવાનું જોમ અને ઉમંગ મળી રહેતા હતાં. આજે હું મારી એ અસલ ગુજરાતી 'માતૃભાષા' ગુમાવી ચૂક્યો છું. એ 'માતૃભાષા'ના વિશિષ્ટ શબ્દભંડોળ અને એ વિશિષ્ટ લહેકા-ઉચ્ચારોથી ક્યારેક મેં ઢેડા, ગામડિયા કે બી.સી. હોવાની ગાળ ખાધી છે, અને એટલે જ સ્કૂલ-કોલેજના દિવસોમાં મેં પ્રયત્નપૂર્વક મારી એ 'માતૃભાષા'ને ભૂલવાની શરૂઆત કરી દીધી હતી. અને આજે તો મને વારસામાં આપનાર એ માબાપ પણ નથી રહ્યા અને મારી હિજરતને કારણે નથી રહ્યો ઘનિષ્ટ સંપર્ક મારા એ માદરેવતન ભુવાલડી ગામના દલિત માહોલનો. મારી એ 'માતૃભાષા'થી રળિયાત મારા બાળપણને યાદ કરું છું, ને મારી એ 'માતૃભાષા'ના અદ્‌ભુત સમૃદ્ધ -સામર્થ્ય અને વહાલનો ઝુરાપો અનુભવું છું. એ ઝુરાપામાં જ એક વાર, ભગવદ્‌ગોમંડળનો સંક્ષિપ્ત કોશ લઈને, મનોમન ટીક કરવા બેઠો હતો એ શબ્દોને, જે મારા માતાપિતા બોલતા હતા ને મેં વિસારી દીધા હતા !

હમણાં હમણાંથી 'ગુજરાતી ભાષા બચાવો' કે 'માતૃભાષા બચાવો'ના નારા બહુ જોરશોરથી સંભળાય છે. કેટલાક તો દલિત-આદિવાસીની ખાસ ચિંતા કરતાં, એક જ ‘ઈ -ઉ’વાળી સરળ ઉંઝા જોડણીની ઝુંબેશ પણ ચલાવી રહ્યા છે. ત્યારે મને આવો પ્યારો પ્યારો નોસ્તાલ્જિઆ અનુભવાય છે. પણ સાથે સાથે હું વિચારોમાં ય ચઢી જાઉં છું. સાંપ્રત સમયના પડકારોને ઝીલવામાં સાવ લાચાર મારી એ માતૃભાષાને વિષે પુનર્વિચાર કરું છું તો મને એનો ઝુરાપો ખમી ખાઈને પણ મને ને મારા સમાજને માનવ અધિકારો - માનવ ગૌરવ અપાવે તેવી વૈશ્વીક ભાષાને અપનાવવા સિવાય કોઈ આરો દેખાતો નથી. લાગે છે હવે મારે સેન્ટીમેન્ટલ થવાનું છોડીને રેશનલ થવાની જરૂર છે. મારે ભાષા થકી ખેલાતા દલિત-વંચિત-શોષિત જનતાને પછાત રાખવાના રાજકારણ અને વૈશ્વીક પહોંચ ધરાવતી ભાષા થકી થતાં સશક્તિકરણને વિષે પણ વિચારવાની જરૂર છે.

મારી ભોળી માતૃભાષા ગુજરાતીએ ઘાણું ઘાણું ઉમદા શીખવ્યું અને એમાં એક તે અઢળક ધીરજ રાખીને ઘાણું બધું ચુપચાપ વેઠી લેવાનું, પણ એણે એક એ ન શીખવ્યું કે વર્ગ અને વર્ણના આધારે થતા અમારા જેવા દલિત-વંચિતનાં આ શોષણ-દમનનાં સાચાં કારણો શેમાં પડેલાં છે, અને એ અન્યાયોને દૂર કરવા માટે નવજાગૃતિ, નવા જ્ઞાન સાથે સંઘર્ષ કર્યા સિવાય કોઈ આરો નથી. એ બિચારી ક્યાંથી શીખવી શકે ? શોષકોની ભાષાની છાયામાં જીવતી મારી એ માતૃભાષાને ક્યાંથી ખબર પડે કે એમણે જ તો આ શોષણની મહાજાળને પોતાની 'દેવભાષા'માં અદ્‌ભુત રીતે ગોપિત રાખ્યા હતા, બલકે અંધશ્રદ્ધા, ભાગ્ય, ભગવાન, ભજન, પરભવ, પરલોક, પુનર્જન્મ, સ્વધર્મ જેવા શબ્દો ઘડીને એને અંધ-લાચાર-પ્રારબ્ધવાદી બનાવી દીધો હતો. શિક્ષણનો અધિકાર જ છીનવી લીધો હતો એ 'દેવભાષા'એ. આભાર પરાયી ભાષા જે આજે મારી ફોસ્ટર ભાષા બની છે એવી અંગ્રેજીનો જેણે તમામ જ્ઞાનના દરવાજા ખોલી કાઢ્યા અને વૈજ્ઞાનિક ચિંતન આપી દમન-શોષણનાં કારણો અને એને ઉખાડી ફેંકવાનો ઈલાજ પણ ચીંધી બતાવ્યો.

'માતૃભાષા ઝુંબેશ'માં મુખ્યત્વે તો ગુજરાતી ભાષા જેમના માટે સત્તા અને શોષણનું સાધન છે, એવા ભદ્ર સમાજના રાજકારણીઓ તથા જેમના માટે પ્રતિષ્ઠા અને આજીવિકાનું સાધન છે, તેવા શિક્ષકો, સાહિત્યકારો, ડાયરાના કલાકારો, ભજનિકો, કથાકારો, લેખકો, પત્રકારો, પુસ્તક કે સામયિકોના પ્રકાશકો, ગુજરાતી માધ્યમની શાળા-કોલેજો-યુનિવર્સિટીઓ, વગેરેએ ભારે કાગારોળ મચાવી મૂકી છે. અલબત્ત થોડાક એવા ઉમદા લોકો પણ છે જેમને ગુજરાતી ભાષા પ્રત્યે ખરો પ્રેમ છે કારણ કે તેમને ગુજરાતીઓ - આઈ મીન, દલિત, આદિવાસી, મુસલમાન સહિત સૌ ગુજરાતીઓ - પ્રત્યે ખરો પ્રેમ છે, એ સૌ થકી ઘડાયેલી ગુજરાતની અસ્મિતા પ્રત્યે ખરો પ્રેમ છે. એમને ચિંતા છે કે ગુજરાતી મરી જશે તો આ બાપડા ગુજરાતીઓનું શું થશે? એમને ભય છે કે એ લોકો નર્યા મૂંગામંતર થઈ જશે, એ પોતાના રોજ-બ-રોજનાં વ્યવહારો, પોતાની વાત, પોતાના વિચારો, પોતાની લાગણીઓ, પોતાની કલ્પનાઓ, પોતાની સર્જનાત્મક-સાહિત્યિક-સાંસ્કૃતિક અભિવ્યક્તિઓને કેમ કરી શબ્દબદ્ધ કરશે? એમની મહામૂલી સાહિત્યિક- સાંસ્કૃતિક વિરાસતનું શું થશે?

ખાસ તો મારે આ બીજા પ્રકારના લોકોને હૈયાધારણ આપવી છે કે તમે નાહકની આટલી ચિંતા ન કરો, અમે ગુજરાતી દલિત-આદિવાસીઓ અને અન્ય

ઓપિનિયન

- "ઓપિનિયન" ગુજરાતી ભાષાનું ઇન્ટરનેટી માસિક વિચારપત્ર છે અને દર માસની ૨૯મી તારીખે બહાર પડે છે.
- "ઓપિનિયન"ના વાંચક ગમે તે અંકથી થઈ શકાય છે. રસ ધરાવનારાઓએ સત્વરે પોતાનો 'ઇ.મેલ આઈ.ડી.' મોકલવો જરૂરી બને છે.
- "ઓપિનિયન"માં શક્ય હોય ત્યાં સુધી જાહેરખબર ન લેવાની અમારી નેમ છે.
- એમાં વ્યક્ત થતા વિચારો માટેની જવાબદારી જે તે લેખકોની છે.
- "ઓપિનિયન"નાં ધોરણ અને સ્વરૂપને અનુલક્ષીને લેખકોએ પોતાની કૃતિઓ મોકલવી. હાલ પુરસ્કારનું ધોરણ નથી. પરંતુ છપાયેલી કૃતિના લેખકને જે તે અંક ભેટ મોકલવાની પ્રથા છે.
- લખાણ શાહીથી ચોખ્ખા અક્ષરે અને કાગળની એક જ બાજુએ લખવું. નનામા લેખો અસ્વીકૃત બનશે.
- ભાષા સારી માઠી હશે તેને વિષે લખનારે જરા પણ અચકાવાનું નથી. અમારી શક્તિ પ્રમાણે અમે સુધારી લઈશું. ઓછામાં ઓછી ગુજરાતી જાણનાર વાચક પણ સામયિકની મારફતે જેટલી દાદ લઈ શકે તેટલી દાદ દેવી એ અમે અમારી ફરજ સમજશું.
- જેઓ લખી ન શકતા હોય તેઓ બીજાની પાસે લખાવીને લખાણ મોકલી શકે છે.

•

સંપાદકીય પત્રવ્યવહાર

"ઓપિનિયન"

'Holly Cottage',
13 Ferring Close,
HARROW, Middlesex HA2 0AR **[U.K.]**

e.mail :
vipoolkalyani.opinion@btinternet.com

•

ભારત માટે સંપર્કનું ઠેકાણું

Villa Bellevue, 30, Avantikabai Gokhale Street, Opera House, MUMBAI - 400 004

e.mail : bharti_parekh@hotmail.com
સંપર્ક : ભારતીબહેન પારેખ

"ઓપિનિયન"નું આ ડિજિટલ અવતરણ છે. અને ગમતાનો ગુલાલ કરવાની દરેકને રજામજા જ હોય.

સૌ, ગરીબ-વંચિત-શોષિત એવા 'પછાત' સમુદાયોની. અમે ભાષાનો ઇતિહાસ જાણી ચૂક્યા છીએ. અને અમે ભાષાનું રાજકારણ પણ જાણી ચૂક્યા છીએ. સામાજિક અને સામુદાયિક જીવન જીવતા માણસને પ્રત્યાયનની જરૂરી પડે છે અને એટલે જ ભાષાનો જન્મ-વૃદ્ધિ-વિકાસ-વિનિમય થાય છે, એ એનું શબ્દભંડોળ-રૂઢિપ્રયોગો-કહેવતો-વ્યાકરણ-ઉચ્ચાર વગેરેને વિકસાવે છે, માનવ સમુદાયો એકબીજાના સંપર્કમાં આવીને ભાષાની આ મૂડીનો વિનિમય કરે છે, ને આ આદાન-પ્રદાનથી ભાષાઓ બદલાતી રહે છે ને ક્યારેક તો 'survival of the fittest'ના સિદ્ધાંતે વધારે ઉપયોગી ભાષાને સૌ અપનાવી લેતા, પેલી 'માતૃભાષા' મ્યુઝિયમની ચીજ બની જાય છે. આપણી ઘણી બોલીઓ અને ભાષાઓ જે-તે સમયના ભાષા-સમુદાયોના જીવનમાં પોતાનું યોગદાન આપીને અલવિદા કહી જાય છે. આપણી પાસે રહી જાય છે એ ભાષાના આર્કાઈવ્ઝ : શબ્દકોશો, વ્યાકરણો, સાહિત્ય, અને અન્ય સર્જનો. એટલે આપણી પ્યારી 'માતૃભાષા' એવી ગુજરાતી ભાષાના સૌન્દર્યને માણવાનો જેટલો લ્હાવો મળે તેટલો માણી લો, કારણ કે એ સમયને હવે ઝાઝી વાર નહિ લાગે, વધારેમાં વધારે ચાર-પાંચ પેઢી યા સોએક વર્ષ જેટલો સમય અને આપણી 'માતૃભાષા' કાં હિન્દી કાં અંગ્રેજી થઈ જશે, અત્યારે પણ આપણી માતૃભાષા તો ગુજલિશ કાં હિંગ્લિશની નજીકની જ થઈ ગઈ જ છે ને !

આપણે અજીબ પ્રકારના ગુજરાતીઓ છીએ : બધું બદલવું છે ને એક ભાષાને વણબદલી રાખવી છે. વડવાઓની ગૂફાઓ છોડી દીધી ને અંગ્રેજી એપાર્ટમેન્ટ અપનાવી લીધા. આપણા સંસ્કૃતભાષી ઋષિઓના વલ્કલ છોડી દીધાં ને અંગ્રેજિયતના કોટ-પાટલૂન અપનાવી લીધાં. મા ગુર્જરીની ભવાઈ છોડીને હિન્દી સીરિયલો અપનાવી લીધી, ને એવું તો ગણે પાર ના આવે એવું એવું ઘણું 'પોતાનું' છોડીને 'પારકી' સંસ્કૃતિ'નું અપનાવી લીધું, ને આ એક ભાષાની આટલી શી માયા? તમે કહેશો કે ભાષા તો સંસ્કૃતિ અને પરંપરાની સંરક્ષક છે. અરે ભાઈ, શું અન્ય લોકોની માતૃભાષામાં સાહિત્ય-જ્ઞાન-માહિતી વગેરે નથી હોતાં ? પોતાની આફ્રિકન માતૃભાષાઓને બદલે અંગ્રેજી કે ફ્રેંચમાં લખાયેલી બ્લેક લિટરેચરની કૃતિઓમાં શું આફ્રિકન સંસ્કૃતિ-પરંપરા નથી ઝીલાઈ? યાદ કરો 'ગાઈડ' પણ કોંકણીમાં નહિ બલકે અંગ્રેજીમાં લખાઈ છે, અને સંસ્કૃત ભાષાના શ્લોકથી જ પોતાને મહાજ્ઞાની સમજતા અને બ્રાહ્મણત્વનાં મિથ્યાભિમાનમાં રાચતા પંડિતોને કે જેમને દેવાનંદ અંગ્રેજી બોલીને ચૂપ કરી દે છે : અંગ્રેજી આતી હો તબ ના?

એવું તો નથી ને કે તમે પેલા સ્વાર્થી વ્યાવસાયિકો ને ખંધા રાજકારણીઓની જેમ સાચો એજન્ડા છુપાવીને 'માતૃભાષા' બચાવવાની ઝુંબેશ માટે હાલી નીકળ્યા છો? પારકા છોકરાને જતિ કરવા નીકળ્યાં હો એમ તમારા છોકરાંને અંગ્રેજી ભણાવીને આ ગ્લોબલીઝેશનના જમાનામાં સત્તા, પ્રતિષ્ઠા ને ધનના એક માત્ર વારસદાર બની રહેવા માગો છો, ને દલિત-આદિવાસીના છોરાને 'માતૃભાષા'ની ગોળી પીવડાવી એમને કાયમના વેઠિયા-મજૂરિયા બનાવવાના આ કીમિયા તો નથી ને, ભાઈ? તમે તો બહુ ચાલાક પ્રજા છો, ભાઈ ભટ્ટજનો, તમે તો વખત પારખવામાં પાક્કા છો. સત્તાના ને સંપત્તિના ભાગીદાર બનવા તમે 'માતૃભાષા'ને છોડીને વખતે ફારસી કે અરબી કે ફ્રેંચ કે ચાઈનીઝને પણ પોતાની ભાષા બનાવી શકો છો ! કેવળ દલિત-આદિવાસીઓને જ સ્વદેશીના, માતૃભૂમિના, માતૃભાષાના પાઠ ગોખાવે છે પણ એ લોકો તો ડ્યુઅલ સિટીઝનશીપ અને મલ્ટી-લીન્ગ્વલ બનીને પોતાના હિતોને વિસ્તારતા જ રહે છે. બિચારી આ દલિત-આદિવાસી ભોળી પ્રજા છે અને લાચાર પણ, કે એ આમ પોતાના સ્વાર્થ પ્રમાણે 'માતૃભાષા' બદલી શકતી નથી.

જગતની પાંચેક હજાર ભાષાઓમાંથી આફ્રિકામાં જ ૨,૦૦૦ જેટલી ભાષાઓ બોલાય છે. આફ્રિકાના અશ્વેતો પાસેથી ગુલામીને કારણે પોતાની 'માતૃભાષા' છીનવાઈ ગઈ, પણ આજે અંગ્રેજી ભાષા થકી થયેલા સશક્તિકરણની પણ નોંધ લેવા જેવી છે. નવી ભાષાએ સર્જેલા સશક્તિકરણનું ચરમ દૃષ્ટાંત તો નવા આત્મસમ્માન અને ખુમારી સાથે માનવ માત્રની સમાનતા, બંધુતા અને સ્વતંત્રતાની હાકલ કરતો એક હબશી તો અમેરિકાના સર્વોચ્ચ સ્થાને બિરાજે છે. દરેક ડાયાસ્પોરાની માતૃભાષા બદલાતી હોય છે, અને એટલે જ તો આપણને વસનજી કે નાયપોલ કે રશ્દી જેવા વિશ્વવિખ્યાત અંગ્રેજીભાષી સર્જકો પ્રાપ્ત થયા છે. ઘર આંગણાની વાત કરું તો અંગ્રેજીએ અમને અમારા ઉધ્ધારક - આંબેડકર આપ્યા, અને ગુજરાતીએ અમને આર. એસ. એસ. બ્રાન્ડના સનાતની-વર્ણાશ્રમી હિન્દુત્વમાં માનતા કિશોર મકવાણા ને મૂલચંદ રાણા જેવા દલિત નેતાઓ આપ્યા ! આપણી 'માતૃભાષા' ગુજરાતીએ જ તો કદી ન ભૂસાય તેવો 'ઢેડ' નામનો ડામ દીધો છે અમારા કપાળે. આ જ માતૃભાષાએ કોઈ શ્રમજીવીને 'ભંગી' તો કોઈને 'ઘાંયજા' તો કોઈને 'છારા'ની અપમાનકારક ઓળખ આપીને એમના માનવ ગૌરવ હણી લીધા છે.

આપણી પ્યારી ગુજરાતી ભાષા આવા કટોકટી કાળની કસોટીમાંથી પસાર થઈ રહી છે, અંગ્રેજી ને હિન્દી જેવી અન્ય વધારે ઉપયોગી ભાષાઓની સ્પર્ધામાં આ બાપડીને આવો કાગારોળ કેટલું ટકાવી શકે? સિવાય કે એ પણ વૈશ્વીક દૃષ્ટિકોણ અપનાવી, એના ભાષકોની ન કેવળ સાહિત્યિક-સાંસ્કૃતિક બલકે વૈચારિક જરૂરિયાતોને પહોંચી વળવા સમર્થ બને. અને એ માટે એ સમાજ વિજ્ઞાનો, પ્રાકૃતિક વિજ્ઞાનોના આધુનિક જ્ઞાનના ભંડારથી પણ સમૃદ્ધ થાય. "વાચા" નામના અમારા દલિત સાહિત્યના મેગેઝિનનો મુદ્રાલેખ હતો : યા વાચા સા વિમુક્તયે. જે વાણીથી, જે ભાષાથી, જે વિદ્યાથી મુક્તિ મળે એને જ હવે તો માતૃભાષા બનાવશે દલિતો-શોષિતો. હું તો ઇચ્છું કે હર

ભગ્નપંખ પરીઓ

• કનુભાઈ સૂચક

ઘણી સેવા સંસ્થાઓ દ્વારા અનેક સારા કાર્યો થતાં હોય છે. ખાસ કરીને વૈદકીય સેવાઓ અને શૈક્ષણિક સેવાઓ તેમાં મુખ્ય હોય છે. સભ્યો તેમાં તન, મન અને ધનથી સહભાગી થતાં હોય છે. મોટા ભાગના આ સભ્યો વ્યવસાયમાં હોય છે એટલે તેમાંથી સમય કાઢી યથાશક્તિ પ્રદાન કરે. ખરેખર જોવાં જઈએ તો જગતમાં દુઃખની માત્રા એટલી બધી છે કે તે ઓછું કરવા કોઈ પણ પ્રકારે થતું પ્રદાન વખાણવું જોઈએ. આથી જુદાં એવાં મનુષ્યો, ભલે પ્રમાણમાં બહુ ઓછાં, પણ જોવાં મળે છે. આવાં લોકોએ પોતાની જાતને જ દુઃખીઓ માટે ઓગાળી દીધી છે. ધાર્યું હોત તો તેઓ પણ પોતાની સમૃદ્ધિ સાચવી બેસી રહી શકત. એવાં એક સેવા સંકુલમાં આપણે જઈએ જે જોવાથી આંખ ઠરશે પરંતુ પ્રમાણમાં ઓછાં જોવાં મળે છે તેવાં, જીવન અર્પી સેવા કરતાં, માણસો જોઈ હૈયું ઠરશે.

'મંથન અપંગ કન્યા સેવા સંકુલ.' ગુજરાતમાં ગાંધીનગર જિલ્લો, કલોલ તાલુકાનું હાજીપુર ગામ. દરવાજામાં પ્રવેશ પછી ડાબી બાજુએ ચાલતાં બાંધકામ નજરે પડે. મધ્યમાં અને જમણી બાજુએ નાના મોટા મકાન દેખાય. આંખને રુચે તેવું સ્વચ્છ સંકુલ. કન્યાઓ હોય ત્યાં કલબલાટ ન હોય તેની નવાઈ. શાંત વાતાવરણમાં કામમાં વ્યસ્ત બહેનો અને બાળાઓ બધે જ નજર પડે, પરંતુ સંકુલના મહેમાનોને શિસ્તબદ્ધ નમસ્કાર કરી તેમના કાર્યમાં લાગી જાય.

મધ્યાહ્ન સમય હતો. ધારણા કરતાં સંકુલ વિશાળ હતું. જેમ જેમ આગળ વધતાં ગયાં તેમ તેમ પ્રસંશાભાવથી મન પ્રસન્ન થતું હતું. આ સંકુલની બાળાઓ આપણે રોજબરોજ જેનાં સંસર્ગમાં આવીએ છીએ તેવી સામાન્ય નથી અને તેમ છતાં જે સહજતા સાથે તેઓ અહીં રહે છે તે એક અદ્દભુત અને સુભગ દર્શન છે. નાનકડી શરૂઆત કરી આજે આ સંસ્થા પાંચ એકર પરિસરમાં ચારસો જેટલી સંખ્યામાં બાળાઓને સાચવે છે. આ બાળાઓ પોલીઓ, અંધત્વ, બધિરતા, મૂંગાપણું, અસ્થિર મગજ, મંદબુદ્ધિ, અનેક પ્રકારની શારીરિક ખોડ અને ગરીબી સાથે લઈને અહીં આવી છે. અહીં તેમના ખંડિત જીવનને નવો આકાર આપવામાં આવે છે. અહીં આવ્યાં પછી તેમને ઘેર આવ્યાંની પ્રતીતિ થઈ છે. શબ્દોથી પર આ ભાવ તેમના મુખ પર જોવાં પ્રત્યક્ષ જવું પડે.

ક્યારેક કોઈ આવી સંસ્થામાં જવાનું થયું હોય તેમને અનુભવ હશે કે તેમાં રહેતાં બાળકો તરફ સંચાલકો 'બિચારા'-ભાવથી જોતાં હોય છે. અહીં નીરૂબહેન રાવલનું પ્રત્યેક બાળા તરફ તે તેમની પોતાની કૂખજણી દીકરી હોય તેવું સહજ સ્વાભાવિક વર્તન અનુપમ છે. નીરૂબહેન અને તેની સાથે કામ કરતાં સર્વે નિષ્ઠાવાન કાર્યકરો એક પરિવાર જેવાં લાગે છે. અપંગ કે મંદબુદ્ધિ બાળા દોડતી આવી નીરૂબહેનને ભેટે, તેમનો પાલવ પકડે, પાલવ પાછળ સંતાય તેવું અદ્દભુત દ્રષ્ય તમને વારંવાર જોવાં મળે. દરેક બાળાને સુઘડ નિવાસસ્થળ, તેમનાં સુઘડ કપડાં, પૌષ્ટિક ખોરાક, તેમને મળતી કેળવણીમાં વૈજ્ઞાનિક રીત. આ સહેલું નથી.

નિષ્ઠાવાન સંચાલકો દ્વારા ચાલતી અને આટલી સુંદર રીતે ચાલતી સંસ્થાને આર્થિક સહાય તો મળતી રહે છે પરંતુ ખર્ચની માત્રામાં સતત વધારો થતો રહે છે. સાધનોની ખોટ પડે છે. અહીં ગૌશાળા છે. જરૂરી સાધનો સહિતનું અને નિષ્ઠાવાન ડોક્ટરો સાથે દવાખાનું છે. પોલીઓગ્રસ્ત બાળાઓ માટે ફીજીઓથેરેપીની વ્યવસ્થા છે. અને તેનાં નિષ્ણાત કાર્યકરો છે. ૧૦માં ધોરણ સુધીની શાળા ચાલે છે. વધુ અભ્યાસ માટે પ્રોત્સાહન અને શક્ય સહાય અપાય છે. સાંસ્કૃતિક કાર્યક્રમોની કેળવણી અપાય છે. કોમ્પ્યુટરના વર્ગો ચાલે છે. આ બધાં માટે સંસ્થા ગરીબ માબાપો પાસેથી એક પણ પૈસો લેતી નથી. કાર્યકરોના વર્તનમાં ઉપકાર કરતાં હોય કે દયા દાખવતાં તેવો ભાવ નહિ. તેમને જે કામ કરવા તક મળી છે તેનો ઉત્સાહ દેખાય. આ એક અનન્ય વિશ્વ જ છે.

આ બાળાઓને સાંસ્કૃતિક કાર્યક્રમ રજૂ કરતી જોઈએ અને તે માટેનો તેમનો ઉત્સાહ અને વિશ્વાસ જોઈએ અને કરુણાથી ગદગદ ન થઈએ તો જ આશ્ચર્ય. અંગકસરત હોય કે અંગભંગી નૃત્ય કરતી આ બાળાઓની સ્ફૂર્તિ ફરકતાં અંગોથી નીતરતો અદમ્ય ઉત્સાહ આંખોને લ્હાણું અને હૃદયને આરામ અર્પે છે. સંકુલના પ્રાર્થનાખંડમાંથી આવતી સંગીતમય સૂરાવલી દ્વારા જીવનને પડકાર ફેંકતી આ બાળાઓ અને તેને સહાય કરતી આ સંસ્થા આપણાં સન્માનની અધિકારી છે. કદાચ આપણાં માટે પણ તે પડકાર હશે !! આ ભગ્નપંખ પરીઓ આકાશને આંબશે એવી આસ્થા બંધાય છે.

મેનાબા ચેરીટેબલ ટ્રસ્ટ, અમદાવાદ દ્વારા સંચાલિત આ સંસ્થા અંગે વધુ માહિતી માટે સંપર્ક : ૦૦૯૧ ૦૨૭૬૪ ૨૮૫ ૫૧૨-૨૮૫ ૧૮૮ E-mail : manthan_akss@yahoo.co.in Website : www.manthan.org

e.mail : kanubhai@hotmail.com

સૌ સૌના નસીબની વાત છે.... તારો હસબંડ ડીશો સારી કરે છે,
તો મારો હસબંડ રસોઈ સારી બનાવે છે!

કોઈ દલિત બાળક અંગ્રેજી માધ્યમથી જ ભણે, મધરટંગથી ય વિશેષ પ્રેમ કરે આ 'ઈંગ્લિશ' નામની ફૉસ્ટર મધરને. બલકે હું તો ઇચ્છું કે દલિતોની હવે પછીની બે-પાંચ પેઢીએ તેમની માતૃભાષા જ અંગ્રેજી થઈ જાય. પ્રિય માતૃભાષા, અમે તને અલવિદા કહીએ છીએ. અમે મહેનત કરીને પણ મુક્તિ અપાવે એવી ભાષા, સ્વમાન અપાવે એવી ભાષા શીખી લઈશું. લીલા ચરિયાણની શોધમાં દેશને તરછોડી ગયેલા આપણા ઉજળિયાત ડાયાસ્પોરાએ એમના વડવાઓની માતૃભાષા 'ગુજરાતી' છોડી દીધી, તો એન.આર.જીના કેવા સવાયા માનપાન પામે છે, મોદીસાહેબના હાથે ! સમય સંજોગોને કારણે પોતાનું હિત જોઈને પરદેશથી આવેલા પારસીઓએ પોતાની માતૃભાષા છોડી ને કેવી 'ગુજરાતી' અપનાવી લીધી, અને આજે 'સવાઈ ગુજરાતી' તરીકે અન્ય લઘુમતીઓથી વિશેષ સન્માનનિયતા-વિશ્વસનીયતા પામે છે ! હું તો કહું છું કે ગુજરાતી માતૃભાષા જ નહિ, આ ગુજરાત અને ભારત નામનો દેશ પણ વહેલા મોડા છોડી દો, અને એવા દેશમાં વસો જ્યાં સ્વતંત્રતા, સમાનતા, બંધુતાના મૂલ્યોથી નાગરિક જીવન જીવાતું હોય. પણ એવો દેશ તમને ક્યાં મળશે જ્યાં જ્ઞાતિ-વાયરસથી આભડેલો ભારતીય ડાયાસ્પોરા નહિ હોય? આ ઈન્ડિયન ડાયાસ્પોરાએ તો આખા જગતને અભડાવી મૂક્યું છે.

રાજ્યશાસ્ત્રના પ્રોફેસર જયંતી પટેલ મારી બેબસી અને પલાયનને જોઈ મને દીલાસો આપે છે : ભાષા તો ન્યુટ્રલ હોય છે, દરેક ભાષાને અર્થો તો એને બોલનારો સમાજ આપે છે. સાચી વાત, સમાનતા અને ભ્રાતૃત્વના મૂલ્યોમાં ન માનતો કોઈ પણ સમાજ એની ભાષાને મુક્તિ, સન્માન અને આનંદની ભાષા નહિ બનાવી શકે. અંગ્રેજી ભાષામાં પણ રેસિઝમની ભાષા ક્યાં જોવા નથી મળતી : અશ્વેત આફ્રિકનને હજી પણ કોઈક 'નીગર' કહીને બોલાવે છે. એટલે મૂલ્યોમાં નહિ માનતો ભાષક શિષ્ટ નહિ તો સ્લેંગમાં પણ ઝેર ઓકશે જ. એટલે આપણે 'ભાષા બચાવો' કે 'ભાષા શુદ્ધિ' અભિયાનથી ય પહેલાં સાચાં માનવમૂલ્યોની સ્થાપના માટે અભિયાન ચલાવવું વધારે આવશ્યક છે.

e.mail : neerav1950@gmail.com

વિપુલ કલ્યાણી : બ્રિટનની ગુજરાતી સાહિત્ય અકાદમીના માજી મહામંત્રી સાથેની ખાસ મુલાકાત

• દીપક બારડોલીકર

વિપુલ કલ્યાણી એક સારા, સોજ્જા પત્રકાર, સાહિત્યકાર અને વિશેષ તો યુનાઇટેડ કિંગડમની ‘ગુજરાતી સાહિત્ય અકાદમી’ના મહામંત્રી તરીકે જાણીતા છે. તેમના ખભે લટકતા ખલતામાં અન્ય કંઈ નહીં તો અકાદમીનાં પરિપત્રો, ઉપરાંત સામયિકો કે પુસ્તકો જરૂર હોવાનાં. – વાતો પણ સાહિત્યની, સાહિત્યકારોની, સાહિત્ય અકાદમીની. જાણે એ જ એમનું ઓઢાણું - પાથરણું.

ખાસ કરીને બ્રિટનમાં ગુજરાતી ભાષાને સતત વિકસતી અને પાંગરતી રાખવા ખાતર તેઓ આજ પર્યંત કાર્યશીલ રહ્યા છે. તેમણે સાહિત્યની મહેફિલો કે માત્ર મુશાયરા નથી યોજ્યાં. બલકે ભાષાની જાળવણી અને વિકાસ ખાતર શિક્ષણ વર્ગો ચલાવ્યા છે ને પાઠ્યપુસ્તકો તૈયાર કરવા - કરાવવા તથા શિક્ષકો પેદા કરવા જેવાં નક્કર કાર્યો પણ કર્યાં છે. ડાયસ્પોરિક સાહિત્યનાં સંપાદનો પણ કર્યાં છે.



વિશેષમાં સાહિત્યકારો જે કંઈ લખે તે છપાતું રહે અને તેમને પ્રોત્સાહન મળે એ દૃષ્ટિએ તેઓ છેલ્લાં 17 વર્ષથી “ઓપિનિયન” માસિક પ્રગટ કરી રહ્યા છે - એક પણ જાહેરખબર લીધા વિના.

એમની પાસે ત્રણ દેશોના અનુભવો છે - ભારત, ટાન્ઝાનિયા અને બ્રિટન. વળી ગાંધીવાદી છે. એટલે વાતો પણ મજાની કરે છે. ચાલો, આપણે એમની સાથે થોડી ગપસપ કરીએ અને જાણીએ કે અકાદમી દ્વારા તેમણે બ્રિટનમાં શું શું સિધ્ધ કર્યું છે.

•

દીપક બારડોલીકર : વિપુલજી, તમને ગુજરાતી ભાષાની ઘણી ચિંતા હોય એમ લાગે છે. ‘ગુજરાતી સાહિત્ય અકાદમી’ના મહામંત્રી તરીકેની તમારી કામગીરી તથા તમારું સામયિક “ઓપિનિયન” એના બોલતા પુરાવા છે. પણ અહીં સવાલ આ છે કે ગુજરાતી, અહીં બ્રિટનમાં - યુરપમાં જીવશે કે કેમ એની ચિંતા તમે શા માટે કરો છો ? ક્યા કારણો છે ?

વિપુલ કલ્યાણી : દીપક સાહેબ, આદાબ ! … દોસ્ત, ‘ચિંતા’ શબ્દ અહીં અસ્થાને છે. તળ ગુજરાતમાં જ જ્યાં ડામાડોળ હાલત હોય, ત્યારે અહીં પરિઘે ઝાઝું શું કરી શકાય ? કેટલું કરી શકાય ? હા, ગુજરાતી સાહિત્ય, ભાષા તથા સંસ્કૃતિનો વ્યાપ અહીં થાય અને તેનાં વિધવિધ સંવર્ધન માટે નાનાંમોટાં જે કામો થાય તે કરીએ. બ્રિટનમાં અંગ્રેજીનો જ પરચમ પૂરી કાઠીએ છે. યુરપમાં, વળી, જે તે દેશની ભાષાનું રાજ કેન્દ્રવર્તી છે. પરિણામે, આ સમૂહમાં જે ગુજરાતી કોમ વસી છે, તે માંહે ગુજરાતી પ્રત્યેની સમજણ અને લગાવ આવે તેવી સમજણ કેળવી છે અને તે અનુસારનાં કામો કરતો રહ્યો છું.

દી.બા. : તમે દર્શાવેલાં કારણો સાથે અહીંનો ગુજરાતી ડાયસ્પોરા સંમત હોય એમ તમને લાગે છે ? અગર સંમત હોય તો સક્રિય સહકાર કેટલો ? જબાની જમા-ખરચ જેવું કે સભામાં તાળીઓ પડાવવા પૂરતું તો નથી ને ?

વિ. ક. : મને લાગે છે કે વત્તેઓછે સંમતિ વર્તાય છે. મર્યાદિત અને સીમિત સહકાર સતત રહેલો જ છે. આ ‘જબાની જમા-ખરચ’ દરેક જગ્યાએ અને દરેક બાબતે ચપટીમુઠ્ઠી જોવા મળી શકે. આરંભથી તેવો તેવો અનુભવ ચોક્કસપણે થતો રહ્યો હતો. જ્યારે જ્યારે સાતત્ય અને નિષ્ઠા દેખા દે છે, ત્યારે ત્યારે સમાજ થાય તેટલું કરી છૂટે છે. અને સમાજમાં સૌ પ્રથમ નીચલી પાયરીએ બેઠેલી જમાત અગ્રસૂરિ છે. ઇતિહાસ પણ આવી આવી સાહેદી પૂરે છે. સદ્નસીબે, આ કામોને ય નાનોમોટો સામાજિક હૂંફટેકો મળ્યાના પોરસાવતા અનુભવ છે.

દી.બા. : ગુજરાતીને સારો એવો તાજો પ્રાણવાયુ મળે અને તે ઝડપભેર ચાલવા, દોડવા લાગે એ વિશે અકાદમીએ કયાં પગલાં લીધાં છે ? ઇતિહાસ ઉખેડવાની જરૂરત નથી. મુખ્ય મુદ્દા દર્શાવશો તો ચાલશે.

વિ. ક. : અકાદમીએ, સતત તેમ જ સાર્વત્રિક, વિચારવિમર્શ કરી, ગુજરાતી ભાષાશિક્ષણ માટેની પીઠિકા તૈયાર કરી. તેમાં દિવંગત પોપટલાલ જરીવાળાની ભૂમિકા અગ્રગામી રહી. એમણે ડાયસ્પોરાની જમાતમાં ગુજરાતી શીખવવા માટેનો એક અભ્યાસક્રમ ઘડીને આપ્યો. તદુપરાંત, તેને આધારે પાઠ્યક્રમ તૈયાર કરી આપ્યો. તેની આધારશીલા પર, પોપટલાલ જરીવાળા સરીખા ભાષાવિદ્‌ની સક્રિય દેખભાળ મુજબ, છ પાઠ્યપુસ્તકોની શ્રેણી ઊભી થઈ. સંપાદક જગદીશ દવેના સહકારમાં આ પુસ્તકો પ્રગટ થયાં. શિક્ષકોને તાલીમ આપવાની યોજના ઘડાઈ અને તેને આધારે ૪૦૦/૫૦૦ જેટલાં ગુજરાતી શિક્ષકોને તાલીમ અપાઈ. અને પાંચપાંચ સ્તરની પરીક્ષાઓનું નક્કર, જોમવાન આયોજન થયું. આ સઘળું અઢાર અઢાર વરસ લગી સુપેરે ચાલતું રહ્યું. અકાદમીની પરીક્ષાઓ યુનાઇટેડ કિંગડમ ઉપરાંત, યુરોપના બે’ક દેશોમાં તેમ જ પૂર્વ આફ્રિકાના કેન્યા દેશમાં ય લેવાતી હતી. અકાદમીએ આપ્યાં પુસ્તકો આજે ય ભારત સમેતના વિધવિધ મુલકોમાં ચાલે છે, તે તેની લબ્ધિ છે.

દી.બા. : અકાદમીનાં એ પગલાંને ગુજરાતી સમાજ તરફથી પ્રતિભાવ કેવો મળ્યો ? પરિણામ વિશે કંઈક કહેશો ?

વિ. ક. : સારો. એક તબક્કે ગ્લાસગોથી બ્રાઇટન, અને કાર્ડિફથી નૉરિચ વચ્ચેના ગામોમાં, નગરોમાં અકાદમીનું આ આંદોલન પલોંઠ લગાવીને બેઠું હતું. આ અઢારેક સાલમાં ઓછામાં ઓછી પરીક્ષાર્થીઓની સંખ્યા છસ્સો ઉપરાંતની હતી, અને વધારેમાં વધારેનો આંક બારસો ઉપરાંતનો થયેલો. આટઆટલાં પરીક્ષાર્થીઓ, તેમનાં વાલીઓ તેમ જ જે તે સંસ્થાઓના આગેવાનો સાથેનો તે જીવંત સંપર્ક, તે હૂંફાળો ઘરોબો તે મોટી મિરાત છે. હકીકતમાં તો વિરાસત પણ. આજે ય તે દિવસોની વાત કરનારાઓ ચોમેર જડી આવે છે. સંસ્કૃત ઉક્તિ ટાંકીને કહી શકાય – તે હિ નો દિવસાઃ … …

દી. બા. : અકાદમીની આ પ્રવૃત્તિ સાથે બ્રિટનમાંનો હિન્દુ ગુજરાતી સમાજ બરોબર સંકળાયેલો રહ્યો લાગે છે. મુસ્લિમ ગુજરાતી સમાજ અલિપ્ત રહ્યો હોય એમ મને લાગે છે. તમે શું માનો છો ? કયાં કારણો હોઈ શકે ?

વિ. ક. : અકાદમીની પ્રવૃત્તિઓને ક્યારે ય ‘હિન્દુ’, ‘મુસ્લિમ’, ખ્રિસ્તી’, કે પછી એવા તેવા ધાર્મિક વાડાવાળા ચોકઠામાં મૂકેલી નહીં. અકાદમીનું બંધારણ જ, સહજ સ્વાભાવિક, આથી પર ઊઠીને સમગ્ર ગુજરાતી સમાજને આવરતું આવ્યું છે. સમાજનું કોઈ કોઈ અંગ, કદાચ, અલિપ્ત રહ્યું હોય, તો કારણે જે તે અંગોની કોઈક મર્યાદાઓ હોય તેમ પણ બને.

દી. બા. : અહીંનો મુસ્લિમ ગુજરાતી સમાજ અકાદમીની ધમધોકાર પ્રવૃત્તિઓથી ઘણું કરીને અલિપ્ત રહ્યો છે એમ તમને લાગે છે ખરું ?

વિ. ક. : અકાદમીની બંધારણમંડિત પ્રવૃત્તિઓમાં સમગ્રનો પીંડ હોવા છતાં, તે આદર્શ ઘણી બધી વખત વ્યવહારમાં ઊણો ઉતર્યો છે. સ્થાનિક ગુજરાતી કોમના દરેક અંગને આવરવાનું શક્ય બન્યું નથી. અને તેને સારુ અનેક પ્રકારના નિગ્રહો રહ્યા. અવસરે અવસરે મુસ્લિમ ગુજરાતી સમાજનું પ્રતિનિધિત્વ રહ્યું છે પણ ટકાવારી પોરસાવે તેવી નથી.

ઉત્તર ઈંગ્લૅન્ડમાંની સાંપ્રત સાહિત્યિક પ્રવૃત્તિઓમાં સામેલ થવાનું બન્યું. એ જૂથ પણ અકાદમીના એવા તેવા દરેક અવસરે પૂરેવચ્ચ સામેલ. બસ, તેથી વિશેષ નહીં. મુશાયરા પ્રવૃત્તિ સિવાયનાં બીજાંત્રીજાં કામોથી આ જૂથ પર હોય તેવો અનુભવ સતત રહ્યો.

દી.બા. : અકાદમીની સ્થાપના ક્યારે, કેવા સંજોગોમાં થઈ હતી ? એના મુખ્ય સ્થાપક સભ્યોનાં નામ આપશો ?

વિ. ક. : ૧૨ ફેબ્રુઆરી ૧૯૭૭. તેને આજે ૩૫ વર્ષ થઈને રહ્યાં. આ દેશમાં, તે વેળા, છૂટાંછવાયાં કામો અને પ્રવૃત્તિ થયાં કરે. લૅંકેશર વિસ્તારમાં ‘ગુજરાતી રાઈટર્સ ગિલ્ડ’ તે દિવસોમાં ય અસ્તિત્વમાં અને તેની નિશ્રામાં

મુશાયરા પ્રવૃત્તિ થયા કરે. "ગરવી ગુજરાત", "ગુજરાત સમાચાર", "નવ બ્રિટન" અને "અમે ગુજરાતી" જેવાં ગુજરાતી સામયિકો પોતાની ગતે હીંડયાં કરે. લંડનના પરિસરમાં તે દિવસોમાં, 'ગુજરાતી સાહિત્ય મંડળ' ક્રિયાશીલ. પણ ક્યાં ય સંધાણ નહીં. કવિઓ, લેખકો અને લહિયાઓની જમાત ચોમેર. ગુજરાતી ભાષા શીખવવાના અનેક જગ્યાએ વર્ગો ચાલે. 1964થી તો લેસ્ટર ખાતે 'ઇન્ડિયન એજ્યુકેશન સોસાયટી' હેઠળ ત્રણેક નિશાળો સપ્તાહઅંતે ધમધમ્યા કરતી. તેવું જ કૉવેન્ટ્રી મધ્યે પણ. લંડનનાં વિવિધ પરાંઓમાં કેટકેટલી સંસ્થાઓ ગુજરાતી શિક્ષણનું કામ કરતી. પરંતુ તે વચ્ચે એકવાક્યતા ભાસે નહીં. આવાં આવાં વાતવરણ વચ્ચે, ગુજરાતી સાહિત્યનાં વિવિધ પાસાંઓ તેમ જ પ્રવૃત્તિઓને વેગ આપવા, ગુજરાતી ભાષાની અસ્મિતાનો વિકાસ કરવા અને ગુજરાતી સંસ્કૃતિના પ્રસાર પ્રચારને સારુ, 'ગુજરાતી સાહિત્ય અકાદમીની સ્થાપના કરવામાં આવી. ટૂંકામાં કહીએ તો 'ગુજરાતી સાહિત્યકારો અને સાહિત્યરસિકોને સંકલિત તેમ જ સંગઠિત કરતું મંડળ' એટલે ગુજરાતી સાહિત્ય અકાદમી.

દિવંગત ડાહ્યાભાઈ પટેલ, દિવંગત કુસુમબહેન શાહ, નિરંજનાબહેન દેસાઈ, પંકજભાઈ વોરા, કાન્તિભાઈ નાગડા, યોગેશભાઈ પટેલ અને વિપુલ કલ્યાણી અકાદમીનાં મુખ્ય સ્થાપકો છે.

દી.બા. : અકાદમીનાં બંધારણને ક્યારે, કોના અધ્યક્ષપદે મળેલી સામાન્ય સભાએ મંજૂરી આપી હતી ? – આ પ્રશ્ન એટલા માટે કે અહીં ઘણી ગુજરાતી સંસ્થાઓ ક્યાં તો કાયદેસરના બંધારણ વિના યા 'હું - તું ને મકનિયા'એ ઘડી માન્ય રાખેલા એકહથ્થુ બંધારણ હેઠળ કામ કરી રહી છે. પાટિયા સંસ્થા ! જો કે અકાદમી એવી લેભાગુ સંસ્થા નથી જ. પણ એના બંધારણની હકીકત વિશે ફોડ પાડો તો તે અમને ગમશે.

વિ. ક. : સન 1984ના અરસામાં અકાદમીનું બંધારણ સ્વીકારાયું અને તેને ચેરિટી કમિશનને ચોપડે નોંધી દેવાયું. ત્યારે યોગેશભાઈ પટેલ પ્રમુખસ્થાને હતા. યોગેશ પટેલના વડપણ હેઠળ મળેલી અકાદમીની સામાન્ય સભાએ તેને સર્વાનુમતે સ્વીકાર કરેલો. દિવંગત પોપટલાલ જરીવાળા, દિવંગત જીતેન્દ્ર ધ્રુવ, વિપુલ કલ્યાણીની પેટા સમિતિએ તૈયાર કરેલું આ બંધારણ, વધુ એક વાર, નજીવા સુધારાવધારા પામ્યું હતું. ત્યારે પોપટલાલભાઈ પ્રમુખસ્થાને હતા. જ્યારે એમના ઉપરાંત લાલજીભાઈ ભંડેરી તથા વિપુલ કલ્યાણીની પેટા સમિતિએ તેને આખરી સ્વરૂપ આપેલું, જે ઇંગ્લૅન્ડના કમ્પની રજિસ્ટરમાં પણ હવે દાયકા, દોઢ દાયકાથી વિધિવત્ સ્થાન પામ્યું છે.

દી.બા. : વિપુલજી, અકાદમીનું મહામંત્રીપદ તમે ક્યારે - કઈ સાલમાં સંભાળ્યું હતું ? નિવૃત્ત ક્યારે થયા ?

વિ. ક. : સન 1978ના અરસામાં. આરંભે તે પદને 'મંત્રી' નામ હતું, 1984થી તેને 'મહામંત્રી' નામ અપાવું શરૂ થયું. અને સન 2010ના માર્ચ અંતે હું નિવૃત્ત થયો.

દી.બા. : તેંત્રીસ વર્ષ ?! આ તો અડધી જિંદગી કહેવાય ! આટલી પ્રલંબ સેવા ?! થાકી ગયા હશો, ખરું ને ?

વિ. ક. : થાક ? શેનો થાક ? … મનમગતી પ્રવૃત્તિ કરવા સારુ થાક ન હોય, તેનો આનંદ હોય. હા, ક્યારેક તેનો ભાર અનુભવાય, પણ એટલું વિચારીએ કે ધૂંસરી સ્વીકારી, તે વેળા હું 37નો હતો; નિવૃત્ત થયો ત્યારે 70નો ! તેથી ફેર તો પડે ને ? યુવાનીની સામે જૈફ વય તો હાંફી જ જાય ને ?

દી. બા. : વાહ ! અરધી જિંદગી અકાદમી પાછળ ગુજાર્યા પછી પણ તમે હકડેઠઠ લાગો છો. "ઓપિનિયન"નાં પાનાં પર પાનાં ભર્યે રાખો છો ! ક્યાંક કોઈક પહાડી પ્રદેશમાં શાંતિથી પલાંઠી વાળીને બેસવાની ઇચ્છા નથી થાતી ?

વિ. ક. : આપણા સાંઈ કવિ મકરન્દ દવે ગાય છે ને :

ગમતું મળે તો અલ્યા, ગુંજે ન ભરીએ
ને ગમતાંનો કરીએ ગુલાલ.

બસ … કાંઈક આવું જ ! … હૅરોના ટીંબા હેઠળ, ખીણપ્રદેશમાં, વનરાઈ વચ્ચે, પલોંઠ લગાવી જ છે, દોસ્ત ! અને મારી ચોપાસ, ચોગરદમ, નગર વિસ્તર્યું દેખું છે. આ નગરસંસ્કૃતિમાં ખરડાયા વિના, મારું કામ કર્યા કરું છું. અને લાગે છે કે કોઈ પહાડી ઈલાકામાં સ્થળાંતર કરી જવાની નોબત હજુ સુધી બજતી નથી, બજવાની ય નથી !

હવે તો સાંજ પડી છે, સૂરજ આથમવા તરફ જઈ રહ્યો છે. પશુપંખી પોતાના પરિચિત સ્થાને વળી રહ્યાં છે. અંધારપટ વિસ્તરી જવામાં છે. અને જાત સાથેની જાતરાની નિશાની દેખાડતી કેડીએ આનંદે, સંતોષે પડવાની નેમ રાખી છે.

દી.બા. : અકાદમીના ઉપક્રમે, અત્યાર સુધીમાં પરિષદો કેટલી યોજવામાં આવી ? ક્યાં - ક્યાં અને કોના - કોના અધ્યક્ષપદે ? સાલ પણ દર્શાવશો ?

વિ. ક. : આજ પર્યન્ત આઠ 'ભાષા - સાહિત્ય પરિષદો' યોજાઈ છે.

પહેલી વેમ્બલીમાં, સન 1979માં, બળવંત નાયક અધ્યક્ષસ્થાને હતા. બીજી પરિષદ લેસ્ટર ખાતે મળેલી, 1983માં, જ્યારે દિવંગત ભાનુશંકર

શોધી શકું તો ~

• 'સોનેરુ'

ચંદરવા લક્ષ જ્યોતિ તણા આભે રચાતા
ને વ્યોમની વાટ પર હું મીટ માંડું,
તારલો તવ ચિત્તે વસ્યો હશે જે, બસ, તેને શોધી શકું તો.

મુસાફર આ ખલ્કના ને એ મુલ્કના રુકે જે મારે મુકામે,
ખોજતો હું એકાદને જેહના શ્વાસે હશે પીધી સુગંધ તારી,
મુજ પરિમલ મહીં ગંધ એ જરીક સીંચી શકું તો.

વીંઝણા વાયુ તણા લહેરાય ચોદિશથી,
ને વદન પર લહેરખી એક ઝીલવા હું મથું,
એ લહરપટ પર સંદેશ તારો વાંચી શકું તો.

પથપથે ભમંતો–ઘૂમંતો હું નિરુદ્દેશે,
કો ગાનમાં ગુંજશે નામ તારું એ જ આશે;
ચોતરફ ચહેરા બધા નીરખી લઉં,
કાશ, તવ નૂરને લોચન મહીં અલ્પ આંજી શકું તો.

[11મી – 12મી સદીના આરબ કવિ અબુ બક્ર અલ-તુર્તુશીના કાવ્યના કોલા ફ્રાંઝેને કરેલા અંગ્રેજી અનુવાદ ઉપરથી અનુસર્જન]

*

Absence

Every night I scan the heavens with my eyes
Seeking the star that you are contemplating.

I question travellers from the four corners of the earth
Hoping to meet one who had breathed your fragrance.

When the wind blows I make sure it blows in my face :
The breeze might bring me news of you.

I wander over roads without aim, without purpose.
Perhaps a song will sound your name.

Secretly I study every face I see
Hoping against hope to glimpse a trace of your beauty.

Abu Bakr al-Turtushi
Eastern Andalusian, 1059-1126
Translated by Cola Franzen

ઓધવજી વ્યાસ અધ્યક્ષસ્થાને હતા. ત્રીજી પરિષદ મળી વેમ્બલી ખાતે 1988 દરમિયાન જ્યારે ડાહ્યાભાઈ પટેલ અધ્યક્ષસ્થાને હતા. ચોથી બર્મિંગમમાં સન 1991 વેળા મળેલી અને અધ્યક્ષસ્થાને હતા દિવંગત પ્રાણલાલ શેઠ. પાંચમી પરિષદ ફરી પાછી વેમ્બલીમાં સન 1994માં મળેલી અને ભીખુ પારેખ અધ્યક્ષસ્થાને હતા. બ્રેડફર્ડમાં સન 2000 વેળા મેઘનાદ દેસાઈના અધ્યસ્થાને પરિષદ બેઠી હતી. લંડનના ઉત્તરીય પરાં ફિન્ચલી ખાતે, સન 2005માં દીપક બારડોલીકરના અધ્યક્ષસ્થાને સાતમી પરિષદ બેઠી હતી. અને તે પછી, છેલ્લી અને આઠમી પરિષદ સન 2009માં દક્ષિણ ઈંગ્લૅન્ડના ક્રૉયડનમાં નિરંજના દેસાઈની અધ્યક્ષતામાં સમ્પન્ન થઈ હતી.

દી.બા. : અકાદમીના ઉપક્રમે મુશાયરા, નાટક, કૃતિવાંચનસભા, વગેરે પણ યોજાતાં રહ્યાં હશે. અને પ્રકાશનો ? નોંધવા યોગ્ય વિગતો આપશો ?

વિ. ક. : બેલાશક. ગુજરાતી સાહિત્ય અકાદમીએ છ પાઠ્યપુસ્તકો પ્રગટ કર્યા છે. વેલિંગબરૉસ્થિત 'બીદ એન્ટરપ્રાઈઝીઝ'ના સાથમાં, મુંબઈસ્થિત 'નવભારત સાહિત્ય મંદિરે' આ પાઠ્યપુસ્તકો પ્રકાશિત કરેલાં. અને 'આચમન' નામે ડાયસ્પોરિક સાહિત્યસંગ્રહની ચોપડી પણ અકાદમીએ આ પ્રકાશન સંસ્થા વાટે પ્રકાશિત કરી છે. આ સંગ્રહનું સંપાદન અનિલભાઈ વ્યાસ તથા રમણભાઈ પટેલે કરેલું.

નિર્મિશ ઠાકરની નજરે દીપક બારડોલીકર

દી.બા. : અહીંના સાહિત્યકારો વિશે તમારો 'ઓપિનિયન' શો છે ? એ લોકો ગુજરાતી સમાજ અને ગુજરાતી ભાષાને એકમેક સાથે સાંકળી રાખવામાં નોંધપાત્ર ભૂમિકા ભજવી શકશે એમ તમને લાગે છે ?

વિ. ક. : હૂંફાળો. પરંતુ દરેક લેખક, કવિ અને લહિયો સાહિત્યકાર ન હોઈ શકે. કેટલાકને પોતાની મર્યાદાઓ પણ હોવાની. તેમ છતાં, ભાનુશંકર ઓધવજી વ્યાસ, બળવંત નાયક, અંજુમ વાલોડી, ડાહ્યાભાઈ પટેલ, યોગેશ પટેલ, નિરંજના દેસાઈ, વિનય કવિ, દીપક બારડોલીકર, અદમ ટંકારવી, 'ખય્યામ', મહેક ટંકારવી, સૂફી મનુબરી, અહમદ ગુલ, વલ્લભ નાંઢા, કુસુમ પોપટ, અનિલ વ્યાસ, પંચમ શુક્લ જેવાં જેવાં સાહિત્યકારોની કલમે વિલાયતી ઢોળ આવી મળ્યો છે. જ્યારે બીજાં અનેકોએ ચાનક દર્શાવી છે અને તેમાં જગદીશ દવે, ધીરજ શુક્લ, શાંતશીલા ગજ્જર, રજનીકાન્ત ભટ્ટ, ટી. પી. સૂચક, ભાનુબહેન કોટેચા, રજનીકાન્ત જે. મહેતા, રમેશ પટેલ 'પ્રેમોર્મિ', રમણભાઈ પટેલ, કદમ ટંકારવી, ફારૂક ઘાંચી, વનુ જીવરાજ, સિરાજ પટેલ, જિગર નબીપુરી, પ્રેમી દયાદરવી, મુલ્લા હથુરણી, ઉપેન્દ્ર ગોર, પ્રફુલ્લ અમીન, પંકજ વોરા અને ભારતી વોરા જેવાં જેવાં સોહે છે. વળી, ડાહ્યાભાઈ નાનુભાઈ મિસ્ત્રી, ભદ્રા વડગામા, આશા બુચ જેવાં જેવાં ઝડપે આ જૂથમાં સહજ સામેલ થવાને થનગની રહ્યાં છે.

એ લોકો ગુજરાતી સમાજ અને ગુજરાતી ભાષાને એકમેક સાથે સાંકળી રાખવામાં નોંધપાત્ર ભૂમિકા ભજવી શકશે એમ સ્પષ્ટ દેખાતું નથી. હું બહુ આશાવાદી નથી. ગુજરાતી સમાજની વાત છાંડીએ, ગુજરાતી ડાયસ્પોરિક સાહિત્યને ક્ષેત્રે એ દરેકનું તપ ઉમેરાય તો ય લાંબા અરસા સુધી, નાચ્યા કરવાનું જ મન થાય. આમાંનાં ઘણાંએ હજુ તે તરફની શક્તિ ખીલવવાની બાકી છે. તે દરેકને ઈચ્છાશક્તિનું આવું બળ મળજો !

દી. બા. : મેદાનમાં ઊતરેલા ઘણા સાહિત્યકારોનાં નામ તમે આપ્યાં, એમનામાંના કેટલાક ગ્રંથકાર પણ ખરા. આ ડાયસ્પોરિક ગ્રંથકારોના ગ્રંથો - પુસ્તકોની કોઈ યાદી તમે રાખી છે ખરી ? – કેટલાક નોંધપાત્ર ગ્રંથોનાં નામ આપશો ?

વિ. ક. : હા. મોટા ભાગનાં પુસ્તકો વસાવ્યાં છે. ભાનુશંકર ઓધવજી વ્યાસ, બળવંત નાયક, યોગેશ પટેલ, દીપક બારડોલીકર, અદમ ટંકારવી, પન્ના નાયક, આદિલ મન્સૂરી, મધુ રાય, આનંદરાવ લિંગાયત, હરનિશ જાની સરીખાં તપેશરીઓનાં પુસ્તકો છે. આ સૌ મારા માટે અગત્યના ઓજારો છે. આ ગ્રહમાળાનાં મણકા. તે દરેકનું તેજ પ્રકાશ પાથરતું રહ્યું છે.

દી. બા. : તમારા ઘરમાં, અકાદમીના ઉપક્રમે ગુજરાતથી વિદ્વાનોની અવરજવર રહેતી હતી. તેમનું માર્ગદર્શન અકાદમીની પ્રવૃત્તિમાં ઉપયોગી થયું હશે અને તેના પ્રકાશમાં તમે આયોજનો કર્યાં હશે એમ હું માનું છું. આ સંદર્ભે તમે શું કહેશો ?

વિ. ક. : હા. આ દરેકનું માર્ગદર્શન ઉપયોગમાં લેવાયું છે. જ્યાં જ્યાં બન્યું ત્યાં ત્યાં તેને કાર્યાન્વિત પણ કરેલું છે. આથી અકાદમી, અકાદમીની પ્રવૃત્તિ તેમ જ વ્યક્તિ તરીકે હું રસકસે રસાયા, સમૃદ્ધ બન્યા અને વિકસ્યા.

દી. બા. : તમે એક વાર અકાદમીભવન બનાવવાની જાહેરાત કરી હતી. ફંડફાળા પણ થયેલા. એ મહત્ત્વાકાંક્ષી યોજના હાલ શી સ્થિતિમાં છે ?

વિ. ક. : સુષુપ્તાવસ્થાએ. ખેતર ખેડાયેલું પડ્યું છે, પરંતુ આ અનાવૃષ્ટિના દિવસો છે. ચાસમાં જો ખાતર પૂરાય, પાણીનો સ્રોત જો આવી મળે, તો સોળ વલ્લી પાક ઊતરે તેમ છે ! … ખેર ! … તે દિવસના ઓરતામાં ય વીંટળાયેલો ભાળું !!

દી. બા. : તમે કોઈક આફ્રિકન દેશમાં અને મુંબઈમાં પણ હતા. છેલ્લાં પાંત્રીસેક વર્ષથી લંડનમાં છો. આ ત્રણ દેશોના અનુભવો અને પત્રકારત્વ - સાહિત્ય તરફ ક્યારે કેવા સંજોગોમાં વળ્યા એ વિશે કશું લખવા ધાર્યું છે ? ક્યારે લખશો ?

વિ. ક. : આફ્રિકે ટાન્ઝાનિયા હતો. થોડોક મુંબઈ રહ્યો. હાલ વિલાયત. આસામી સાહિત્યસ્વામી ભૂપેન હઝારિકાનું આ ગીત, અહીં, બંધબેસતું આવે :

આમી એક જાજાબૉર, આમી એક જાજાબૉર,
પૃથિબિ અમાકે અપૉન કોરેચય,
ભૂલયચી નિજેર ઘર …
આમી એક જાજાબૉર, આમી એક જાજાબૉર.

(આવાર હું, હાં, આવાર હું / જમીન પે ચલતે, છલકતે, બહેતે / દરિયા કી ધારા હું / આવાર હું, હાં, આવારા હું …)

વણજારાની જેમ જીવન વીત્યું છે. તેની રઝળપાટ જેમ બીજાને થઈ હોય તેમ હું ય તેનો માર્ગી. કાંઈ નવું નહીં. અને છતાં તેમાં નકરો મારો નિજી અનુભવ દેખા દે; ક્યાંક અલાયદા નિરીક્ષણો ય હોય … આથી તો, ક્યારેક મેળ પડે તો લખવાનો મનસૂબો જરૂર. આંખ મીંચાય તે પહેલાં અક્ષરો માંડવાના મનોરથ !!

દી.બા. : અહીંના સાહિત્યકારોની કલમ અમદાવાદી ખડિયામાં બોળાઈને લેખન કરી રહી છે એમ તમે નથી લાગતું ?

વિ. ક. : ક્યારેક લાગે છે કે તમે સાચા હશો કેમ કે હજુ એક પ્રધાન વર્ગ અહીં લખે કે ગુજરાતના પરિસરમાં, કોઈ ફેર પડતો હોય તેમ લગીર લાગતું જ નથી.

દી.બા. : ગમે એમ પણ અકાદમીએ નક્કર કાર્યો ઘણાં કર્યાં છે. વળી, તમારા સાથી સાહિત્યકારોની સર્જન પ્રવૃત્તિ પછી તમને શું લાગે છે ? બ્રિટનમાં આજે ગુજરાતી ક્યાં ઊભી છે ? શું તે અહીં યુરપમાં જીવી શકશે ? કેમ કે આજે તો છોકરાં આવું ગુજરાતી બોલે છે : 'ભજિયાં રેડી છે. ટ્રાય ઈટ, બહુ નાઈસ છે.'

વિ. ક. : એવા એક ચોખંભે કે જ્યાંથી ગુજરાતીનો કેડો ધૂંધળો થતો લાગે છે. કોઈક રડ્યાખડ્યા ઓલિયા ગુજરાતી લિપિ વાટે લખતા જરૂર હશે કેમ કે તેની કુમકે કમ્પ્યૂટર તથા ઈન્ટરનેટની સહાય હશે. ઘડીના છઠ્ઠા ભાગે જ તળ ગુજરાત સાથે, જગતમાં અહીંતહીં તે ઘૂમી વળતા હશે. આમ, મારી માદરી જબાનમાં લખનારા કોઈક વીરલા, એકલવીર, અહીં પણ હોવાના તેની ખાતરી.

ગુજરાતી શિક્ષણ માટે મને રળિયાત ચિત્ર વર્તાતું નથી.

દી.બા. : તમને નથી લાગતું કે આ પ્રલંબ પ્રવાસમાં એક અગત્યનું પગથિયું ચૂકી જવાયું છે ?

વિ.ક. : કયું પગથિયું ?

દી.બા. : બ્રિટનમાંના ગુજરાતી ડાયસ્પોરાની ભાષાકીય વાસ્તવિક જરૂરિયાતનું પગથિયું. ભાષાનાં સ્વરૂપ પ્રદેશની આબોહવા, માહોલ અને મુખ્ય ભાષાપ્રવાહનો સ્પર્શ ઘડે છે એ હકીકત અહીંની ભાષાકીય પ્રવૃત્તિમાં ભૂલી જવામાં આવી છે. અહીંનો આવતી કાલનો ગુજરાતી અમદાવાદની ગુજરાતી નહીં બોલી શકે, લખી-વાંચી શકે. તમારું શું માનવું છે ?

વિ. ક. : આ પગથિયું જ હાંફ ચડાવી જાય તેવું છે ! તળ ગુજરાતમાં બોલાતું આજનું ગુજરાતી પણ અહીં બહોળા વર્ગને આજે અઘરું પડતું હોય તેમ લાગે છે. ત્યાં પણ પાતળી પરિસ્થિતિ દેખા દે છે; અને જોડાજોડ અહીં પણ. છેવટે, ભાષામાં ય પરિવર્તન આવવાનું છે. આપણે નવનવ સૈકાથી આ જોતા, વાંચતા રહ્યા છીએ જ ને ? દોસ્ત, અહીં પરિઘે તો ભારે ઘસાતું ચિત્ર રહેવાનું છે. અને તે કુદરતનો સહજ ક્રમ છે. આફ્રિકાના મુલકોનો આવો અનુભવ મેં દીઠો છે. પાકિસ્તાનનો અનુભવ તમે જાણો છો. વિલાયત સમેત યુરપ અને અમેરિકામાં હળવે હળવે સૂરજ આથમતો જવાનો છે તે વાત નક્કી.

ભાષાને વેપારવણજનો, સાંસ્કૃતિક અવસરોનો સક્રિય હૂંફટેકો રહ્યો હોત, તો કદાચ પરિસ્થિતિ પોરસાવનારી બની શકી હોત. તમારા અને મારા મિત્ર ચંદ્રકાન્ત બક્ષીને આ એક અરસાથી વર્તાતું રહેલું અને તે મિષે એમણે હયાતી વેળા લખ્યા કરેલું. … ખેર !

દી. બા. : ગાંધીવાદમાં ફક્ત માનો છો કે શ્રદ્ધા ધરાવો છો ? – ગાંધીવાદમાં જીવનસાફલ્ય જેવું કશું લાગે છે ખરું ?

વિ. ક. : દોસ્ત, મને 'વાદ'માં રસ નથી, 'વિચાર'માં રસ છે, શ્રદ્ધા છે. ગાંધીવિચારનું મને બચપણથી આકર્ષણ રહ્યું છે. વય સાથે તેની પાકટતા વિકસી છે અને વિસ્તરી પણ છે. અહીં 'છંદ'ની પણ વાત કરતો નથી, પરંતુ નકરા 'વિચાર'ની જ તરફદારી માંડી છે.

આ 'જીવનસાફલ્ય', ભાઈ, બહુ મોટી વાત છે. 'વિચાર'ની એરણે મારી સોય ટીપાયા કરે, તેવો રાગ છેડયા કરું છું. થાય એટલું કરવું. ટૂંકામાં, મારે તો એક ડગલું બસ થાય !

દી. બા. : હવે એક અંગત પ્રશ્ન. તમે વિપ્ર છો. અમારાં કુંજબહેન જૈન છે. તમારો આ મેળમિલાપ શી રીતે થયો ? સાંસારિક જીવન સુખી તો છે ને ?

વિ. ક. : અમારું પ્રથમ મિલન કૉલેજમાં થયું. બંને એક જ કૉલેજમાં - મુંબઈની વિલ્સન કૉલેજ. એ પરિચય ફોર્યો અને પરિણયમાં પરિણમ્યો. આ જીવન સુખને જ માર્ગે છે. હવે સંધ્યાકાળે, પાછળ નેજવું કરી લઉં છું તો રાજીપાના ઓડકાર આવ્યા વિના રહેતા નથી. હા, ક્યારેક ઝાંખરાં, ડાળાં, રાની પશુઓના રંજાડ નડયા - અડ્યા, પરંતુ હિમ્મતે મરદા તો મદદે ખુદાનો ઘાટ અનુભવતા આવ્યાં છીએ. આવું બહુધા દરેકને અનુભવવા મળ્યું જ હોય, તો અમે ક્યાંથી પર હોઈએ ?

દી. બા. : ગુજરાતી ડાયસ્પોરાને કંઈક સૂચન કરવાનું પસંદ કરશો ?

વિ. ક. : બે-અદબી માફ કરજો, પણ અબીહાલ વાંચ્યું એક કથાનક અવતરણરૂપે ટાંકવાની ધૃષ્ટતા કરું છું :

તક્ષશિલા વિદ્યાપીઠના ઉત્તમ આચાર્ય વિષ્ણુગુપ્ત ચાણક્યએ ત્રણ શિષ્યોનું ગુરૂકુળનું સત્ર પૂર્ણ થતાં પરીક્ષા લેવાનું નક્કી કર્યું. 'કૌટિલ્ય અર્થશાસ્ત્ર' નામના રાજનીતિવિષયક ગ્રંથના રચયિતા કૌટિલ્ય વ્યવહારિક જ્ઞાનને વિશેષ મહત્ત્વ આપતા હતા. જીવનભર અકિંચન બ્રાહ્મણ રહેલા કૌટિલ્યએ પોતાના શિષ્યો વ્યક્તિત્વને આગવી રીતે ઘડવાનો પ્રયાસ કર્યો.

આચાર્ય વિષ્ણુગુપ્તે પોતાના ત્રણે શિષ્યોને વાંસની ટોપલી આપી અને કહ્યું કે આમાં પાણી ભરીને લઈ આવો. એ પાણીથી મારે ગુરુકૂળમાં સફાઈ કરવી છે.

આચાર્યની આજ્ઞા સાંભળીને શિષ્યો વિચારમાં પડી ગયા. વાંસની ટોપલીમાં પાણી ભરીને લાવવું એ તો અસંભવ હતું. ગમે તેટલું પાણી ભર્યું હોય, તો પણ એનાં છિદ્રોમાંથી નીકળી જાય. ગુરુની આજ્ઞા શિરોધાર્ય માનીને શિષ્યો નદીને કિનારે ગયા ખરા, વાંસની ટોપલીમાં પાણી ભરીને લાવ્યા, પણ પાણી તો બધું એ ટોપલીમાંથી બહાર નીકળી ગયું.

એક શિષ્યને પોતાના ગુરુ પ્રત્યે અગાધ નિષ્ઠા હતી અને તેથી જ એ વારંવાર ટોપલીમાં પાણી નાખવા લાગ્યો. એ મનમાં વિચારતો હતો કે ગુરુદેવે આપેલી આજ્ઞાની પાછળ કોઈ મર્મ હશે. એ મર્મ પામવો જોઈએ. માત્ર નિરાશ થયે કશું ન વળે.

આ રીતે સવારથી સાંજ સુધી એ વાંસની ટોપલીમાં પાણી ભરતો રહ્યો અને ધીરે ધીરે એ વાંસ ફૂલતાં ટોપલીમાંનાં છિદ્રો બંધ થઈ ગયાં. પરિણામે સાંજે એ ટોપલીમાં પાણી ભરીને આચાર્ય વિષ્ણુગુપ્ત પાસે આવ્યો. આ મહાન આચાર્યએ આ જોઈને પોતાના અન્ય શિષ્યોને કહ્યું, 'મેં તમને અશક્ય લાગે તેવું કાર્ય સોંપ્યું હતું, પરંતુ એને શક્ય કરવા માટે વિવેક, ધૈર્ય, લગની અને અવિરત પ્રયાસની જરૂર હતી. સખત પરિશ્રમ અને દ્રઢ સંકલ્પબળથી અશક્ય લાગતું કાર્ય પણ શક્ય બને છે અને તેથી કોઈ પણ કાર્ય કરતી વખતે હિંમત હારવી જોઈએ નહીં.'

ગુજરાતી ડાયસ્પોરાના બંકાઓને આથી વિશેષ શું કહી શકાય ? લહિયાઓ પોતાની કલમ સતત ઘસ્યા કરે; તેમ જો બને તો તેને પરિણામે કલમીનો ફાલ મોહરશે તેવી શ્રદ્ધા છે. આવા આવા કલમીઓ વિવેક, ધૈર્ય, લગની અને અવિરત પ્રયાસ કર્યા કરે તો તે લેખક, કવિ થાય પણ ખરા. સખત પરિશ્રમ અને દ્રઢ સંકલ્પબળ હોય, અભ્યાસ અને અધ્યાસ પણ હોય તો તે સાહિત્યકાર પણ બની જાય. અને પછી તળને અને બૃહદ્‌ને ઝળાંહળાં કરી જાય તેમ પણ બને.

હેરો, 10 એપ્રિલ 2012 / 14 મે 2012

વિપુલ કલ્યાણીને –

બગલથેલાની ચિંતા છે ? તમે ઝભ્ભો બચાવી લો !
ઘસાયા 'અર્થ'થી, સાચું ! છતાં શબ્દો બચાવી લો !
વિપુલ તક છે ભૂંસાવાની, અમારો એ છે ઓપિનિયન –
યુ.કે.માં ડૂબતી ભાષા, તમે કક્કો બચાવી લો !

• નિર્મિશ ઠાકર

અચાનક સવાર ખીલી જાય
ને સોંસરવું કૂદી પડે
મારામાંથી એક હરણ !!
અચાનક જંગલ ઊગી જાય
ને એમાં મારો જ શ્વાસ
વહે સુસવાટા મારતો !!
અચાનક થંભી જાય દિશાઓ
ને ઢંઢોળ્યા રાખે મને
મારું જ મૌન !!
અચાનક ક્ષિતિજ ડૂબી જાય
ને ડૂસકાયા રાખે
મારું શમણાનું આખું નગર …..

- લતા હીરાણી

http://readsetu.wordpress.com/
2012/06/30/અચાનક/

એક નવલકથા, ફિલ્મ બે

• દીપક મહેતા

આજકાલ તો ભર્યા ભવમાં કોઈ રડ્યાખડ્યા ગુજરાતી લેખકની નવલકથા ઉપરથી હિન્દી ફિલ્મ બને તો એ લેખક હવામાં ઊડવા લાગે. દોસ્તો એના ગુણગાન ગાવા લાગે. અને પછી ફિલ્મ ફ્લોપ જાય એટલે એ બધા કોઠીમાં મોં સંતાડે. પણ છેક મૂંગી ફિલ્મોના જમાનામાં એક ગુજરાતી લેખકની કૃતિઓ પરથી હિન્દી ફિલ્મો બની હતી, અને એ જમાનામાં સારી એવી ચાલી હતી, બે અઠવાડિયામાં ફ્લોપ નહોતી થઈ ગઈ.

પહેલવહેલી ભારતીય ફિલ્મ રાજા હરિશ્ચંદ્ર બની ૧૯૧૩માં. અને ૧૯૨૪માં એક ગુજરાતી લેખકની નવલકથા પરથી બનેલી ફિલ્મ આવી. એ લેખક તે કનૈયાલાલ માણેકલાલ મુનશી અને ફિલ્મ તે પૃથ્વીવલ્લભ. ૧૯૨૦માં મુનશીની નવલકથા પૃથિવીવલ્લભ પ્રગટ થઈ ત્યારે ગુજરાતી સાહિત્યમાં હાહાકાર થઈ ગયેલો. એ નવલકથા વાંચ્યા પછી આપણા એક વિવેચકે તો એટલે સુધી કહેલું કે 'આ વાર્તા લખતાં મુનશીનો હાથ કપાઈ કેમ ન ગયો?' અને ખુદ ગાંધીજીએ પણ ખેદ અને સખ્તાઈપૂર્વક મુનશીને પૂછેલું: 'આ નવલકથા તમે - તમે લખી જ કેમ શકો?'



''ગજરાજા રાજાઓમાં ગજ એવો પૃથિવીવલ્લભ તારી પાસે આવ્યો છે''
રવિશંકર રાવળનું ચિત્ર અને સોહરાબ મોદીનું ચલચિત્ર

મૃણાલવતી અને મુંજ દુર્ગા ખોટે અને સોહરાબ મોદી

મુંજ અને મૃણાલ વચ્ચેનો પ્રણય સંબંધ આજે ભાગ્યે જ કોઈને વાંધાજનક લાગે, પણ એ વખતે તો નીતિના ચોખલિયાઓએ એ અંગે હોબાળો મચાવેલો. આવી ચર્ચાસ્પદ નવલકથા પરથી તૈયાર થયેલી ફિલ્મનું દિગ્દર્શન મણિલાલ દોશીએ કરેલું. મુંજનું પાત્ર વાગલે સેન્ડોએ અને મૃણાલનું (ફિલ્મમાં તેનું નામ હતું મિનલવતી) ફાતમા બેગમે ભજવેલું. આ ઉપરાંત ઝુબેદા, સુલતાના, મિસ જૈના, અને ભાલજી પેનઢારકરે પણ તેમાં ભૂમિકાઓ ભજવી હતી. સિનેમેટોગ્રાફર હતા વી. બી. જોશી અને પ્રોડક્શન ડિઝાઈન આર. એસ. ચૌધરીની હતી. એ સમયની ઘણીખરી ફિલ્મોની જેમ આ ફિલ્મ વિષે પણ વધુ માહિતી મળતી નથી.

પણ પૃથ્વિવલ્લભ ફિલ્મને સારી એવી સફળતા મળી હશે કારણ તે પછીના ચૌદ વર્ષમાં મુનશીની કૃતિઓ પરથી બીજી ઘણી ફિલ્મ બની. મુનશીની પહેલી સામાજિક નવલકથા વેરની વસૂલાત ૧૯૧૩માં પુસ્તકરૂપે પ્રગટ થઈ. તેના પરથી ૧૯૨૫માં તે જ નામની મૂંગી ફિલ્મ બની જેનું દિગ્દર્શન હર્ષદરાય મહેતાએ કર્યું હતું અને તેમાં દમણિયા, પ્રાણજીવન, વિષ્ણુ, પ્રભુદાસ, હરિદાસ, દુર્ગા જેવાં નટ નટીએ ભાગ લીધો હતો. બીજી સામાજિક નવલકથા કોનો વાંક ૧૯૧૫માં પુસ્તકાકારે પ્રગટ થયેલી. તેના પરથી બનેલી તે જ નામની મૂંગી ફિલ્મ ૧૯૨૯માં રીલીઝ થઈ. તેના દિગ્દર્શક હતા કાનજીભાઈ રાઠોડ. તેમાં ગુલાબ અને બાબુરાવ આપ્ટેએ ભૂમિકાઓ ભજવી હતી. સિનેમેટોગ્રાફર હતા ગોરધનભાઈ પટેલ. પૃથ્વીવલ્લભની જેમ મુનશીનું ડોક્ટર મધુરિકા નામનું નાટક પણ ચર્ચાસ્પદ બનેલું. ૧૯૩૫માં તે ફિલ્મ રૂપે રજૂ થયું ત્યારે આપણે ત્યાં બોલપટ-ટોકીનો જમાનો શરૂ થઈ ગયો હતો. બોલીવુડની ફિલ્મોમાં ડાયલોગ રોમન લિપિમાં લખવાનું બહુ સામાન્ય છે. પણ એ જમાનામાં મુનશીએ ફિલ્મ માટેના સંવાદો રોમન સ્ક્રિપ્ટમાં લખ્યા હતા! આ ફિલ્મમાં ડોક્ટર મધુરિકાનું પાત્ર સવિતા દેવીએ, નરેન્દ્રનું પાત્ર મોતીલાલે, ઈન્દુનું પાત્ર પદ્મા શાલિગ્રામે, અને ડોક્ટર ગૌરીશનું પાત્ર પેસી પટેલે ભજવ્યું હતું. ટોકી ફિલ્મ હતી એટલે એમાં સંગીત પણ હોય જ. આ ફિલ્મનું સંગીત અશોક ઘોષ અને પ્રાણસુખ એમ. નાયકે તૈયાર કર્યું હતું અને સિનેમેટોગ્રાફી હતી ફરદુન એ. ઈરાનીની.

૧૯૩૬માં મુનશીની એક જ કૃતિ એક સાથે ગુજરાતી અને હિન્દીમાં ફિલ્મ રૂપે રજૂ થઈ. એ કૃતિ તે ૧૯૨૪માં પ્રગટ થયેલું નાટક બે ખરાબ જણ. સાગર ફિલ્મ્સે બનાવેલી એ જ નામની ગુજરાતી ફિલ્મના દિગ્દર્શક હતા ચીમનલાલ લુહાર અને સંગીતકાર હતા પ્રાણસુખ એમ. નાયક. સિનેમેટોગ્રાફર હતા કેકી મિસ્ત્રી. મિસ રંભાનું પાત્ર જાણીતી અભિનેત્રી શોભના સમર્થે અને ડોક્ટર મોતીલાલનું પાત્ર અભિનેતા મોતીલાલે ભજવ્યું હતું. વખત જતા શોભના સમર્થ તેના જમાનાની અગ્રણી અભિનેત્રી બની હતી. ભરત મિલાપ, નૌકર, અને રામરાજ્ય જેવી ફિલ્મોમાં તેણે મુખ્ય ભૂમિકાઓ ભજવી હતી. આ ઉપરાંત અન્ય કલાકારો હતા યાકુબ, રમાદેવી, સુરભી કમલાબાઈ, પાંડે, તેમુરસ, પેસી પટેલ, રઝાક, કાંતિલાલ નાયક અને કમલા. આ જ ફિલ્મનું હિન્દી વર્ઝન દો દીવાને નામે રજૂ થયું હતું.

પણ મુનશીની નવલકથા પરથી બનેલી અને સૌથી સફળ બનેલી ફિલ્મ તે તો ૧૯૪૩માં બનેલી પૃથ્વીવલ્લભ. તેના દિગ્દર્શક સોહરાબ મોદીએ તેમાં મુંજની મુખ્ય ભૂમિકા પણ ભજવી હતી. તેમની સાથે મૃણાલવતીનું પાત્ર પ્રસિદ્ધ અભિનેત્રી દુર્ગા ખોટેએ ભજવેલું. સ્ક્રીન પ્લે અને ડાયલોગ પંડિત સુદર્શનના હતા. સંગીતકારો હતાં સરસ્વતી દેવી અને રફીક ગઝનવી. 'તૈલપ કી નગરી મેં ગાના નહીં હૈ, બજાના નહીં હૈ, જીવન કી ખુશિયાં મનાના નહીં હૈ' એ ગીત એક જમાનામાં આપણે ત્યાં ખૂબ લોકપ્રિય બનેલું. સિનેમેટોગ્રાફર હતા વાય. ડી. સરપોતદાર. આર્ટ ડિરેકશન અને સેટ ડેકોરેશન રૂસી કે. બેન્કરનાં હતાં. સોહરાબ મોદીની ત્રણ સર્વોત્તમ ફિલ્મોમાં પૃથ્વીવલ્લભની ગણના થાય છે.

બીજા કોઈ ગુજરાતી લેખકની કૃતિઓ પરથી આટલી ફિલ્મો બની હોય તેવો બીજો દાખલો મળવો મુશ્કેલ, પણ ગુજરાતના, અને ખાસ કરીને અમદાવાદના ઘણા લેખકો આજે પણ મુનશી માટેની એલર્જીથી પીડાય છે ત્યાં મુનશીની આવી મહત્તા મનમાં ક્યાંથી વસે?

(સૌજન્ય : 'વડેનેટ', "મુંબઈ સમાચાર", ૧૯.૦૭.૨૦૧૨)

e.mail : deepakbmehta@gmail.com

ભાભી

• તરુ કજારિયા

'અરે યાર, આય એમ જેલસ ઓફ ધીસ પર્સન – 'ભાભી' ! દિવસમાં દસ વાર તમારા મોં પર એનું નામ હોય છે !'

ત્રીસેક વરસ પહેલાં રાજકોટની એક કંપનીમાં સવા વરસ મેં જૉબ કરેલી. ત્યારે મારી બાજુની કૅબિનમાં બેસતા એક યંગમૅને આ શબ્દો મને કહેલા. કંપનીના મૅનેજીંગ ડિરેક્ટરનો એ પુત્ર અમેરિકાથી મૅનેજમૅન્ટનો અભ્યાસ કરીને નવો નવો જ રાજકોટ પાછો ફર્યો હતો.

કલ્ચર શોકની અસર તાજી જ હતી. એવામાં મારા જેવી કલકત્તામાં ઉછરેલી અને મુંબઈમાં રહેલી યુવતીની કૅબિન તેની બાજુમાં હતી એ (તેના જ શબ્દોમાં) તેને માટે 'આશીર્વાદ' સમું હતું. મારી સાથે સંવાદનો દોર એ સહેલાઈથી સાધી શકતો. પણ તેને મારી સામે આ ફરિયાદ હમ્મેશાં રહી. મને લાગે છે એ નિખાલસ હતો; એટલે કદાચ તેણે મને આ વાત મોઢા પર કહી દીધી હતી. પરંતુ ગયા મહિને મારાં ભાભીનું મૃત્યુ થયું. મારા તમામ મિત્રો, સ્નેહીઓ અને સ્વજનો પાસેથી જે એક વાક્ય અચૂક સાંભળવા મળ્યું તે આ હતું : 'તને તો એમની ખોટ બહુ સાલશે … તારા મોઢે તો બસ ભાભી, ભાભી, ભાભી … એક જ નામ સાંભળ્યું છે!'

તરુ કજારિયા

હા, માત્ર મારા હોઠ પર જ નહીં; મારા સમગ્ર જીવનમાં તેઓ એટલી હદે વણાઈ ગયાં હતાં કે મારા વીચારો અને મારી વાતોમાં તેમની હાજરી હમ્મેશાં રહેતી. આજે કમ્પ્યુટર પર લખાયેલો કોઈ શબ્દ કેટલી વાર આવ્યો તે જાણવું હોય તો 'ફાઈન્ડ કી'ની મદદથી જાણી શકાય છે. થાય છે, છેલ્લાં છત્રીસ વરસમાં મારા મોઢે આ નામ કેટલી વાર આવ્યું એ જાણવાની કોઈ ચાવી – 'ફાઈન્ડ–કી' હોત તો !

કોણ છે આ 'ભાભી'?

સગપણમાં એ મારાં સાસુ; પણ ઘરમાં નાનપણથી બધાં બાળકો તેમને બા કે મમ્મી કહેવાને બદલે 'ભાભી' કહેતાં. એટલે દીકરાની વહુઓ અને જમાઈઓ પણ તેમને ભાભી જ કહે. જો કે આ સાસુ કે તેનો અંગ્રેજી પર્યાય 'મધર-ઈન-લૉ' મને ગમતો નથી. વણકહે પણ એક પ્રકારનું અંતર એમાં ડોકાય છે. જ્યારે ભાભી સાથેનો મારો સમ્બન્ધ અત્યન્ત ગાઢ અને અનોખો હતો. મારી બા સાથે મેં જિન્દગીનાં બાવીસ વરસ વીતાવ્યાં હતાં, જ્યારે ભાભી સાથે હું પાંત્રીસ વરસ રહી. મને ભાભી પાસેથી બાની હુંફ મળી અને એક ભાભી સાથે સાધી શકાય તેવું સખ્ય પણ મળ્યું.

એમનું નામ સરલાબહેન. 'યથા નામ તથા ગુણ' જેવું જ તેમનું સરળ વ્યક્તિત્વ. હૈયા અને હોઠ વચ્ચે કોઈ વાંકી કેડી ન મળે. ચાર ફીટ દસ ઈંચનું નાજુક કદ, પાતળી કાયા, ઉજળો વાન, અણિયાળું નાક, ઝીણી સૌમ્ય આંખો, પાતળા ગુલાબી હોઠ અને ચહેરા પર છલકતી ગરવી ખાનદાની. એ નાજુક રૂપાળી ભાટિયાણી સાથે આ જૈનની દીકરીના સમ્બન્ધની સફર આજથી છત્રીસ વરસ પહેલાં શરૂ થઈ. ૧૯૭૫થી ૨૦૧૦ સુધી અમે બન્ને સાથે રહ્યાં. વચમાં માત્ર એક વરસ મારે રાજકોટ રહેવાનું થયું એટલો જુદારો થયો.

સાડાત્રણ દાયકાની આ સહિયારી જીવનયાત્રામાં મેં ભાભીને કેટકેટલા ભીન્ન મુકામો પર જોઈ ! એ પહેલાંની તેમની જિન્દગી વિશે પણ જાણ્યું અને આશ્ચર્યચકિત બનતી ગઈ ! ગોવાના એક સુખી ભાટિયા પરિવારની એ દીકરી, પાંચ ભાઈઓની એકની એક બહેન હતી. હું પરણીને આવી પછી શરૂઆતના દિવસોમાં કલકત્તાના અમારા આલિશાન દીવાનખાનામાં બપોરનો આરામ કરતાં કરતાં અમે વાતોએ વળગતાં. હું ભાભીને તેમનાં બાળપણ અને પિયરઘરની વાતો પૂછતી. આવી જ એક બપોરે તેમની પાસેથી જાણ્યું હતું કે તેમનાથી મોટા બે ભાઈઓ તો કિશોર અને યુવાવસ્થામાં જ મૃત્યુ પામ્યા હતા. તેના આઘાતમાં તેમનાં મા પણ પિસ્તાલીસેક વરસે ચાલી નીકળ્યાં હતાં. એ વખતે મને બહુ જ નવાઈ લાગેલી કે તેમની વાતો સાંભળીને મારી આંખોમાંથી આંસુ સરતાં રહ્યાં હતાં; પણ ભાભીની આંખમાં જરીકે ભીનાશ નહોતી મળી. એ નાજુક સ્ત્રીની મજબૂતી મને અચંબિત કરી ગઈ હતી !

ભાભીને પરણીને આવ્યાં, ત્યારે તેમના સસરાએ પોતાના એકના એક દીકરાની વહુ માટે કલકત્તામાં એ પાંચ માળનું મકાન બનાવડાવ્યું હતું. પોતાની પુત્રવધૂને ભાડાના ઘરમાં ગૃહપ્રવેશ નહોતો કરાવવો એટલે કડિયાઓને – મજૂરોને તાકીદ કરીને એ મકાન લગ્ન પહેલાં જ તૈયાર કરાવી લીધું હતું. બૅલ્જિયમ ગ્લાસના સોળ મોટા-મોટા અરીસાઓ અને સ્ટેઈન્ડ ગ્લાસથી મઢેલાં સીસમનાં લાકડાંના દરવાજાઓવાળા વિશાળ દીવાનખાનામાં પંદરમે વરસે ભાભી નવવધૂ બનીને આવ્યાં ત્યારનો તેમનો એક ફોટો જોયેલો. એકદમ બાલિકાબધૂ લાગતાં હતાં. એ ઘરના ઘર, સુખ-સાહ્યબી અને નોકર-ચાકરની જાહોજલાલીમાં તેમની જિન્દગીનાં આરંભનાં વરસો વીત્યાં. ભાભી ત્રણ દીકરા અને ચાર દીકરીઓની મા બન્યાં. બધાં ભણી-ગણી અને પરણી પણ ગયાં.

સુખના દરિયામાં ભરતી જ ભરતી હતી અને ભાભી એ બધું ગરિમાપૂર્વક પચાવીને રહેતાં હતાં. તેમના સ્વભાવની કૂણપ અને હૃદયની અનુકંપા પણ એવી જ છલોછલ હતી. એ વિશે મને અમારા એક ફોઈબા (ભાભીનાં નણંદ) પાસેથી જાણવા મળ્યું. ચંપાફઈને લગ્નજીવનના આરંભના બે દાયકા ખૂબ આર્થિક સંકડામણ અને અભાવનો સામનો કરવો પડ્યો હતો. પરંતુ એ અરસામાં ભાભીએ તેમનું ખૂબ જ ધ્યાન રાખ્યું. પતિને પણ ખ્યાલ ન આવે એમ નણંદના ઘરની જરૂરિયાતો પૂરી કરી દેતાં. વારે-તહેવારે પોતાનાં બાળકોની હારોહાર તેમનાં ય બાળકોનાં પણ કપડાં ને બીજી-ત્રીજી જરૂરિયાતોની કાળજી લેવાઈ જતી. આ વિશે આ પાંત્રીસ વરસમાં મેં ભાભીના મોઢે એક અક્ષરેય સાંભળ્યો નથી. આજે પણ ફોઈનાં દીકરા-દીકરીઓ જે અહોભાવથી 'મામી'ને યાદ કરી ગદ્ગદ થાય છે તે ભાભીની દરિયાદીલીનો પુરાવો છે.

અન્ય સગાં-સ્વજનો પ્રત્યે કે નોકર-ચાકર પ્રત્યે પણ ભાભીનો વર્તાવ આવો જ સહાનુભૂતિભર્યો. દુન્યવી દોલતનું અભિમાન તેમની વાણી કે વ્યવહારમાં ક્યારે ય જોયું નથી. પરંતુ તેમના પોતાના જીવનનો કસોટીકાળ ઉત્તરાવસ્થામાં લખાયેલો હતો તેની કોને ખબર હતી ! સીત્તેરના દાયકાનાં છેલ્લાં વરસોથી ભાભીના જીવનમાં વિપદનાં વાદળો ઘેરાવા લાગ્યાં. પેલું મકાન અને આઠ દરવાજાની મોટી દુકાન વેચીને, ભાડાના એક નાનકડા ઘરમાં રહેવાનો દિવસ આવ્યો. કલકત્તામાં જેમણે ભાભીની જાહોજલાલી જોઈ હતી એ લોકોને ભાભીને આ સ્થિતિમાં જોઈને ખૂબ લાગી આવતું. પણ એ બાબતે ભાભીની આંખમાં મેં ના તો કદી આંસુ જોયાં; ના કદી એમના હોઠ પર ફરિયાદ સાંભળી ! એ દિવસો મારા લગ્નજીવનના પણ શરૂઆતના જ દિવસો હતા. સંસારની આ આસમાની-સુલતાની જોઈ હું દુઃખી થઈ જતી. પરંતુ ભાભીની સ્વસ્થતા અને સંયમ જોઈ, એ દુઃખને ભીતર ભંડારી રાખવાની તાકાત મળી.

પછી તો એ શહેર છોડીને મુંબઈ આવીને વસ્યાં. ધંધામાં ગયેલી ખોટનો સામનો નહીં કરી શકાતાં, એક પુત્રે ગૃહત્યાગ કર્યો. તેના એકાદ વરસ બાદ પૂજ્ય ભાઈનું (સસરાજીને ઘરમાં બધાં 'ભાઈ' કહેતા) અવસાન થયું. ભાઈ પણ ભગવાનનું માણસ હતા. તેમના અવસાન પછી મારાં બા–બન્ધુબહેન મેઘાણીએ પોતાની બહેન પર લખેલા પત્રનો આ અંશ તેમનો આછેરો પરિચય કરાવી શકશે :

'તરુને રાજકોટ પત્ર લખ્યો છે. આવી પરિસ્થિતિમાં એના સસરા મનની ખાનદાનીની ખુશબો બરાબર સાચવીને સુખે, શાન્તિથી, વગર પીડાએ, પ્રભુના શરણમાં પહોંચી ગયા. ખરેખર ભગવાનના માણસ અતિશય ભલા હતા. હંમેશાં અમને કહેતા, 'કાંઈ ચિંતા કરશો મા. બધું સારું થઈ જશે,' અરે, મહેલમાં

રહેનારા રસ્તે નીકળી પડે ત્યારે સતજુગના રામના દિવસો યાદ આવે ! પણ એ તો અમે તેમને ઘરે જઈએ ત્યારે આ શબ્દો યાદ કરતા અને વેળા પડી એને મનમાં જીરવી રહેતા :

'સુખ-દુઃખ મનમાં ન આણીએ, રઘુનાથનાં જડિયાં,
સંકટ સઘળાં સહીએ ને મુખથી સાચું કહીએ'

સત્તાવન વરસે વિધવા થયેલાં ભાભીએ ભાઈ વિના ૨૯ વરસ વિતાવ્યાં ! પેલા દીકરાની ભાળ ભાભી જીવ્યાં ત્યાં સુધી મળી જ નહીં ! બાકીનાં સંતાનોની જિન્દગીની ગાડીઓ તો ચડી ગઈ પાટે; પણ ભાભીના મોઢે ક્યારેય પોતાના જીવનની કરુણાંતિકાઓ વિશે એક હરફ પણ સાંભળ્યો નથી. મારી બાએ ૧૯૮૧માં ભાભીને એક પત્રમાં લખેલું તે યાદ આવે છે :

'વહાલાં સરલાબહેન, તમારી હરસમયની સ્મૃતિ અને અહીંના સહવાસની છબિ મારા અંતરથી પળ પણ અળગી થતી નથી. ધરતીમાતા જેવી તમારી ધીરજ અને સહનશીલતાની તમારી તાકાત મેં નજરો–નજર જોઈ છે. તમારા સહુના ટેકે ટકી રહી છું.'

સતત ઘરનાં કામ-કાજ અને વટ-વ્યવહારમાં વ્યસ્ત રહેવું ભાભીને બહુ ગમતું. ચોખ્ખાઈનો તેમનો ખ્યાલ ધર્મને રંગે રંગાયેલો હતો એટલે એઠાં-જૂઠાંની શિસ્ત પાળવા હાથ ધોવાનું મહત્ત્વ ઘણું હતું. વારંવાર હાથ ધોવાનો તેમને ક્યારેય કંટાળો નહોતો આવતો.

તેમની કાર્યપ્રીતિ તો ગજબની હતી. પચાસ વરસે તેમને પગમાં વાની તકલીફ થઈ હતી. ઘૂંટણ પાસે ખૂબ દુઃખાવો થાય. ડૉક્ટરે કહેલું કે હરતાં-ફરતાં રહેજો; નહીં તો પગ જકડાઈ જશે. અને ભાભી દુઃખતા પગે ઘરની ખરીદી કરવા ચાલીને જાય અને સીડીની ચડ-ઊતર ચાલુ જ રાખે. પોતાની કોઈ પણ શારીરિક પીડા કે માનસિક વ્યથાને ગાઈ-વગાડીને કહેવાનું તેમના સ્વભાવમાં જ નહોતું. સવારના ચાર ડિગ્રી તાવ હોય અને બપોરના ગેસ ઉપર તાવડો મૂકી કડક પૂરી કે સક્કરપારા બનાવતાં મેં ભાભીને જોયાં છે. એવો જ એમનો વ્રત-ઉત્સવોને ઉજવવાનો ઉમળકો. શીતળા સાતમને દિવસે કે દિવાસાને દિવસે દીકરીઓ કે નણંદોને ઘરે ચાંદીના લોટામાં દહીં ને ફ્રૂટના ટોપલા ભરીને મોકલવાના હોય કે દિવાસાના જવારા વાવવાના હોય, તેમને બધું યાદ હોય અને સમયસર બધું કરે – કરાવે. વાર-તહેવારે પહેરી–ઓઢીને વડીલોને પ્રણામ કરવા જવાનું કે સગાં-સમ્બન્ધી ને પાસ-પાડોશના સારા-માઠા પ્રસંગોએ ત્યાં પહોંચી જવાનું પણ એ ક્યારેય ચૂક્યાં નથી.

ભાભીની સરળતાનો અને ગભરુપણાનો લોકો ગેરલાભ લેતા ત્યારે મને બહુ ગુસ્સો આવતો. પણ તેમને એમાં કંઈ ગુમાવ્યાનો અનુભવ ન થતો. મુંબઈમાં શિવાજીપાર્ક રહેતાં ત્યારે ભાભી કોઈકને ફોન કરવો હોય તો પણ ડરતાં-ડરતાં કરતાં. બધા ઘરમાં હોય તો ફોન કરવાનું ટાળતાં. ધીરે ધીરે એમનો એ સંકોચ દૂર કરવામાં હું સફળ થઈ તેનો મને આનંદ હતો. બદલાતાં સંજોગો સાથે ઝાઝો ઊહાપોહ કર્યા વિના તાલ મિલાવી લેવાની ભાભીની કૂનેહ મને તાજુબ કરી દેતી ! અમારા પરિવારમાં નોકરી કરનાર હું પહેલી સ્ત્રી હતી. પણ મારા વ્યવસાયી રુટિન સાથે તેમણે સહેલાઈથી અનુકૂલન સાધી લીધું. શરૂઆતના એ સમયમાં મારા નાના દીકરાને ભાભીએ જીવની જેમ સાચવ્યો અને એ દાદી-પોતરા વચ્ચેનું બોન્ડ છેવટ સુધી અનેરું અને અતૂટ રહ્યું.

અમારી વચ્ચેની રિલેનશિપ એટલી મુક્ત હતી કે મારી ઓફિસ અને કલીગ્સની વાતો કે મારા પિયરની બધી વાતો પણ ખૂલીને ભાભી સાથે થઈ શકતી. બહાર ફરવા ગયા હોઈએ અને ખરીદી કરી હોય તો ઘરમાં આવીને પહેલાં ભાભીને એ બધી ચીજો હું હોંશથી બતાવું અને ભાભી પણ એટલા જ ઉત્સાહથી બધું જુએ અને કોને માટે શું લાવી છું એ રસપૂર્વક જાણે. મારા જીવનનાં કેટલાંક સત્યો વણકહે ભાભીએ કથી લીધાં અને તેની સાથે સહમત ન હોવા છતાં એ સમભાવે સ્વીકારી લીધાં. ઉંમર અને માનસિક ભૂમિકાની દૃષ્ટિએ અમારાં બન્ને વચ્ચે આમ તો ખાસ્સું અંતર હતું. મા-દીકરીની વચ્ચે થાય તેવા મત-ભેદ પણ અમારી વચ્ચે હતા જ; પરંતુ અમારી વચ્ચે જે નિકટતા સ્થપાઈ હતી એ અભૂતપૂર્વ હતી. કોઈ પણ વાત છૂપી રાખવાની જરૂર જ ન રહે એવા સાસુ-વહુ વચ્ચેના સમ્બન્ધો સ્વયં એક ઘટના ન ગણાય ?

આવાં આ ભાભીએ આઠમી ઓક્ટોબરે, પહેલા નોરતાની સાંજે, 86 વરસની વયે જીવન–લીલા સંકેલી લીધી ત્યારે મેં મારી બીજી મા ગુમાવી. છેલ્લાં બે વરસથી ભાભી પગમાં કપાસીની પીડાથી હેરાન હતાં. ઘણા ઉપચારો કર્યા છતાં વારંવાર ત્રાટકતી એ પીડાએ છેલ્લા નવેક મહિનાથી તેમની હર-ફર ઉપર રોક લગાવી દીધી હતી. એ ઉપરાંત વૃદ્ધાવસ્થા અને પાર્કીન્સન્સ. છેલ્લે ત્રણ અઠવાડિયાં પહેલાં પડી ગયાં અને માથામાં ઈજા થઈ. બીજે દિવસે એમ.આર.આઈ. કરાવ્યું. રિપોર્ટ નોર્મલ આવ્યો. અમે ચિંતામુક્ત બન્યા. પણ પછીના દિવસથી આંખ ખોલવાનું અને બોલવાનું લગભગ નહીંવત થઈ ગયું હતું. આખો સમય સૂતાં જ હોય. સીનિયર ડૉક્ટરને કન્સલ્ટ કરીને તેમની સારવાર શુશ્રૂષા ઘરે જ ચાલુ રાખ્યાં હતાં. આખી જિન્દગી સ્વનિર્ભર રહેલાં ભાભી નાના બાળકની જેમ એકે-એક જરૂરિયાત માટે અવલંબિત થઈ ગયાં હતાં. તેમને ઊઠાડીને ખોરાક, પાણી, દવા ઈત્યાદિ અને અન્ય સંભાળ રાખવાનું સમયસર થતું હતું. એ વખતે હોઠ ભીડી રાખે ત્યારે 'ભાભી, મોં ખોલો … આઆઆ … ઉ … ઉ …!' કરીને ફોસલાવતાં 'દાદી … કાળી લીટીવાળી પીપર ખાવી છે ? … હેય …? જુઓ … જુઓ … દાદીએ આંખ ખોલી … આજે તો આપણી દીવાળી …!' આવા સંવાદોની આપ-લે રોજિન્દી થઈ ગઈ હતી. સ્વજનોની આવ-જા શરૂ થઈ ગઈ. બધા ભાભીને જોવા આવ્યાનો સંતોષ લેતા; પણ ભાભી, હવે કોણ આવ્યું કે ન આવ્યુંના પ્રદેશથી ઘણી દૂર નીકળી ચૂક્યાં હતાં. ભાગ્યે જ તે મુલાકાતીઓના સવાલોનો રિસ્પૉન્સ આપતાં. ભાભીને મળવાનો કે તેમની સાથે વાત કરવાનો સમય હવે પૂરો થઈ ગયો હતો ! મૃત્યુ દબાયેલાં પગલે નિકટ આવી રહ્યું હતું અને પ્રતિદિન તેનો પગરવ મોટો ને મોટો થતો જતો હતો. જિન્દગીની આ અફર વાસ્તવિકતા પોતાના આગમન માટે અમને સજ્જ કરી રહી હતી; છતાં ય મૃત્યુ તદ્દન સામોસામ આવી ઊભું ત્યારે હરીન્દ્ર દવેના શબ્દો ફરી એક વાર જીવતા થઈ ગયા : 'શાણપણની સઘળી દીવાલો હચમચી ઊઠી !' મારી જિન્દગીનો પણ એક અધ્યાય સમાપ્ત થયો. છેલ્લે તેના કાનમાં કહી દીધું હતું, 'ચિંતા ન કરતી. હું બધું સંભાળી લઈશ.'

આજે દિવસો વીતતા જાય છે. સાંજ પડે ઑફિસેથી ઘર ભણી જવા નીકળું છું ત્યારે ભાભી વગરના ઘરનો સામનો કરવાનો છે એ વિચાર ઉદાસ બનાવી મૂકે છે. પણ ભાભીના પુત્ર અને પૌત્રને ઉદાસીના ડુંગર તળેથી બહાર કાઢવાના છે એ વાતે શાણપણની સમ્પતિને થામી લઉં છું અને 'સરહદનો સિપાહી' (મારી બા મારે માટે આ વિશેષણ પ્રયોજતી) બનીને ઘરે પહોંચું છું – હસતી .. હસતી ! અને પ્રતિદિન મારી જાતને ભાભીની સારપ અને સહૃદયતાની નિકટ પામું છું. તેના અતિ ઔદાર્યથી ક્વચિત અનુભવેલી નારાજગી બદલ આજે હસવું આવે છે. કેમ કે હવે સમજાય છે કે એ તો એવી જ હતી – સારમાણસાઈથી સભર સભર!

(લેખ લખાયો - નવેમ્બર ૨૦૧૦)

[303 Kamala Vihar - 'G', Mahavir Nagar, Kandivali (w), Mumbai – 400 067 - India]

(સૌજન્ય : "સન્ડે ઈ–મહેફીલ" – વર્ષ : આઠમું – અંક : 249 – July 29, 2012)

****

તમે વાતો કરો તો થોડું સારું લાગે,
આ દૂરનું આકાશ મને મારું લાગે.
વૃક્ષો ને પંખી બે વાતો કરે છે
ત્યારે ખીલે છે લીલેરો રંગ;
ભમરાના ગુંજનથી જાગી ઊઠે છે
ફૂલોની સૂતી સુગંધ.
તમે મૂંગા તો ઝરણું પણ ખારું લાગે,
તમે વાતો કરો તો થોડું સારું લાગે,
રોમાંચે રોમાંચે દીવા બળે
અને આયખું તો તુલસીનો ક્યારો;
તારી તે વાણીમાં વ્હેતો હું મૂકું છું
કાંઠે બાંધેલો જનમારો.
એક અમથું આ ફૂલ પણ ન્યારું લાગે
તમે વાતો કરો તો થોડું સારું લાગે.

– સુરેશ દલાલ

આરબ જગતનાં વિવિધ ઘર્ષણો ને દેશી મજૂરોની કરમકહાણી

• ડાહ્યાભાઈ નાનુભાઈ મિસ્ત્રી

આરબ જગતનું શિયા-સુન્ની ઘર્ષણ ને નૂતન શિક્ષણ-પત્રકારી દિશા

અહીંના સમાચાર માધ્યમોમાં એક વાતની પુનરુક્તિ થયા જ કરે છે અને તે છે શિયા - સુન્ની સંપ્રદાયો વચ્ચેની ઐતિહાસિક, સદીઓ જૂની ખાઈ અને ઘર્ષણ તેમ જ શિયાપંથી દેશ - ઈરાનનો ભય.

આરબ જગતમાં ક્રાંતિનું વાતાવરણ કેટલા ય સમયથી જામેલું છે, પરંતુ એ ક્રાંતિ સર્જનારાઓની નવી પેઢીમાંથી એવા બાહોશ, દૂરંદેશી નેતાઓ બહાર નથી આવ્યા, એટલે રાજકારણમાં થોડી નિરાશા પ્રવર્તે છે. આશાઓ બંધાઈ હતી કે શિયા-સુન્ની પંથોનું ઘર્ષણ ઓછું કરવામાં આ નવી પેઢી કામ આવશે, અને રાજકારણમાં નવી હવા આવશે - આ નવી પેઢીનો, ક્રાંતિ લઈ આવવામાં એક પ્રધાન મંત્ર હતો કે આરબ પ્રજા - દેશોની સમસ્યા હલ કરવામાં ઈસ્લામ સફળ નથી થયો : Islam is not the solution. સમૂહ માધ્યમોમાં તે લોકો એક નવું જ સૂત્ર લઈ આવ્યા છે : Freedom and Development. આરબ પ્રજાની આશાઓ ફળી નથી એટલે થોડું તનાવભર્યું વાતાવરણ અહીં રહે છે.

ડાહ્યાભાઈ નાનુભાઈ મિસ્ત્રી

ઈરાન – અને વત્તેઓછે અંશે શિયાપંથી ઈરાક – સુન્ની દેશોમાં ખતરાના રૂપમાં દેખાય છે. અમીરાતના રાજ્યોને ઈરાનનો ભય સતાવી રહ્યો છે અને વાગ્યુદ્ધ ચાલુ જોવા સાંપડે છે. ઈરાન અને અમીરાત વચ્ચેના અખાતને ‘પર્શિયન ગલ્ફ’ (ઈરાની અખાત) કહેવું કે ‘આરબ ગલ્ફ’ (અરબી અખાત) નામ આપવું એની તકરાર હજુ સમી નથી, ત્યાં ઈરાન અમીરાત નજીક, એની સરહદમાં આવેલા ટાપુઓ પર કબજો કરવા કટિબધ્ધ છે અને એ તકરારનું રૂપ ઉગ્ર બની રહ્યું છે. આ ટાપુઓ નીચે ખનીજ તેલનો એક મોટો જથ્થો છે એટલે આ ઘર્ષણ ઉગ્ર રૂપ લઈ રહ્યું છે.

બીજા સમાચારોમાં, શિક્ષણ અને પત્રકારત્વની બદલાતી કાયા પર શિબિરો થઈ, ચર્ચાસત્રો ભરાયા. શિક્ષણની શિબિરમાં ઈંગ્લૅન્ડના ભૂતપૂર્વ વડા પ્રધાન ગોર્ડન બ્રાઉન છવાઈ ગયા હતા. એક મુખ્ય મહેમાન - પ્રવક્તા તરીકે એ પધાર્યા હતા. એમના શિક્ષણજગતમાં કેવા ફેરફારો થવા જોઈએ એ સંબંધક મુખ્ય પ્રવચન પર ઘણું વિશ્લેષણ થયું, ચર્ચાઓ ય થઈ અને તેના અહેવાલો બધા મુખ્ય સમાચારપત્રોમાં ચમક્યા. આર્થિક - નાણાંકીય કટોકટીના સમયમાં શિક્ષણ પદ્ધતિમાં એવા ફેરફાર લઈ આવવા જોઈએ જે સમાજને વિષદ વિચારકો આપે. હવે ખનીજ તેલ જ ફક્ત આરબ જગતની મુખ્ય ઉપજ બની રહે એ કાફી નથી. આ બાબત ગોર્ડન બ્રાઉન કહેતા હતા : ‘What will distinguish the nations in the future is not simply the ownership of resources. What will distinguish a country in the future is the quality of its people, the potential and talent that is brought out by education system.’ વળી, શિક્ષણ પદ્ધતિ સુધારવા એમણે ચાર સૂત્રીય કાર્યક્રમ સૂચવેલો : ‘Focus on the quality of teachers. Focus on school leadership. Focus on the creativity in the curriculum. And focus on new technological changes.’

ડુબાઈ ડાયરી

આરબ દેશોની પ્રગતિમાં, નૂતન શિક્ષણ પદ્ધતિની માફક, પત્રકારત્વનાં નૂતન માધ્યમો પણ અગત્યનો ભાગ ભજવશે એવો 11મી આરબ મીડિયા ફોરમનો અભિપ્રાય હતો. આ ચર્ચાસત્રમાં ત્રણ હજારથી વધારે અરબી પત્રકારત્વની દુનિયાના પ્રતિનિધિઓએ હાજરી આપી હતી. પત્રકારત્વની બદલાતી સૂરત અને નવાં માધ્યમોએ આરબ ક્રાંતિમાં કેવો અને કેટલો ભાગ ભજવ્યો હતો એની લાંબી તેમ જ ઊંડી ચર્ચા થઈ હતી. અહીં મોટી સમસ્યા એ રહ્યા કરે છે કે, ‘Arab Government still dominate news outlets and that remains a real problem for the Arab world.’ આ રંજ ચર્ચામાં ડોકાતો હતો. તેમ છતાં, પ્રતિનિધિઓને આ નૂતન માધ્યમો અંગે આશા બંધાઈ છે. એમને લાગ્યું કે ‘સોશિયલ નેટવર્ક’ની ઊંડી અસર પેદા થઈ છે અને તે વધવામાં છે. કારણ કે એ માધ્યમનો મંત્ર - Freedom and Development - નવી પેઢી પર એક જાતની જાદુઈ અસર કરતો રહ્યો છે.

•

‘સિવિલ ડિસોબિડિયન્સ’ - આપણી સમસ્યા !

બહાર રેતીનો ઝંઝાવાત ફેલાઈ રહ્યો છે. રેતીની ડમરીઓથી ગભરાઈ દીપિકાની કૂતરી, Talisker, ઘરમાં ભાગી આવી અને હું ય ઘરમાં જઈ બેઠો. ગુજરાતના રાજકારણની ગૂંચ વિશેની નોંધ તેથી તપાસતો બેઠો હતો.

હાવર્ડ જીન નામે એક ભારતીય કવિએ આ સમસ્યા વિશે લખ્યું છે :

આપણી સમસ્યા શી છે ?
તમે જો એમ કહો કે સિવિલ ડિસોબિડિયન્સ (સવિનય કાનૂનભંગ) એ આપણી સમસ્યા છે
તો તે ખોટી વાત છે.
આપણી સમસ્યા સિવિલ ડિસોબિડિયન્સ નથી,
પરંતુ સિવિલ ઓબિડિયન્સ છે.
આપણી ખરી સમસ્યા એ છે કે લોકો આજ્ઞાંકિત છે.
નાના નાના ચોરને કારણે આપણી જેલો ચિક્કાર ભરેલી છે.
અને આપણા દેશની સરકાર ભ્રષ્ટ ચોર લોકો ચલાવી રહ્યા છે
એ આપણી સમસ્યા.

આપણા નામી ચિંતક - લેખક, ગુણવંત શાહ આ અંગે વધુ પ્રકાશ પાડી લખતા હતા : ‘નમાલા માણસો જ દેશને ગરીબ રાખે છે અને ભ્રષ્ટાચારને પોષે છે. દેશનું કમનસીબ એ છે કે આ નિર્વીર્ય માણસો પણ સંતાનો પેદા કરવામાં મોખરે હોય છે. દેશમાં નિરાશાનું વાતાવરણ જામેલું છે. ભ્રષ્ટાચારથી મુક્ત હોય એવું કોઈ કાર્યક્ષેત્ર બચ્યું નથી. ભ્રષ્ટાચાર તો ભયંકર છે જ, પરંતુ ભ્રષ્ટાચાર કરતાં ય ભયંકર એવી ખરી બાબત એ છે કે ભ્રષ્ટાચાર પ્રત્યેની સૂગ નષ્ટ થઈ છે. ગંદકી કરતાં ય વધારે ખતરનાર બાબત એ છે કે લોકોને ગંદકી કોઠે પડી જાય. ભ્રષ્ટાચારને જે સ્વીકૃતિ પ્રાપ્ત થઈ છે એ માટે ઢીલા ઢીલા અને ભલા ભલા માણસો.’

રાજકીય પક્ષો પર વિશ્લેષણ કરતાં એક ચિંતક કટાર લેખકનું મંતવ્ય હતું, ‘ભારતના પ્રાદેશિક પક્ષો પાસે એક રાષ્ટ્રીય, અખિલ ભારતીય દૃષ્ટિકોણ નથી. તેમની પ્રદેશિક ઓળખ અને ગૌરવથી ઉપર તે આવી શકે એમ નથી લાગતું. ભારતને એવા પક્ષોની જરૂર છે જે ભારત વ્યાપી અસ્તિત્વ અને દૃષ્ટિ ધરાવતાં હોય. કોંગ્રસ પક્ષ અને ભારતીય જનતા પક્ષ આજે સૂકાન વિનાના વહાણ જેવા છે.’

•

અરબી વસંત ઋતુ પછી ‘ગલ્ફ ડીનાર’ : અરબી ‘યૂરો’ ?!

અરબી અખાતમાંના છ દેશોનું નાણાંકીય ચલણ ‘ગલ્ફ ડીનાર’ હોવું જોઈએ, એવું જોરદાર સૂચન ડૉ. ખાલેદ રશીદ નામક એક અરબી અર્થશાસ્ત્રીએ કર્યું છે. કતારના પાટનગર ડોહામાં આવેલા ‘આરબ સેન્ટર ફૉર રિસર્ચ ઍન્ડ પૉલિસી સ્ટડીસ’ સાથે એ સંકળાયેલા છે. પોતાના સંશોધનાત્મક નિબંધ ‘The Monetary Union of the Gulf Co-operation Council of Structural Changes’માં એમણે આવું કહ્યું છે.

યુરપ ખંડના ચલણ ‘યૂરો’ની અહીંના માધ્યમોમાં ચર્ચા પૂરજોશમાં આવે છે. એવે સમયે ખાલેદ રશીદ કહે છે કે ગલ્ફના (ખાડી) દેશોમાં ‘ગલ્ફ ડીનાર’ અને આર્થિક - નાણાંકીય ગઠબંધનની વાતો - ચર્ચાઓ કદાચ લોકોને અસ્થાને લાગશે. પરંતુ અહીં જ્યારે આરબ દેશો એક મસ્સમોટા ક્રાંતિકારી સમયમાંથી પસાર થઈ રહ્યા છે, ત્યારે આરબ એકતા - બંધુભાવે, જે ઈસ્લામના ઉસૂલો છે, તેને અભિવ્યક્ત કરવાનો આ સમય છે. વળી, રાજકીય નજીકતા પણ કેળવાય તે

જરૂરી છે. ઇતિહાસ - ભૂગોળ આપણી સાથે છે અને એ બાબતોને ધ્યાનમાં રાખીએ તો અડચણો દૂર ભાગે, એવું એમનું માનવું છે.

આ બધી ચર્ચા બાદ, ખાલીદ રશીદ લોકોને - આરબ જનતાને બહાર નજર કરવા તથા નિરીક્ષણ કરવાની હાકલ કરે છે. BRICS દેશો - બ્રાઝિલ, રશિયા, ભારત, ચીન અને દક્ષિણ આફ્રિકા -નો આર્થિક વિકાસ અને તાકાતથી દુનિયામાં પ્રભાવ વધી રહ્યો છે. તે તરફ આરબ દેશો અને લોકોનું ધ્યાન ખેંચતા ખલીદ રશીદ લખે છે : 'The Gulf would be strong economic force if it establishes a single economic union.' વિશેષમાં એ ડોલર અને અમેરિકાની આર્થિક સ્થિતિની વાત છેડે છે. અત્યાર સુધી, દાયકાઓથી આરબ દેશો પોતાના વ્યાપાર - વાણિજ્ય માટે અમેરિકાના ડોલરની સાથે સંબંધ - નાતો જોડી રાખ્યો છે. હવે વખત આવી ગયો છે કે આપણું નાણાંકીય વહાણનું લંગર 'Let it slip from the safe harbour of exchange that Gulf has adopted for decades.' કારણ કે 'The US economy and the dollar are in long-term decline.'

અરબી અખાતના દેશો માટે નાણાંકીય અને આર્થિક - રાજકીય ગઠબંધનની વાતો - ચર્ચાઓ ચકડોળે ઘૂમરાયા કરે છે. મે 2012ના મહિના દરમિયાન ખાલેદ રશીદે આ ચર્ચાના ચકડોળની ગતિ ધીમી કરી આ નિબંધ પ્રકાશિત કર્યો છે અને નેતાઓને તથા આરબ પ્રજાને હાકલ કરી છે કે આરબ એકતા અને બંધુભાવ (એમના નિબંધના શબ્દો છે Partnership and Solidarity) માટે સામેલ થાય.

આવી Partnership and Solidarityમાં આડખીલી સમાન રહે છે અમીરાત, અને કંઈક અંશે ઓમાન. અમીરાત એટલે દુબાઈ, અબુ ધાબી, શારજાહ અને બીજા ત્રણ નાના મુલકો. અમીરાત ઘણું જ સમૃદ્ધ અને પ્રગતિશીલ રાજ્ય છે. વેપાર-વાણિજ્ય માટે એ દેશની નેતાગીરી અમેરિકાની સાથે સરખામણી કરે છે. અમીરાતના એક પ્રવકતાના કહેવા મુજબ, 'The UAE [United Arab Emirates] and the US stand out as models of countries being open to international business. The UAE boasts four different carriers, namely *Emirates, Etihad, Al Arabia* and *Fly Dubai* which together connections to cities across the world.' 2011ના વર્ષનો વેપાર વણજનો આંકડો રજૂ કરતા તેઓ જણાવે છે કે અમારી આયાત નિકાસ છે : 253 અબજ ડોલર જેમાં આયાત 164 અબજ ડોલર, નિકાસ 89 અબજ ડોલર.

આવા સંજોગોમાં ખાલેદ રશીદનો 'ગલ્ફ ડીનાર' વિશેનો પ્રસ્તાવ ભાવિ ગર્ભમાં કેટલે ટકશે; કોણ કહી શકે ? યુરોપનો યૂરો ગર્ભાધાન બાદ ચાળીસ વરસે અસ્તિત્વમાં આવેલો. 22 નવેમ્બર 1970ના તેનું માળખું વિચારાયું, જ્યારે યૂરોએ 2002માં દેખા દીધી. અને હવે દશ જ વરસમાં તેની હાલત ડામાડોળ લાગે છે. પરંતુ ખાલેદ રશીદ કહે છે, આરબ દેશોની ભૂગોળ અને તેનો ઇતિહાસ યુરોપથી જુદાં છે. એટલે હું નિરાશાવાદી નથી. જરૂર આરબ દેશોનું એક નવું ચલણ - 'ડીનાર'નો જન્મ થશે !!

•

આરબ દેશોમાં ભારતીય મજદૂરોની કરમ કહાણી

છેલ્લા બેત્રણ દાયકાઓમાં ભારતીય ઉપખંડથી ભરતી થયેલા મજદૂરોની સંખ્યામાં વધારો થતો જ રહ્યો છે. અબી હાલના આંકડાઓ બોલે છે કે 60-70 લાખ જેટલી એ વસ્તિ થવામાં છે. એમાં ભારત દેશને વિદેશી હૂંડિયામણનો મોટો લાભ થતો રહ્યો છે. ગુજરાતના ગામડાંઓમાં પુરુષ વર્ગની સંખ્યા પાંખી જોવા મળે, પરંતુ મકાનો પાકા અને અદ્યતન સગવડવાળાં જોવા પામીએ. બૈરી-છોકરાં થોડા સુખમાં હોય તેમ લાગે. પણ આ મજદૂરોની આરબ દેશોમાં, ધૂમ તડકામાં અને કુટુંબથી દૂર, એની હૂંફથી દૂર રહેનારાઓની સ્થિતિ કેવી હોય, તેની કોઈ ભાળ ખરેખર કોઈ રાખતું હશે કે ? એ મજદૂરો કેવી રીતે રહે છે, એમની રહેણી-કરણી કેવી છે, એમને કેવી મુસીબતોનો સામનો કરવો પડે છે, એકલા રહેવાથી કેવી સમસ્યાઓ પેદા થાય છે, એ વિશે સાંભળવાનું, વાંચવાનું મળતું નથી. ઉપખંડી દેશોની સરકારો પણ એ વિશે મૌન સેવે છે.

આરબ દેશોમાં ભારતીય ભણેલો વર્ગ પણ સારા પ્રમાણમાં અહીં આવીને વસ્યો છે અને સાહ્યબીનું expatriate (પરદેશ નિવાસનું) જીવન જીવે છે. આ લોકોએ પોતાના મજદૂર દેશબંધુઓની ખેવના તકેદારી રાખી હોય; તે સારુ કોઈ સંસ્થા ઊભી કરી હોય તેમ જોવા-જાણવા-વાંચવા ક્યાં ય જડ્યું નહીં. દીકરી જમાઈ, દીપિકા - કૈલરના નિવાસસ્થાને કામ કરવા આવતા મજદૂરો મોટે ભાગે પાકિસ્તાનીઓ અને દક્ષિણ ભારતીયો છે. તેમની સંગાથે વાત કરતાં જણાયું કે આ અરબી જાહોજલાલી - સાહ્યબી માણતો વર્ગ, એમના દેશબંધુઓને મદદરૂપ બનવાને બદલે તેમને કનડગત કરે છે. પૂરતો પગાર આપવામાં ય આનાકાની કરે છે અને કહી દે, બહુ ફરિયાદ કરશો તો 'સ્પોન્સરશિપ' રદ્દબાતલ કરી નાંખીશું. આવી આવી ધમકીઓ તેઓ આપતા ફરે છે ! વળી, એવી કોઈ સંસ્થા પણ જોવા ન મળી કે જે દેશબંધુઓને દેખભાળ રાખવામાં, તેમની સમસ્યા હલ કરવામાં આગળ આવે.

દુબાઈમાં દીપિકા - કૈલર એક ચર્ચ-સંસ્થા - અમીરાત ફેલોશિપ ચર્ચ - સાથે સંકળાયેલાં છે. દીપિકા શિક્ષણ આપવાના વિભાગમાં પોતાની સેવા આપતી રહી છે. એમની સાથે ચર્ચ સંસ્થાના સ્થાપકો - સેવકો સાથે અલપઝલપ વાતોમાંથી ઘણું મળ્યું. એમાંની થોડી વિગતો અહીં રજૂ કરું છું : મજદૂરો માટે 'લેબર કેમ્પ્સ' (મજદૂરોની છાવણીઓ) બાંધવામાં આવે છે, જે મુખ્ય શહેરથી ઘણી દૂર અને રણ પ્રદેશમાં હોય છે. આવી છાવણીમાં 2,000 - 5,000 મજદૂરોની રહેવાની સગવડ કરવામાં આવે છે. આ અઠવાડિયાના (મે-જૂન 2012) એક અખબારમાં સમાચાર આવ્યા છે કે એક નવા પ્રકારનો 'લેબર કેમ્પ' / ગ્રામ બાંધવામાં આવી રહ્યું છે, જેમાં 6,000થી વધારે મજદૂરોને રહેવાની સગવડ કરવામાં આવશે. 75,000 ચોરસ મિટર વિસ્તારમાં બંધાઈ રહેલા કેમ્પમાં 11,000 મજદૂરો રહી શકશે, એવું બાંધનાર પેઢીનું કથન છે : 'This new workers' village will be able to enjoy quality accommodation equipped with modern facilities.'

પરંતુ, આ બધું છતાં એમની હાલત તો જુઓ : દરેક ઓરડામાં 6-8 મજદૂરો માટે બન્ક બેડમાં સૂવાની સગવડ, રસોડું અને બીજી બધી સગવડ સાર્વજનિક. મજદૂરોને સવારના ચાર વાગ્યે, મળસકે બસ લેવા આવે. રાતે આઠેક વાગ્યે કેમ્પ પર મૂકી જાય. સખત તડકામાં કામ કરીને આવેલા મજદૂરો થાકી ગયા હોય અને પછી રાંધવાનું, કપડાં ધોવાનું અને નાનાંમોટાં કામોમાં પરોવાઈ જવાનું, અને છેવટે નવ-દશ વાગ્યે સૂઈ જવાનું ! જીવનની શુષ્કતા જ અહીં મરી જાય. હા, આવી કાળી, કપરી મજૂરી માટે સરેરાશ ઓછામાં ઓછા 3,000 થી 4,000 ધીરમ એટલે રૂ. 60,000 મળે ખરા. પરંતુ એમાં વળી કંપનીના આડતિયાઓ થોડો ભાગ પડાવી જાય. તદ્દુપરાંત, ઘણો ભાગ લાખો રૂપિયાનું દેવું કરીને ભરતી થયા ત્યારના દલાલો - શરાફોને ભરપાઈ કરવાનો હોય. મજદૂરોનું શોષણ બધેથી થાય. અમીરાત ફેલોશિપ ચર્ચ સાથે આ દયાજનક સ્થિતિ વિશે નિરાંતે વાત થઈ. એમના સેવકો આ દયાજનક સ્થિતિમાં મદદરૂપ થવા, સહાયભૂત થવા મજદૂરોની પાસે જાય અને 'લેબર કેમ્પ' ચલાવતા માણસોને મળે; રાશન પૂરવઠો પૂરો પાડે, કપડાં વગેરેની ય સહાય કરે. દેશમાંના સગાંસંબંધીઓ સાથે સંપર્ક રહી શકે તે સારુ મોબાઈલ ફોન અને 'સીમ કાર્ડ' [sim card] પણ ભેટરૂપે આપી આવે.

અહીં મજદૂરોમાં, થોડા વખતથી, સ્ત્રીઓની ભરતી કરવામાં આવી રહી છે. નેપાળથી, આફ્રિકાના વિવિધ દેશોમાંથી, શ્રીલંકાથી, ફિલિપાઈન્સ વગેરે દેશોથી યુવા સ્ત્રીઓની ભરતી થાય છે. દીપિકા નેપાળી મજદૂરણોનો વર્ગ ભરે છે. આ સ્ત્રીઓ ગરીબ કુટુંબોમાંથી આવે છે. પોતાના કુટુંબીઓને સહાયરૂપ થવા અહીં કપરી મજૂરી કરે છે. 'લેબર કેમ્પ'માં, દીપિકાને જાણવા મળ્યું તે મુજબ, આ સ્ત્રીઓનું જીવન સમસ્યાઓથી ભરપૂર છે. કારણ આજુબાજુ પુરુષ મજૂરોના રહેઠાણ હોવાને કારણે તેમની બૂરી નજરના શિકાર થઈ પડાય છે ! ફક્ત આવા 'લેબર કેમ્પ'માં જ નહીં, પણ બાંધકામની જગ્યાઓ, કામ કરવાની જગ્યાઓ પર પણ જબ્બર મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે.

જૂન મહિનો આવે એટલે અહીં ગરમીનો પારો ઊંચે ચડતો જ રહે અને આવા ધૂમ તડકામાં કામ કરવું અસહ્ય બની જાય છે. અબુ ધાબીની સરકારે આ

ગુજરાતના બહારવટિયાની વાતો, અંગ્રેજ અમલદારની કલમે

• દીપક મહેતા

ઓગણીસમી સદી પૂરી થવાને બે-ત્રણ વર્ષની વાર હતી, ત્યારની આ વાત. અંગ્રેજ સરકારનો એક અધિકારી. બદલી થઈ છે કાઠિયાવાડમાં. ટ્રેનમાં બેસીને વઢવાણથી રાજકોટ જઈ રહ્યો છે. મુલક નવો છે. બારી બહાર સતત નજર ફર્યા કરે છે. એક પછી એક નાનાં મોટાં ગામો આવે છે ને જાય છે. પણ ચકોર નજર એક વાત નોંધી લે છે : લગભગ દરેક ગામની ફરતી દીવાલ ચણેલી છે અને ગામમાં આવવા જવાના રસ્તા ઉપર નજર રાખી શકાય તે માટે માંચડા બાંધેલા છે. મનમાં સવાલ થાય છે, આમ કેમ? પછી તો કાઠિયાવાડમાંના છએક વર્ષના વસવાટ દરમિયાન એ સવાલનો જવાબ મળે છે. બહારવટિયાઓના હુમલાથી બચવા માટે લોકો એ દીવાલો ચણતા અને માચડા બાંધતા, પણ એ આટલો જવાબ મેળવીને અટકતો નથી. બહારવટિયાઓ વિશેની બને તેટલી વાતો ભેગી કરે છે અને પછી એ વાતો અંગ્રેજીમાં લખીને પહેલાં મુંબઈથી પ્રગટ થતા અખબાર "ટાઈમ્સ ઓફ ઈન્ડિયા"માં, અને પછી પુસ્તકરૂપે પ્રગટ કરે છે. એ પુસ્તકનું નામ 'આઉટ લોઝ ઓફ કાઠિયાવાડ એન્ડ અધર સ્ટડીઝ' અને એનો લેખક તે ચાર્લ્સ કિનકેડ (૧૮૭૦-૧૯૫૪). જે અખબારમાં લેખો પ્રગટ થયા હતા તેના જ પ્રેસમાં છપાઈને ૧૯૦૫માં આ પુસ્તક બહાર પડેલું. બહારવટિયાઓ વિશેના લેખો ઉપરાંત બીજા થોડા લેખો પણ તેમાં સમાવ્યા છે. બહારવટિયાઓનાં લેખકે ત્રણ મુખ્ય જૂથ ગણાવ્યાં છે: ગરાસિયા બહારવટિયા, વાઘેર બહારવટિયા અને મિયાણા બહારવટિયા. અને પછી તેમને વિષે ભાટ ચારણો પાસેથી સાંભળેલી કેટલીક કથાઓ આપી છે. રાણીંગવાળા, બાવાવાળા, મૂળુ માણેક વગેરેને લગતી વાતો કહેતી વખતે લેખકે ભાટ ચારણોનાં કવિતાના પદ્યાનુવાદ પણ આપ્યા છે. જુદા જુદા બહારવટિયાઓની ઘોડીઓ વિષેની કથાઓનું પણ એક આખું પ્રકરણ છે.

પુસ્તકમાં સમાવેલ બીજા લેખોમાં આપણી ભાષાની પહેલી નવલકથા - નંદશંકર મહેતાની 'કરણ ઘેલો' વિષે પણ લાંબો લેખ છે. જો કે તેમાં લેખકે મુખ્યત્વે તેની કથાનો સાર જ આપ્યો છે.

ગુજરાતના ઈતિહાસ અને લોકકથાઓમાંના રસને કારણે લેખક આ નવલકથા તરફ આકર્ષાયા છે. પારસીઓ તેમનાં રીતરિવાજ, તેમની માન્યતાઓ, ભાષા વગેરેનો પરિચય આપતા લેખમાં પારસી બોલી અંગે વાત કરતાં ગુજરાતી લિપિમાં પણ શબ્દો છાપ્યા છે. પુસ્તકના છેલ્લા લેખમાં હરપાલ મકવાણાની વાર્તા આપી છે. લેખક આરંભમાં કહે છે કે અલેકઝાન્ડર ફાર્બસે રાસમાળામાં આ વાર્તા આપી છે અને નંદશંકરે પણ તેમની નવલકથામાં તેને વણી લીધી છે, છતાં હું અહીં આ વાર્તા ફરી આપું છું કારણ એ બંને-લેખકોને જે કથાકૃતિઓ જોવા મળી નહોતી તે મને જોવા મળી છે અને તેમાં કેટલીક નવી વિગતો આપેલી છે. પુસ્તકને અંતે પોતે અંગ્રેજીમાં લખેલું ચાર પાનાનું કાઠિયાવાડ વિશેનું કાવ્ય લેખકે મૂક્યું છે. અને પુસ્તક અર્પણ કર્યું છે કાઠિયાવાડના રાજવીઓને અને લોકોને. તેમની સાથે ગાળેલાં છ વર્ષ એ મારા જીવનના સૌથી વધુ સુખદ દિવસો હતા એમ પણ અર્પણમાં કહ્યું છે. અહીં જે લેખો સંગ્રહાયા છે તેમાંના કેટલાક બહેરામજી મલબારીના "ઈસ્ટ એન્ડ વેસ્ટ" નામના સામયિકમાં છપાયા હતા. સોરઠી બહારવટિયાઓની વાતોને આકર્ષક રીતે ઝવેરચંદ મેઘાણીએ લોકો સમક્ષ રજૂ કરી, તે પહેલાંનો કિનકેડનો આ પ્રયત્ન છે.

બહારવટિયાઓ બ્રિટિશ સરકાર સાથે પણ સંઘર્ષમાં ઉતરતા અને પોતે આ વાતો અંગ્રેજીમાં લખે છે તો પણ લેખકે અહીં તેમને સમભાવપૂર્વક જોવા અને આલેખવાનો પૂરો પ્રયત્ન કર્યો છે.

(સદ્ભાવ : 'વર્ડનેટ', "મુંબઈ સમાચાર" ૨.૦૮.૨૦૧૨)

e.mail : deepakbmehta@gmail.com

(અનુસંધાન પાન 12 પરેથી)

અઠવાડિયામાં મજદૂરોને ગરમીમાં રાહત આપવા માટે ત્રણ મહિનાના સમયગાળામાં - 15 જૂનથી 15 સપ્ટેમ્બર, મધ્યાહ્ને વિશ્રાંતિ [mid-day break] માટે 12.30 - 15.00 કલાક વચ્ચેની સગવડ કરી આપી છે. કાયદો ભંગ કરે તેને 2,000 પૌંડ જેટલો દંડ ભરવાનો હુકમ પણ બહાર પડ્યો છે. મજદૂરો આ 'મિડ-ડે બ્રેક'ના સમાચાર સાંભળી રાજી થયાં છે. પરંતુ એની અવેજમાં કંપની માલિકો પૈસા કાપી લે એનો ભય તેમને સતાવી રહ્યો છે.

આવા નાનામોટા સુધારાઓ અરબી સરકારો કરી રહી છે. પરંતુ મજદૂરોનું મંતવ્ય છે કે આપણી સરકારના મંત્રીઓ, રાજકારણીઓ, ભારતીય સંસ્થાઓ આ અંગે કેમ ચુપચાપ બેઠી રહ્યાં છે ? આ વિશે પહેલ કરતાં ક્યારે ય તેમને સાંભળ્યાં છે ખરાં ? વિદેશી હૂંડિયામણનો લાભ ઉઠાવે છે, મજદૂરોની મુશ્કેલીઓ કોણ સાંભળે છે ? અહીં કામ કરતાં મજદૂરોની કરમકહાણી આંસુની કહાણી છે. સખત પરસેવાની કહાણી છે. અને હવે વખત આવી ગયો છે કે આ ભારતીય રાજકારણીઓ, નેતાઓ મજદૂરોની મુશ્કેલીઓ અને સમસ્યાઓ પર વિચાર કરે અને મદદરૂપ થવા કંઈક કરે.

['Kamal Kunj', 3 Buckingham Mews, SUTTON COLDFIELD,
West Midlands B73 5PR U.K.

નિરુત્તર અનાગત ભણી

• જ્યોત્સ્ના ય. ત્રિવેદી

બેટા!
ગઈ કાલે તો હજી તું મારી આંગળી પકડીને
નિરુત્તર અનાગત ભણી કુંવારી આશાઓ લઈને
ચાલતા શીખતો હતો!
અને આજે બેટા!
થેમ્સને કિનારે શ્વેત સી-ગલ્સની ધ્રુજતી પાંખો જેવી
કડકડતી ઠંડીમાં ઠરડાતી મારી વૃદ્ધ આંગળીઓને
તું તારી પૂર્વ અને પશ્ચિમની સીમારેખા ઓળંગી જતી
વિશ્વકવિતા જેવી આંગળીઓથી પકડીને
મને કાળના ચક્ર જેમ ફરતું
'London Eye'નું ચક્ર બતાવે છે.
ત્યારે બાજુમાંથી પોતાના સોનેરી વાળ ઉછાળતી
એક બ્રિટિશ યૌવના પ્રશ્નાર્થની જેમ ચાલી જાય છે.
આમે ય તને યુરોપની વસંત અને સોનેરી કેશ ખૂબ ગમે છે ને!

તેં શૈશવને અલવિદા કહી
અને મેં યૌવનને ...!
થેમ્સ કે ગંગા, હિમાલય કે લંડનનો વરસતો સ્નો
સનાતન સત્યો છે શાશ્વતીનાં ...
ને હું તો કવિતા લખેલું જીર્ણ મેપલનું પર્ણ છું ...
આવતી કાલે કદાચ
અચાનક જ લંડનમાં ઢળી જતી આ શિશિરની સાંજ જેમ
કે લંડનના સૂસવતા વૃદ્ધ પવન જેમ
જો હું ચાલી નીકળું સુદૂર શાશ્વતીનાં પ્રાંગણ ભણી તો
તું દિગ્મૂઢ બની ઉખેળતો નહિ અતીતની સ્મૃતિઓના ફરકડાને
બેટા!
જિંદગીની ટચૂકડે આંગળી પકડીને ચાલી નીકળજે
કોઈ અનાગતના સુંદર લૅન્ડસ્કેપ ભણી ...!

સૌજન્ય : "કવિલોક", મે-જૂન 2012, પૃ: 18

મળ્યાં વર્ષો તેમાં અમૃત લઈ આવ્યો અવનિનું ...

(સૌજન્ય : બ્રિટિશ બ્રોડકાસ્ટીંગ કોરપોરેશનની વેબપેઈજ, 06 ઑગસ્ટ 2012)

આ છેલ્લાં ચાળીસ વરસોમાં, આ છબિ અનેક વાર અહીંતહીં પ્રગટ થતી આવી છે; તેથી, જોનારાને તેમાં નવાઈનું જોણું નહીં મળે ! … ફોટામાં કોણ કોણ છે, તેમનાં નામો ખણખોદ કરવા બેસીએ તો જડવા અઘરા નથી; છતાં … લાગે છે એવું કે મોટા ભાગે આ બેત્રણ ગુજરાતી પરિવારોનું વૃંદ છે.

4 ઑગસ્ટ 1972. યુગાન્ડાના સર્વસત્તાધીશ જનરલ ઈદી અમીને 90 દિવસની મહેતલથી હિન્દીઓને દેશ છોડી જવાની હાકલ કરી છે. આ હિન્દી નસ્સલની પ્રજામાં ગુજરાતીઓ સવિશેષ છે. અમીનના આ નિર્ણય સારુ ખરાં કારણો જણાયાં નથી, પરંતુ તેમના કેટલાક અંતેવાસીઓના મત અનુસાર, અમીનને સપનું આવેલું અને સપનામાં ઈશ્વરે તેને આ લોકોને હાંકી કાઢવાનો આદેશ આપેલો ! … આજે આ ઘટનાને 40 વર્ષ થયાં.

ખેર … ! … તત્કાલીન યુગાન્ડા પ્રમુખ ઈદી અમીને જાહેરાતમાં કહેલું, ‘સામાન્ય યુગાન્ડાવાસીઓ પોતાનું નસીબ અજમાવી જોવા કૃતનિશ્ચયી બને તે માટે અમે બનતું સઘળું કરી છૂટવાના છીએ. વળી, તે સૌ કોઈ મુલકની દોલત માણી શકે તેની પણ અમારે શક્યતાઓ ઊભી કરવાની છે. દેશના ઇતિહાસમાં પહેલવહેલી વખત, યુગાન્ડાના અર્થતંત્રની તાબેદારી આ યુગાન્ડાવાસીઓને હવાલે કરવાની અમારી પાક્કી નેમ છે.’

યુગાન્ડામાંની આ લઘુમતી સાફસૂફીમાં હિન્દવી પ્રજા સવિશેષ હતી. તત્કાલીન યુગાન્ડા સરકાર માનતી હતી કે આ જમાત ધનદોલતનો ઢગ ખડકીને બેઠી છે અને દેશની મૂળ પ્રજાને તેનો કોઈ જ લાભ મળતો નથી. અને તેને કારણે યુગાન્ડાનું અર્થતંત્ર સબળું રહેતું નથી અને મુલકને આથી નુકસાન થાય છે.

બ્રિટિશ શાસન વેળા અનેક વસાહતીઓની આ મુલકમાં સરકારી દફતરોને સારુ કારકૂની કરવા તેમ જ બાંધકામ અને ખેતીવાડી સારુ અણકસબી / અરધાપરધા કસબી હાથ-કારીગરોની મોટી ભરતી કરવામાં આવેલી. યુગાન્ડાના કપડાંલતાંના ધંધામાં અને બેન્કના વેપારવણજમાં અનેક હિન્દીઓની અંગ્રેજ શાસકોએ ભરતી કરેલી. આ ક્ષેત્રે આ જમાતની બહુમતી હતી અને તે કેટલાક શાસકોને સારુ ચિંતાનો સવાલ હતો. યુગાન્ડામાં વેપારવણજ તેમ જ ઉદ્યોગધંધાના ક્ષેત્રે આફ્રિકીકરણ લાવવાની તરફેણ કરતો એક અહેવાલ 1968ના અરસામાં તે સંબંધખ સરકારી સમિતિ વતી બહાર પડેલો. પરિણામે, 1969ના અરસામાં, આર્થિક તથા વ્યવસાયી ક્ષેત્રે ભારતીયોની સંખ્યાને અંકુશમાં આણવા ‘વર્ક પરમિટ’ તથા વેપારવણજ અંગે ખાસ પરવાના પદ્ધતિ દાખલ કરવામાં આવેલી. આમ, ભારતીયોને નોખા પાડી, અલાયદા કરવાની તેમ જ તેમના પ્રતિ ભેદભાવની નીતિ અપનાવાતી રહી.

મિલટન ઑબોટેની સરકારને હડસેલીને, લશ્કરના વડા અમીને સત્તાબદલી કરી, ત્યારે તેણે હિન્દીઓ પ્રતિના તીવ્ર અણગમાયુક્ત ઝેર ઓકવાનું ચાલુ રાખેલું. અને પછી આની પછીતે આ હકાલપટ્ટીનો સિલસિલો શરૂ થયેલો.

એક અંદાજ અનુસાર, એશિયાઈઓની હકાલપટ્ટીને પગલે પગલે આંચકી લેવાયેલા ધંધાધાપાની સંખ્યા 5,655ની અંકાઈ હતી. દેખીતા રાજકીય કારણોને ધ્યાનમાં રાખી, મોટા ભાગની એટલે કે 5,443 જેટલા ધંધાધાપા વ્યક્તિઓને ફાળવી દેવાયેલા. 176 જેટલા સરકારી ખાતાઓને સુપરત કરાયેલા. 33 જેટલા અર્ધ સરકારી સંસ્થાઓને અને બાકીના બે ધર્માદા સંસ્થાઓને અપાયેલા.

આ હકલાપટ્ટી થયેલા મોટા ભાગના લોકો પાસે બ્રિટિશ પાસપોર્ટ હોઈ, તે બ્રિટનના નાગરિક લેખાયા. પરિણામે, બ્રિટનમાં 27,200 લોકો આવીને વસ્યા. જ્યારે કેનેડામાં 6,000, ભારતમાં 4,500 તેમ જ 2,500 જેટલા કેન્યા જઈ વસેલા. એકાદ હજાર લોકો અમેરિકા અને પશ્ચિમ જર્મની ગયા. બીજાત્રીજા દેશોમાં નાનીમોટી સંખ્યા જઈ વસી. કહે છે કે આશરે 20,000 લોકો ક્યાં થાળે પડ્યા તેની કોઈ માહિતી મેળવી શકાઈ નથી.

અહીં બ્રિટનમાં શરણાર્થીઓની છાવણીઓમાં જઈ વસેલી આ વસાહતના મોટા ભાગના લોકો દેશ ભરમાં વહેંચાઈ ગયાં છે. એમાંના કેટલાંકે ભારે પ્રગતિ પણ કરી છે. વરસો કેડે, યુગાન્ડામાં શાસનમાં ફેરફાર થયા. અમીનને ભગાડી મૂકવામાં આવ્યો અને હવે મુસેવિનીના શાસન દરમિયાન, આ વસાહતીઓમાંથી કેટલાંક પાછા ફર્યા છે અને ત્યાં નવેસરથી વેપારવણજમાં જામી પડ્યા છે. અને ત્યાં લીલાલહેર પણ કરે છે.

આ દાસ્તાઁનાં દયાબહેન - મનસુખભાઈ શાહ સરીખાં સહાયકો - સાક્ષીઓ હજુ આપણી વચ્ચે છે. તેમની કનેથી વિગતો મેળવાય તે હકીકત જાણી શકાય.

એ ગુજરાતીની સ્ત્રીભાવપ્રણવતા જોઈ ભલભલા છક રહી જતા

ઝબકાર ગુજરાતનો

• રજનીકુમાર પંડ્યા •

અમૃતલાલ જાની

રાજકોટ રેડિયો સ્ટેશન શરૂ થયું 1955ની સાલના જાન્યુઆરી મહિનામાં, એ વખતે રાજકોટનો રેસકોર્સ વિસ્તાર નિર્જન જેવો હતો અને દૂર દૂર સુધી વેરાન હતું . રેડિયો સ્ટેશન એક કૌતુક સમાન હતું જેને દૂરથી પણ જોઈને લોકો રોમાંચ અનુભવતા. શરુઆતમાં ખાસ કાર્યક્રમો નહોતા આવતા પણ એનો સુવર્ણયુગ શરૂ થયો 1960 પછી. ઓછામાં ઓછો એ પૂરો એક દસકો ચાલ્યો. હેમુ ગઢવી, દિવાળીબહેન ભીલ, અને ભજનિકો પ્રાણલાલ વ્યાસ અને મુગટલાલ જોશી એ બધાં જ સિતારાઓ રાજકોટ આકાશવાણીના આકાશમાં ઉગ્યા અને હંમેશને માટે લોકહૃદયમાં સ્થાન પામ્યાં. એવી પ્રતિભાઓને ગામડે ગામડે ફરીને ખોળી કાઢનારા મરજીવાઓ ચંદ્રકાંત ભટ્ટ, ગિજુભાઈ વ્યાસ અને વસુબહેન ભટ્ટ. એમણે તો ઇંદુલાલ ગાંધી જેવા કરાંચીથી નિર્વાસિત થઈને આવેલા ઇંદુલાલ ગાંધી (‘આંધળીમાનો કાગળ’ અને ‘ભાદરમાં ધૂએ લુગડાં ભાણી’ જેવાં અમર ગીતોથી ખ્યાત), અમૃત જાની અને હરસુખ કીકાણી જેવા જામેલા કલાકારોને નિમંત્રીને પોતાના સ્ટાફમાં સામેલ કર્યા, તો ભરત યાજ્ઞિક, હસમુખ રાવળ કે દેવેન શાહ જેવા એ વખતે નવોદિત કહેવાય તેવા નાટ્યકારોને પોતાની નિશ્રામાં ઘડ્યા.

અમારા જેવા કે જેમણે અમૃત જાનીને માત્ર આકાશવાણીમાં જ જોયા છે, તેમને એમના જૂની (અને નવી પણ) રંગભૂમિમાં તેમણે કરેલા અતિ માતબર પ્રદાનની ખબર ના હોવી સ્વાભાવિક છે, પરંતુ ઇતિહાસના સોનેરી પૃષ્ઠોને કોઈ વાંચે કે ના વાંચે પણ એ તો અમીટના અમીટ જ રહે છે. મરજીવાઓને એ મળી જ રહે છે. તેમનો જન્મ 1912માં જુલાઈની 17મીએ મોરબી પાસેના ટંકારામાં, એટલે આ વર્ષે તેમની જન્મશતાબ્દિનું વર્ષ થયું. જૂના નાટકોમાં સ્ત્રીપાઠ કરવામાં ચીરસ્થાયી નામના પામનારા બે પુરુષ કલાકારો એટલે જયશંકર સુંદરી અને બીજા આ અમૃત જાની. બેઉની તુલના ના કરાય કારણ કે બન્ને અતુલનીય હતા. અને ત્રણેક વર્ષથી વધારે સમય સમકાલીનો પણ રહ્યા નહોતા.

1927માં અમૃત જાની અવેતન તખ્તા પર રાજકોટની એક સાંસ્કૃતિક સંસ્થાના ‘ભારત ગૌરવ’માં માત્ર પંદર વર્ષની કુમળી વયે છાયાદેવીની ભૂમિકાથી પ્રવેશ્યા અને એ સ્ત્રી પાઠની અદભુત અદાકારી જોઈને એ વખતે રાજકોટમાં શૉ કરતી રૉયલ નાટક મંડળીના માલિક મહાભાઈ શેઠ અને દિગ્દર્શક અને અભિનેતા લાલજી નંદા અને સોરાબજી કાત્રક તેમને પોતાની નાટક મંડળીમાં લઈ ગયા. એ માટે એમણે અમૃત જાનીના પિતા જટાશંકર સુંદરજી જાનીને બહુ સમજાવવા પડેલા. કારણ કે છેક 1900થી એ ખુદ રંગભૂમિ પર અભિનય આપતા આવેલા હતા, અને કેટલાંક નાટકોનું તો દિગ્દર્શન પણ કરી ચુકેલા હતા. પરંતુ એ જમાનામાં નાટકવાળાઓની મથરાવટી મેલી ગણાતી. એને ભવાયા-તરગાળાની કોટીના ગણવામાં આવતા. મોટા ઘરના મોભીઓ પોતાના સંતાનોને - અરે,છોકરાઓને પણ - નાટકની લાઈનથી દૂર જ રાખતા.

જટાશંકર જાની પણ પુત્ર નાટકમાં જાય તે માટે જરા પણ રાજી નહોતા, પરંતુ રોયલ નાટક કંપનીવાળાઓની સતત સમજાવટને કારણે અને વિશેષ તો નબળી આર્થિક સ્થિતિને કારણે, હા પાડવા મજબૂર બન્યા. કારણ કે દીકરાને ઓફર થયેલો માસિક રૂ ત્રીસનો પગાર. એ જમાનામાં બહુ જંગી ગણાય તેવો હતો, (મોરબી રાજ્યના ફોજદારનો પગાર પણ એટલો નહોતો.) એ રીતે રૂપાળા, કોમળ અને સુંવાળા ચહેરાવાળા અમૃત જટાશંકર જાનીનો એ વયને અનુરૂપ સ્ત્રીપાત્રો ભજવવા માટે ધંધાદારી રંગભૂમિ પર પ્રવેશ થયો. રૉયલ નાટક મંડળીમાં તેમને પધ્ધતિસરની આંગિક અને વાચિક અભિનય ઉપરાંત નૃત્યની અને સંગીતની તાલીમ આપવામાં આવી. આમ છતાં તરત તો કોઈ મોટો રોલ ના જ મળે. પણ નાના નાના પાઠ ભજવવાની મિષે તાલીમ અપાતી રહેતી. એમને રૉયલમાં જોડાયા એ જ દિવસોમાં એ લોકોના ‘શાહજહાં’ નાટકનું રિહર્સલ ચાલી રહ્યું હતું. જૂનાગઢમાં એનો પહેલો ખેલ હતો તેમાં અમૃત જાની સ્ત્રીઓના એક વૃંદમાં જ દેખાયા. એમણે એ વૃંદના સમૂહગીતમાં માત્ર બે લીટીની એક સાખી ગાવાની હતી એ સાચું પણ એમણે ‘સ્ત્રી’ દેખાવાનું હતું અને એ રીતે એમના ‘સ્ત્રીયાવતાર’ની શરૂઆત કરવાની હતી અને એ એમણે સફળતાપૂર્વક કરી બતાવ્યું.

સુપ્રસિદ્ધ નાટ્ય સંશોધક ધીરેન્દ્ર સોમાણીએ લખેલા અને ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ દ્વારા પ્રગટ થયેલા પુસ્તક ‘ગુજરાતી રંગભૂમિ : રિધ્ધિ અને રોનક’ નામના ગ્રંથમાં જણાવ્યા મુજબ 1929ની સાલમાં ‘લગ્નબંધન’ નાટકમાં તેમણે કમળાની, અને એ જ વર્ષે ‘સરસવતીચંદ્ર’માં કુમુદસુંદરીની ભૂમિકા કરી. ‘નટવર્ય અમૃત જાની’(સંપાદક : તેમના પુત્ર અને “નયા માર્ગ” તંત્રી એવા ઇંદુકુમાર જાની)માં સ્વર્ગસ્થ દિલીપ રાણપુરાએ લખેલા પુસ્તકમાં જણાવ્યા પ્રમાણે સૌથી પ્રથમ અને મહત્ત્વની સ્ત્રીભૂમિકા તેમણે એ જ અરસામાં ‘ભૂલનો ભોગ’ નાટકમાં ગંગા નામના પાત્રની કરી. ખેર, પણ એ પછી અમૃત જાની પોતાના અનન્ય અભિનય કૌશલ્ય અને બેનમૂન સહજ પ્રતિભાના બળ પર, એ પછીના એકવીસ વર્ષો સુધી સ્ત્રીપાઠ ભજવતા રહ્યા. અને એ દરેક ભજવણીમાં પોતાનો જીવ રેડતા રહ્યા શ્રી કમળાકાન્ત નાટક સમાજના કવિ જામન લિખિત ‘રખે ભૂલતા’ નાટકમાં એમણે ‘શશી’ નામનું સ્ત્રી પાત્ર ભજવીને ભારે વાહવાહ મેળવી. એ વાત 1940ની પણ પછી તો 1945થી શ્રી દેશી નાટક સમાજના મશહૂર કવિ પ્રભુલાલ દ્વિવેદી લિખિત : ‘સમય સાથે’, ‘બંધન મુક્તિ’, ‘શંભુમેળો’, ‘સામે પાર’ જેવાં અનેક નાટકોમાં કામ કર્યું. અને અજોડ સિધ્ધિ અને પ્રસિધ્ધિને વર્યા.. એમની નામના ગુજરાતની બહાર છેક કોલકતા, દિલ્હી અને કરાંચી સુધી ફેલાઈ. મંચ પર એમના પ્રવેશને કરાંચીના પ્રેક્ષકો તાળીઓના ગડગડાટથી વધાવતા. એ બધી વાતો એમણે પોતાના ‘અભિનયપંથે’ પુસ્તકમા,' જરા પણ આત્મશ્લાઘા કર્યા વગર, સંયમિત શૈલીમાં બહુ રસભર ઢબે આલેખી છે. જેનો સારાંશ પણ આ નાનકડા લેખમાં સમાવવો અશક્ય છે.

•••

પણ બહુ મજાની વાત તો એ છે કે જૂની રંગભૂમિ પરથી 1954-55માં એક્ઝિટ લીધા પછી પણ, તેમણે નાટક સાથેનો નાતો તોડ્યો નહિ. પરંતુ નવી રંગભૂમિ પર પદાર્પણ કરીને અતૂટ રાખ્યો. જૂની રંગભૂમિ આમે ય તે પછી ધીરે ધીરે આથમી રહી હતી અને આધુનિક નાટ્યમંચ આગળ આવી રહ્યો હતો. છેલ્લે એમણે દેશી નાટક સમાજ, ભાંગવાડીમાં, મુબઈમાં દસ વર્ષ કામ કર્યું. એના અનેક નાટકોને પોતાના અભિનયથી દિપાવ્યાં, પણ હવે એ કંપની પણ બંધ થવાને આરે હતી, અને તબિયત પણ સાથ નહોતી આપતી, એટલે એમણે

રાજકોટ આવી જવાનો નિર્ણય કર્યો અને 1956માં રાજકોટ આવી ગયા. અને સૌરાષ્ટ્ર સંગીત નાટક અકાદમીમાં માત્ર રૂ દોઢસોના પગારે લેક્ચરર તરીકે જોડાઈ ગયા. અહીં તેમણે નાટ્ય ધૂરંધર એવા માર્કંડ ભટ્ટ અને ઉર્મિલાબહેન ભટ્ટ ઉપરાંત બાપાલાલ રાવળ (સુરેશ રાજડાના સસરા અને શેતલબહેન રાજડાના પિતા) રામજી વાણિયા અને બીજા ઉમદા કલાકારો સાથે નવી રંગભૂમિને ઓજસ્વી બનાવવાનું કામ કર્યું. દેવેન શાહ અને ભરત યાજ્ઞિક જેવા અત્યારે સુવિખ્યાત પણ એ વખતે પાંગરતા એવા અનેક જુવાનોને અમૃત જાનીએ એક પિતા જેવો સ્નેહ આપ્યો અને નાટ્યના એકે એક અંગની સમજણ અને તાલીમ આપી.

દેવેન શાહ જેવા અત્યારના સફળ પટકથા-સંવાદ લેખક અને વીડિયો ફિલ્મ નિર્માતા કહેતા હતા, અમને એ વાતનો ભારે રોમાંચ હતો કે અમને એ અમૃત જાની એક વત્સલ પિતાની જેમ નાટક અને સંવાદ અદાયગીના પાઠ પઢાવતા હતા કે જે અમૃત જાનીને તેમની રંગમંચની કારકિર્દીના મધ્યાહ્નકાળ વેળા મુંબઈથી રાજકોટ આવતા અને રંગમંચ પર એન્ટ્રી મારતા, ત્યારે એ સમયના માલવિયા શેઠ કે દુર્ગાપ્રસાદ દેસાઈ જેવા લક્ષ્મીનંદનો ફૂલોના હાર લઈને એમનું અભિવાદન કરતા. એમણે જ મને મહાકવિ નાનાલાલનું 'અકબરશાહ' હાથમાં પકડાવીને તેને કેમ માઈક સમક્ષ વાચી શકાય તે શીખવ્યું.

દેવેન શાહને આજે એ વાત ભૂલી ભૂલાતી નથી કે અમૃત જાનીના આગ્રહો અલગ તરાહના હતા. 'ધન્ય સૌરાષ્ટ્ર ધરણી'માં તેમનો મેક અપ રામજી વાણિયા કરતા, બીજું કોઈ બોમ્બેથી આવ્યું હોય તો ય એને છૂટ નહિ. એ ઉગ્ર મિજાજી હતા એટલે રામજીભાઈએ પણ બહુ સિફતથી કામ લેવું પડતું. એ હાથે લાલ પટ્ટી બાંધીને અભિનય કરતા પણ એક વાર રામજીભાઈ એ પટ્ટી ભૂલી ગયા, ત્યારે અમૃત જાની બહુ તપી ગયા. અને અભિનય કરવાનો ઈન્કાર કરી દીધો. રામજીભાઈએ છેવટે એક કીમિયો કર્યો. ક્યાંકથી સફેદ રંગની ચિંદરડી શોધી કાઢી અને એને મેક અપની લાલીનું દ્રાવણ કરીને એમાં પલાળી દીધી અને એ અમૃત જાનીને બાવડે બાંધીને એમને રાજી કરી લીધા. ભરત યાજ્ઞિક કહેતા હતા કે અમૃત જાનીએ જ મને શીખવ્યું કે શબ્દો નિર્જીવ નથી હોતા, એટલે એને ઊભા કરતા અને જીવાડતા આપણને આવડવુ જોઈએ. અમૃત જાનીએ જૂની રંગભૂમિમાં જે ખેડાણ કર્યું એ એમના દ્વારા મારા સુધી પહોંચ્યું અને હવે હું એને મારા વિદ્યાર્થીઓ સુધી પહોંચાડી રહ્યો છું.

થોકબંધ ગુજરાતી ફિલ્મોના અને અનેક ઉત્તમ નાટકોના લેખક રામજી વાણિયા સાથે અમૃત જાનીએ 'ધન્ય સૌરાષ્ટ્ર ધરણી' નામે એક સુંદર નાટક કર્યું અને એમાં એમણે વેગડા ભીલ નામે એક ખુંખાર માણસનો રૉલ કરેલો. વર્ષો સુધી સ્ત્રી-પાત્રો ભજવીને એમાં તાદ્રશ્યતા પ્રગટાવનાર અમૃત જાનીએ એક જરઠ, હિંસક, ખુંખાર પણ પાછળથી હૃદયપલટો પામનાર ડાકુની ભૂમિકા પણ એવી આબાદ રીતે ભજવી બતાવી. એ નાટક જ્યારે મુંબઈની જયહિંદ કૉલેજમાં ભજવાયું ,ત્યારે જોવા આવેલા ડો રમણલાલ યાજ્ઞિક અને ડો ડી જી વ્યાસ જેવા ચાહકોએ તેમને મુંબઈ આકાશવાણીમાં ડ્રામા આર્ટિસ્ટ તરીકે જોડાઈ જવા વિનવ્યા અને તેઓએ એમની વાત સ્વીકારી અને જોડાઈ તો ગયા પણ ફરી તબિયતે દગો દીધો. નોકરી છોડવાની તૈયારી કરી પણ ગિજુભાઈ વ્યાસ અને બીજા મિત્રોની મદદથી માંડ સાવ છેલ્લી ઘડીએ રાજકોટ બદલી કરાવી અને છેક 1970 સુધી રાજકોટ આકાશવાણીમાં જ સેવાઓ આપી અને અનેક કલાકારોને પોતાના હાથ નીચે વાચિક અને આંગિક અભિનયમાં તૈયાર કર્યા. તેમનું એ ઋણ માત્ર તે કલાકારો ઉપર જ નહિ પરંતુ ગુજરાતના સમગ્ર સાંસ્કૃતિક જગત ઉપર છે.

1972 થી 1974 દરમ્યાન હું રાજકોટમાં હતો અને જીવનના બહુ અંધકારભર્યા તબક્કામાંથી પસાર થઈ રહ્યો હતો, તે દિવસોમાં એ જનતા

બહુરૂપી અમૃત જાની

સોસાયટીમાં સાવ મારા પડોશમાં રહેતા હતા. એમને રોજ સવારે ચાલવા જવાની આદત હતી અને વળતી વખતે મારે ત્યાં અચૂક દહીંનું ઘોળવું પીવા આવતા. એમની એ માન્યતા હતી કે તેનાથી તેમના મરડાના વ્યાધિમાં રાહત રહે છે. તેમની રોજની આ મુલાકાત વખતે અનેક વાર મારો ચહેરો મ્લાન જોઈને એ મારી ચિંતાભરી પૂછપરછ કરતા અને મદદરૂપ થવાની તૈયારી બતાવતા. ખેર, એ પછી તો મેં રાજકોટ છોડ્યું તે પછી બે એક વર્ષે અમૃતભાઈ અચાનક મારી વિજયા બેંકની ચેમ્બરમાં આવી ચડ્યા. અને મને આગ્રહ કરીને ફેકલ્ટી ઓફ પર્ફોમિંગ આર્ટસમાં લઈ ગયા. ત્યાં મેં એમનું જે રૂપ જોયું તે અવિસ્મરણીય હતું. તેમને પોતાના શર્ટપેંટના પહેરવેશમાં જ થોડા સ્ત્રી-પાત્રોના અંશો ભજવી બતાવ્યા ત્યારે એમની એ સ્ત્રીભાવપ્રણવતા એટલી હદે પ્રભાવક હતી કે ઘડીભર તો એમ જ લાગે કે કોઈ અસલ સ્ત્રી જ પુરુષવેશમાં સંવાદો બોલી રહી છે.

આ પછી તેમને કદી મળવાનું બન્યું નહીં.

તેમનું અવસાન 1997ની 9મી ઑગષ્ટે થયું, પરંતુ આ લેખમાં સમાવવી શક્ય ના બને તેવી અનેક દસ્તાવેજી હકીકતો અને જૂની રંગભૂમિના આયના જેવા તથ્યો તેમના પુસ્તક 'અભિનયપંથે'નાં પાનાંઓ પર સંઘરાયેલાં છે, પણ હવે તે પુસ્તક પ્રાપ્ય નથી. કોઈ દ્રષ્ટિવાન પ્રકાશક તેને પુનઃપ્રકાશિત કરે તો આપણા સાંસ્કૃતિક વારસાનો એક મૂલ્યવાન દસ્તાવેજ સચવાઈ જશે. અમૃત જાનીના પુત્રોમાંથી એક પુત્ર ઇંદુકુમાર જાની દ્વારા સંપાદિત પુસ્તક 'નટવર્ય અમૃત જાની' પણ ઠીક ઠીક વિગતો આપે છે. રસિકો તે પુસ્તક મેળવવા માટે તેમનો સંપર્ક કરી શકે ,સરનામું :

તંત્રી, નયા માર્ગ, ખેત ભવન . હરિજન આશ્રમ પાસે. આશ્રમ રૉડ.અમદાવાદ -380 027. / ઈ મેલ- gkvp.i.a.jani@gmail.com

લેખક સંપર્ક-ઈ મેલ-rajnikumarp@gmail.com
બ્લૉગ-http;//zabkar9.blogspot.com

સમગ્ર કવિતાના કવિ ઉમાશંકર

• સુમન શાહ

ઉમાશંકર જોશી સમગ્ર કવિતાના કવિ છે. એ મારા આ વક્તવ્યનો એક માત્ર સૂર છે : કવિતા સમગ્ર; સમગ્રની સૃષ્ટિ – ટોટલ પોએટ્રી; એક સુ-સમ્પન્ન સૃષ્ટિ -- ઍકમ્પ્લીશ્ડ વર્લ્ડ. આ સૂરને ૨૫ મિનિટની સમય-મર્યાદામાં રહીને આકાર આપ્યો છે. જો કે, એ જ કારણે છોડી દીધેલા અમુક અંશોને વક્તતવ્યના આ લેખ-સ્વરૂપમાં વણી લીધા છે.

પ્રારમ્ભે કેટલીક દેખીતી વીગતો યાદ કરી લઈએ : કવિએ પોતે ‘સમગ્ર કવિતા’ શીર્ષક આપ્યું છે. શીર્ષક સાવ ઔપચારિક નથી. એમાં કાવ્યશીલ સમગ્રતાનો સંકેત પણ છે. એનું પ્રકાશન ૧૯૮૧માં. ૧૯૩૧-થી ૧૯૮૧ લગીના ૧૦ કાવ્યસંગ્રહોનો સર્વસંગ્રહ. હું ઝડપથી ગણાવી જઉં : વિશ્વશાંતિ -૧૯૩૧; ગંગોત્રી -૧૯૩૪; નિશીથ -૧૯૩૯; પ્રાચીના -૧૯૪૪; આતિથ્ય -૧૯૪૬; વસંતવર્ષા -૧૯૫૪; મહાપ્રસ્થાન -૧૯૬૫; અભિજ્ઞા -૧૯૬૭; ધારાવસ્ત્ર -૧૯૮૧ અને સપ્તપદી -૧૯૯૧. ત્યારે કવિ ૭૦-ના હતા. ૧૯૧૧-માં જન્મ, ૧૯૮૮માં અવસાન. ૭૭ વર્ષનું આયુષ્ય. ‘સમગ્ર કવિતા’ તે ૫૦-થી પણ વધુ વરસોના કાવ્યપુરુષાર્થને, એક સુ-દીર્ઘ કવિ-કારકિર્દીને પામવાની સીધી સગવડ. ૮૦૦-થી પણ વધુ પૃષ્ઠોમાં પથરાયેલી શબ્દસૃષ્ટિ. ૫૦૦-થી પણ વધુ કાવ્યકૃતિઓ. એક સુ-વ્યાપ્ત અને સુ-વિકસિત કાવ્યપુરુષાર્થ --જે સાહિત્યકાર ઉમાશંકરના તેમ જ ગાંધીયુગના કાવ્ય-વિશેષરૂપે અર્વાચીન ગુજરાતી કવિતાનો વિશેષ બન્યો -- જે આપણા સૌ વડે અનુભવાયો ...

સદ્‌ભાવ : ઉમાશંકર જોશીની વેબસાઈટ

ગુજરાત યુનિવર્સિટીના ઉપકુલપદેથી – 1970ના અરસામાં, યુનિવર્સિટી ભવનમાં જીમખાનાની ઉદ્‌ઘાટનવિધિ વેળા ચોગ્ગો ફટકારતા ઉમાશંકર જોશી

આ વીગતો એમને સમગ્ર કવિતાના કવિ કહેવામાં કામ આવે એવી છે. પણ મારે મન ઉમાશંકર સમગ્ર કવિતાના કવિ એટલા માટે છે કે એમણે પોતાના કાવ્યપુરુષાર્થને ઍકમ્પ્લીશ કર્યો છે; એટલે કે, એક પ્રકારની આશાયેશ અનુભવાય તેવી તેની સમ્પૂર્તિ રચી છે. આ સમ્પૂર્તિ બહુ ઓછાઓમાં હોય છે : કાલિદાસમાં છે, શેક્સપિયરમાં છે, રવીન્દ્રનાથમાં છે, બૅકેટમાં છે, કાફ્કામાં છે. એક પ્રકારે ગોવર્ધનરામ, મુનશી અને રાજેન્દ્ર શાહમાં પણ છે. ‘સમગ્ર કવિતા’ના પ્રકાશનને બીજે વરસે, ૧૯૮૨માં, ‘ઉમાશંકર : સમગ્ર કવિતાના કવિ : એક પ્રોફાઈલ’ નામે મેં પુસ્તિકા પ્રકાશિત કરેલી. તેમાં મૂકેલો મુખ્ય વિચાર આ સમ્પૂર્તિ છે.

હું ત્રણ તારણો આગળ કરું છું :

૧ : ઉમાશંકરે પોતાની કાવ્ય-સર્જકતાનું કેન્દ્ર શોધ્યું છે અને તેને સ્વકીય ધોરણોથી દૃઢ કર્યું છે. પોતાની જમીન બનાવી છે, તે પર ઊભા છે. પોતાની ભોંય પર ટકેલા કવિ છે.

૨ : મુખ્યત્વે એમનામાં કવિકર્મની, એટલે કે પોએટિક ઍક્શનની, સમ્પૂર્તતા છે. તેઓ અમુક ને આટલુંક સરજીને બેસી નથી પડ્યા. બદલી બદલીને વિકસ્યા છે. કેન્દ્ર વિસ્તરતું રહેતું વર્તુળ બન્યું છે. કવિ કાવ્યધનસમ્પન્ન થયા છે. કાવ્યસત્તાધીશ થઈ શક્યા છે. એમની સિસૃક્ષાને એમના કવિકર્મથી શક્યતમ આવિષ્કાર મળ્યો છે. ‘મંગલ શબ્દ’થી શરૂ થયેલી સર્જનયાત્રા ‘છેલ્લો શબ્દ મૌનને જ કહેવાનો હોય છે’ એવા વિરામ પાસે પૂર્ણ થઈ છે, અથવા અટકીને ટકી છે.

૩ : એક નૈષ્ઠિક કવિ કે કલાકાર આપી આપીને મનુષ્યને શું આપી શકે ? એક તુલ્યબળ કલ્પન કે વૅલમેડ મૅટાફર. ઉમાશંકરને જગત સામે ધરવા સમું સાવયવ કલ્પન લાધ્યું છે અને તેને તેઓ શબ્દમાં મૂકી શક્યા છે. લેખન જો મૅટાફર છે, તો એવો મૅટાફર તેઓ રચી શક્યા છે.

એ સંદર્ભમાં, ‘સમગ્ર કવિતા’માં મને ત્રણ વર્તુળ જોવા મળ્યાં છે : ૧ : જીવન-સ્વીકૃતિ; ૨ : જીવનસ્વીકૃતિ-પ્રશ્ન; અને ૩ : છેલ્લા તબક્કા જેવું વર્તુળ, સમ્પૂર્તિ --એક જાતનું સમાધાન, મનમનાવણ કે ઠરણ.

દરેક વર્તુળમાં કર્નલ સ્પૉટ કહેવાય તેવી રચનાઓ છે. કર્નલ એટલે કોર, ઇસેન્સ, વસ્તુનો ગર્ભ-ભાગ; વિમાનમાંથી નીચે જોતાં જે મુખ્ય હોય તે જ દેખાય; સંલગ્ન બધું આવૃત થઈ ગયું હોય; તે. ટૂંકમાં, કર્નલ સ્પૉટ એટલે પરાકોટિ-સ્વરૂપ રચનાઓ –જેમાં તે કોટિની અનેકનો સમાવેશ કલ્પી શકાય.

જીવન-સ્વીકૃતિ સૂચવતી પરાકોટિ-સ્વરૂપ રચનાઓ આ છે : ‘વિશ્વશાંતિ’. ‘નિશીથ’. ‘જઠરાગ્નિ’. ‘બળતાં પાણી’. અને ‘આત્માનાં ખંડેર’. આ મોટામાં મોટું વર્તુળ છે. એમાં બીજી અનેક રચનાઓને આવરી શકાય છે.

જીવન-સ્વીકૃતિ-પ્રશ્ન સૂચવતી પરાકોટિ-સ્વરૂપ રચનાઓ આ છે : ‘કર્ણ-કૃષ્ણ’. ‘યુધિષ્ઠિર’. ‘છિન્નભિન્ન છું’. અને ‘શોધ’. એમાં પણ બીજી અનેક રચનાઓને આવરી શકાય છે.

સમ્પૂર્તિ સૂચવતી પરાકોટિ-સ્વરૂપ રચનાઓ આ છે : ‘સપ્તપદી’. ‘માઈલોના માઈલો મારી અંદર’. ‘એક ઝાડ’. ‘ઝાડ પર કુહાડાના’. ‘આરસના કઠેડા’. ‘ધારાવસ્ત્ર’. અને ‘પંખીલોક’. એમાં પણ બીજી અનેક રચનાઓને આવરી શકાય છે.

જીવન-સ્વીકૃતિની અને તેમાંની નોંધપાત્ર રચના ‘આત્માનાં ખંડેર’ની થોડી વાત કરું :

જીવનના સરિયામ માર્ગમાં ઉમાશંકરથી કવિતાને મળાયું છે. જીવનસ્વીકૃતિ છે તેથી કલાસ્વીકૃતિ છે, બલકે કલાસ્વીકૃતિ જીવન-સ્વીકૃતિનો સં-ભાગ છે. જીવન એટલે ઉમાશંકરને મન મનુષ્યજાતિનું અને જીવ સમસ્તનું જીવન. એટલું જ નહીં, આદિ કાળથી માંડીને વર્તમાન લગીનું જીવન. એટલે તો, માનવસંસારમાં જે કંઈ સંચિત છે તેનો કવિ સમાદર કરી શકે છે. સતત તેથી અહેસાન અનુભવે છે. પરિણામે, વિભૂતિમત્ ઊર્જિત અને વ્યક્તિમત્ તત્ત્વોની સાધના-આરાધનામાં અને તે-તેના આકલનમાં, ઉમાશંકરની કવિપ્રતિભાનો સહજ વિલાસ પ્રગટ્યો છે. માનવસંસ્કૃતિમાં છેવટની ક્ષણ લગીનું જે સ્વારસ્ય છે તે ઉમાશંકરની જીવનપ્રેરણા છે. તે જ તેમની કાવ્યપ્રેરણા છે. એ અર્થમાં ઉમાશંકર જીવનના કવિ છે. શૂન્યમાંથી સર્જન કરનારા નથી. એમની સિસૃક્ષા જીવનકલાને વધારે અનુસરે છે. તેઓ ધીંગો કલામોહ કે વ્યામોહ ધરાવનારા કોઈ લીલાવાદી કલાકાર નથી. એમની રૂપનિર્મિતિ, એમનું ફૉર્મ, પ્રિટિથી વધારે તો સિગ્નિફિકન્ટ છે –કમનીયથી વધારે તો અર્થગર્ભ છે. તેઓ સાર્થ રૂપવિધાનના કવિ છે. તેથી એમનો શબ્દ પારદર્શી હોય છે ને પદાવલિ હમેશાં અર્થસમ્મુખ રહે છે. જીવનના સ્વીકારને કારણે કવિ ઉમાશંકરને જીવનના કલાધરોના વર્ગમાં મૂકવા પડે – જે અર્થમાં એમણે ગાંધીજીને ‘જીવનના કલાધર’ કહ્યા હતા. પરિણામે ‘સમગ્ર કવિતા’માં ગાંધીપ્રણીત માનવતાવાદ અને તેની ભારતીય મુદ્રા ખાસ જોવા મળે છે. જો કે સરવાળે તેઓ

કવિસહજ માનવ્યને વરેલા દીસે છે; સતત તેને જ ચિહ્નિત કરે છે, પુરસ્કારે છે, દૃઢ કરે છે.

'આત્માનાં ખંડેર' ૧૭ સૉનેટની માળા છે. માળા જરૂર છે પણ પરોવાયેલાં સૉનેટ એવાં સ્વાયત્ત ભાસે છે કે એમને એકસૂત્રિત માનવાનું અઘરું પડે. બધાં સૉનેટ જુદા જુદા સમયે લખાયાં છે. કવિની ઉમ્મર ત્યારે ૨૪-૨૫ની હતી. મોટા ભાગનાં, ૧૯૩૫માં લખાયાં છે. તો શું કવિસંવિદમાં કોઈ સાતત્ય-સૂત્ર નહીં સંભવ્યું હોય ? જરૂર સંભવ્યું છે; અને તે સૂત્ર છે, સર્વત્ર હાજર એવો કાવ્યનાયકનો આત્મા. કાવ્યકથન એમ કલ્પાયું દીસે છે કે એ આત્મા કેવીક પ્રક્રિયાએ કરીને ખંડેર રૂપ અનુભવાયો. ગાંધીજી જેવી વિભૂતિમાં ઉમાશંકરને જે વ્યક્તિતાનું દર્શન લાધ્યું હતું તેથી સાવ બીજા જ છેડાની દિશામાં આ સૉનેટમાળાના નાયકની વ્યક્તિતા છે. કવિએ એ વ્યક્તિતાને એ દિશામાં ક્રમે ક્રમે ઢળતી અને ઢળાતી અનુભવી છે. પહેલા સૉનેટમાં કહે છે એમ નાયક 'આગંતુક' છે, 'અતિથિ' છે. પૂર્વ દેશ, પુર, ટેકરી, સિન્ધુ અને શહેરના સંદર્ભ વચ્ચે એણે 'આયુષ્યની અણપ્રીછી મધુપ્રેરણા-શી' ઉષાને ઊગી દીઠી છે અને એનો આત્મા પુલકિત થઈ ગર્જી ઊઠ્યો છે, 'આ ભૂમિનો બનીશ એક દી હું વિજેતા.' જો કે એને સમજાય છે કે વિશ્વને વ્યાપી જવાને સ્ફુરંતો એ 'અહંઘોષ' હતો અને ખાસ તો 'વ્યથા' વધારનારો હતો. જો કે, તેમ છતાં, તેનું રહસ્ય તો તેમાં જ હતું ! –અહમ્-માં ! કાલ-સ્થલના મહા વિસ્તારો, એટલે તો એને 'હું-વિણ શૂન્યસરખા' લાગ્યા છે. જણાવે છે : 'હતું સૌ : એ સાચું ! હતી પણ ખરી હુંની જ મણા;' --એટલે આત્મપ્રશ્ન સ્ફુર્યો કે 'વિના હું બ્રહ્માણ્ડે કવણ કરતે વિશ્વરમણા ?' નાયકને એક તરફ સમજાય છે અહમ્-નો આવો મહિમા, પણ બીજી તરફ એમ પણ સમજાય છે કે માનવરાશિ તો 'મહા વિરલ પ્રેરક સત્ત્વપુંજ' માગે છે. એટલે પછી એને 'પ્રજ્ઞા'ની જરૂરત વરતાય છે. સૃષ્ટિની 'પ્રથમ પલકે સરેલી' ને અન્તે 'મનુજ રૂપમાં ઉત્ક્રમવતી' થયેલી 'ચેતન તણી' 'તણખ'ની એને જરૂરત વરતાય છે --એવી જરૂરત કે જેથી પોતે, 'વિકાસીને આગે' 'પ્રગટ પ્રજ્ઞાપુરુષ' બની શકે. પ્રકૃતિરમણીનાં નવનવાં રૂપો એને આમન્ત્રે છે; છતાં જણાવે છે કે પોતાને તો 'અમૃતે મનુષ્યે છાયેલી' ઉરની કુંજ જ પ્રિયતર છે. એટલે તો, પ્રકૃતિમૈયા પાસે 'પયઘૂંટ' માગ્યો છે ને પ્રાર્થના કરી છે, ' રે ! ખોલ, ખોલ, ઝટ છોડ વિકાસધારા ,...' વળી, સંતોષ પણ ધાર્યો છે : નજર ટૂંકી નથી, દૃષ્ટિફલક ટૂંકો નથી, જગત ટૂંકું નથી – ને તેથી આંખને કહ્યું છે કે જનસ્વભાવના કીમતી 'બહુયે પ્રકાર' જે છે તેને જુએ. વળી હૃદયને પણ કહ્યું છે, 'અને હૃદય, દેશકાલવિધિવક્રતા ભાંડવી / તજી, નજીક જે ખડું નીરખી એહ લેવું ઘટે.' નાયકે આત્મતત્ત્વ અને વિશ્વ વચ્ચેની આવી બધી સમવિષમ અવસ્થાઓ સ્વીકારી છે; છતાં વાત તો વણસે જ છે. કહે છે, 'અધીરપભર્યા ભાવે વેણુ સુણી'તી વસંતની, / નીરખી'તી નભે વર્ષાનીયે મદે પદપંક્તિઓ, / શરદસરમાં દીઠી હોડી સરંતી મયંકની, / પણ કહીંય તે આ હૈયાને થયો નવ સ્પર્શ કો.' હવે, 'મૃત્યુ માંડે મીટ સુખદ લેવા સંકેલી / વિશ્વકુંજ જગડાળ મચેલી જીવનકેલી.' જો કે એ જ મૃત્યુને કહે પણ છે, ' મુખ ઉઘાડ તુજ, શાંતચિત્ત તવ દંત ગણીશ હું.'

સુમન શાહ

સમગ્ર માળાનું આખું વિવરણ નિરાંતે કરી શકાય પણ ટૂંકમાં એમ કહું કે મને આ નાયક સમજુ, ડહાપણને વરેલો -- પણ એટલે જ કદાચ ધીમે ધીમે કરીને તૂટતો, છિન્ન થતો, નિર્ભ્રાન્ત થતો, અને છેલ્લે પોતાના અધિકૃત અસ્તિત્વની શોધમાં વ્યસ્ત થતો જણાયો છે -- ઑથેન્ટિક ઍક્ઝિસ્ટન્સની એનામાં એક ખાંખત શરૂ થઈ ગઈ છે. એ ખુદ્દારી ઝંખે છે. એની વેદનશીલતામાં આધુનિકતા વરતાય છે. ખાસ તો, 'યથાર્થ જ સુપથ્ય એક' શીર્ષકવાળા ૧૭-મા સૉનેટમાં એ વેદનની અવધિ અનુભવાય છે. નાયક પાસે વિજિગીષા, તે માટેનાં પ્રેરણ, જરૂરી જિગર, સંભવિત પુરુષાર્થ; લોકસંગ્રહેપણા, તે કાજેનાં સત્ત્વ-તત્ત્વની સૂઝબૂઝ; સાથે, દેશકાળની સિદ્ધિ - મર્યાદાનાં સાનભાન; બધું છે. તેમ છતાં છેવટે તો જાણે કંઈ નથી, અથવા એમ કહો કે, જે છે તે હારી છૂટવાને છે. મને લાગે છે કવિએ નાયક નિમિત્તે મનુષ્ય માત્રના આત્માને વિશ્વરચનાથી થતા અવશ્યંભાવી રંજાડની કાવ્યકથા કરી છે. ચીંધ્યું છે કે સપનાં આદર્શો અને મહત્ત્વાકાંક્ષાઓને કે શુભાકાંક્ષાઓને વરેલી માનવીય આત્મવત્તા, ભલેને ગમે એટલી બુલંદ કેમ નથી, છેવટે તો રોળાઈને રહે છે. મનુષ્યે આ વાસ્તવિકતાનો એંળે કે બેંળે સ્વીકાર કરવો રહે છે. અલબત્ત, એવી સ્વીકૃતિ માંઘી વસ છે. માંઘી, કેમ કે એ તો પેલી આદર્શમઢી સ્વીકૃતિમાં તિરાડ અનુભવાયા પછીની છે. અને તેથી એ આપકમાઈ છે, આત્મોપાર્જના છે. કોઈનીયે સહાય વિનાનું નકરું આત્મજ્ઞાન છે, સંજ્ઞાન છે. ને તેટલે અંશે એ આહાર્ય કે પોલી નહીં પણ જુદી જ વસ્તુ પણ છે. જુદી એ અર્થમાં ય, કે એમાં ભોગવવી પડતી અવશ્યંભાવી યાતનાનો પણ સહર્ષ સ્વીકાર છે.

કારકિર્દીના પ્રારમ્ભે, 'વિશ્વશાંતિ' વખતે, ઉમાશંકરના કાવ્યનાયકને મંગલ શબ્દ 'ચેતન-મન્ત્ર' ભાસેલો. 'તેજભાનુ શા ગાંધી ઊગ્યા' ત્યારે લાગેલું કે 'આનંદે વનમાં જેવી કૂજે છે કુંજ કોકિલા / એવી આત્મન્ કોકિલાઓ કૂજે છે પ્રભુની લીલા'. પણ હવે એ આત્મન્ કોકિલાઓ ઊડી ગઈ છે; આત્માનાં ખંડેર બચ્યાં છે. નખી સરોવર પર એને 'સૌંદર્યો પી, ઉરઝરણ ગાશે પછી આપમેળે'-નો 'ધન્ય-મન્ત્ર' લાધ્યો હતો. એ મન્ત્ર પણ હવે પોતાની વાસ્તવિક છટાઓ ધરવા માંડ્યો છે.

આ બન્ને મન્ત્ર સત્ય-દર્શન હતાં. હવે વાસ્તવ-દર્શન થવા માંડ્યાં છે. હવે 'યથાર્થ જ સુપથ્ય એક' એવો મનમાં નિર્ણય બંધાયો છે. હવે નાયક ભ્રાન્તિમુક્ત છે. સ્વ-સ્થ છે. હવે નથી નિશીથ, નથી ગાંધી, નથી 'ચેતન-મન્ત્ર', નથી 'ધન્ય-મન્ત્ર'. કહે છે, 'ન રાવ, ફરિયાદ ના, ફિકર ના, અજંપા ય ના'. એટલું જ નહીં, કોઈ 'પ્રબલ સત્ત્વ' પાસે 'શક્તિની યાચના' પણ નથી. નાયકને આદર્શોની અસલિયત પરખાઈ ગઈ છે. એટલે હવે, એ પણ નથી. કહે છે : 'ન ઘેલી લગનીય વા ગગનચુંબી આદર્શની', કેમ કે એ તો 'રમ્ય ભ્રાન્તિતણાં' 'અસત્યચક્ર રચી' 'ભમાવતી' હોય છે. હવે 'દુરિતલોપ'ની 'વાંછના' ય નથી રહી; 'સૃષ્ટિના સકલ તત્ત્વસંમર્શની' 'ધગશ' પણ નથી રહી. અને, 'ભરી યદિ અશાંતિ ચોગમ સમુલ્લસંતી', તો, શાંતિ માટેનાં એટલે કે 'ચિતસૌખ્ય' માટેનાં 'મંથન' પણ હવે નથી 'ડહોળવાં'. હવે 'બસ સમજ્યે જવું છે.' અને તે ય કેવા પ્રકારે ? કહે છે, 'સમજવું રિબાઈય તે.' રીબાઈને સમજવું છે. યથાર્થને સમજવા નીકળેલાને રીબામણ ઓછી ન હોય. રીબાવું તે સમજનો જ એક ભાગ. સમજની જ છટા. સમજનું પરિણામ પણ ... એવું સમજવું તે અખૂટ અવિરામ તિતિક્ષા છે અને તે, કાવ્યનાયકને આધુનિક દર્શાવે છે.

'આત્માનાં ખંડેર'નો કાવ્યપ્રકાર પરમ્પરાગત છે -- સૉનેટ. અક્ષરમેળ છન્દોલયથી રચાતું તેનું માધ્યમ અને તેથી સ્ફુરતી બાની પણ પરમ્પરાગત છે. એમ પણ કહેવાય કે બન્ને વસ્તુ કવિની પોતાની પરમ્પરામાં છે. પરન્તુ તેનું કાવ્યવસ્તુ --પોએટિક ઑબ્જેક્ટ -- આધુનિક છે. તેની દાર્શનિક પીઠિકા વ્યક્તિવાદી છે – જેનું ઉભડક પ્રમાણ છે, કાવ્યનાયકના આત્માને વાચા આપતો 'હું'. કહો કે પ્રથમ પુરુષ એકવચનના કથન-કેન્દ્રથી ઘડાયેલી એની અભિવ્યક્તિ.

'હું'-કેન્દ્રી દર્શન બહુશઃ ઍબ્સર્ડનું હોઈ શકે : માનવચિત્ત અને વિશ્વને જોડતી કડીનો અભાવ તે ઍબ્સર્ડ. તે જ છે જીવનનું અસંગત. નાયકે એ સંવેદનનો સમજપૂર્વકના સ્વીકાર સાથે સાક્ષાત્કાર કર્યો છે. જો કે આધુનિકતા-વાચી આ સંવેદન ૧૯૩૨માં સ્ફુરેલા સુખ્યાત ગીત 'ભોમિયા વિના'-માં પ્રગટી ચૂક્યું છે. ત્યારે ય અભિવ્યક્તિ પ્રથમ પુરુષ એકવચનના કથન-કેન્દ્રથી ઘડાયેલી અને 'હું'-કેન્દ્રી રહી છે. કાવ્યનાયકને લાગ્યું છે : 'એકલા આકાશ નીચે ઊભીને એકલો / પડઘા ઉરબોલના ઝીલવા ગયો; / વેરાયા બોલ મારા, ફેલાયા આભમાં, / એકલો અટૂલો ઝાંખો પડ્યો.' એકલતાની એ અનુભૂતિએ જ કદાચ 'આખો અવતાર મારે ભમવા ડુંગરિયા'-નો સાહસભર્યો જીવન-માર્ગ સુઝાડ્યો હતો. પણ, એકલા-અટૂલા પડી જવાયું તે કેમ ? -- એ સમજાયું નહોતું. ઝાંખા

પડી જવાયું તે કેમ ? -- એ સમજાયું નહોતું. ટૂંકમાં, સમજવું બાકી હતું. જીવનના એ અસંગતની એને હવે ઝાંખી થવા લાગી છે. હવે એને 'અસુખ' નથી દમતાં પણ 'વિતથ સૌખ્ય' 'કઠે' છે. કહો કે ફૉલ્સ હૅપિનેસ, ફૉલ્સિટી, મીનિન્ગલેસનેસ, પરેશાન કરે છે. એ અર્થમાં 'આત્માનાં ખંડેર' જીવન-સ્વીકૃતિમાં પડેલી તિરાડને અને તે પછીની બીજી સ્વીકૃતિને દર્શાવે છે. એ બીજી સ્વીકૃતિ સઘન અને અનર્ગળ હતી.

સમજતાં સમજતાં જીવનને સ્વીકારવાની આ સંકલ્પનાએ જ કવિમાં એ સ્વીકૃતિને વિશેનો પ્રશ્ન પ્રગટાવ્યો ને પછીની રચનાઓ એ દિશામાં પરવરી – જેને મેં જીવન-સ્વીકૃતિ-પ્રશ્નના વર્તુળમાં કલ્પી છે. એ બીજા વર્તુળની કે તે પછીના ત્રીજા સમ્પૂર્તિ-વર્તુળની વાત આટલા ઓછા સમયમાં ન થઈ શકે માટે ન કરવી જોઈએ. પણ જે થોડો સમય બચ્યો છે તેમાં કવિતાની સમગ્રતાને સૂચવતાં કેટલાંક બીજાં તારણો રજૂ કરું :

ઉમાશંકરની સૃષ્ટિમાં પુષ્કળતા છે – અ પર્ટિક્યુલર મેઝર ઓવ કપૅસિટી; ઍબન્ડન્સ. સાથે, એમાં વૈવિધ્ય છે – નાનાવિધતા; ડાયવર્સિફિકેશન. એટલે કે, અનેક કાવ્યસંભવોને ચરિતાર્થ કરનારી ભરપૂર સિસૃક્ષા અને તેના અવિરત વિનિયોગો; એક નિત્યજાગ્રત અનુષ્ઠાન; સિન્સીયર ઍક્સરસાઇઝ. જાણે કે, લાઈફ-પ્રોજેક્ટ.

કોઈ પણ કાવ્યકૃતિનાં ચાર પરિમાણ હોય છે : ૧-કાવ્યવસ્તુ, ૨-કાવ્યમાધ્યમ, ૩-કાવ્યપ્રકાર, અને ૪-કાવ્યબાની. ઉમાશંકરીય સૃષ્ટિની પુષ્કળતા અને તેમાં સંભવેલું વૈવિધ્ય કાવ્યનાં એ ચારે ચાર પરિમાણોમાં જોવા મળે છે. આ રીતે --

૧ : કાવ્યવસ્તુ : એમના દાખલામાં કાવ્યવસ્તુની વશેકાઈ એ છે કે ઊર્મિ, કથન અને નાટ્ય –સાહિત્યકલાસંસારના એ ત્રણેય ઉપખણ્ડોમાં કવિ-દૃષ્ટિ દોડી છે : અનેક દૃષ્ટાન્તો મને તેમ તમને યાદ આવે : થોડાંક આવાં :

જેમ કે, ઊર્મિકવિતામાં : 'એક બાળકીને સ્મશાને લઈ જતાં'. 'ચૈત્રની રાત્રિઓમાં'. 'ચિત્રવિધાતાને'. ચિન્તનોર્મિ સૉનેટ્સમાં : 'ઉચાટ મુજને ઘણો'. 'બળતાં પાણી'. 'રહ્યાં વર્ષો તેમાં'. 'ગયાં વર્ષો'. ગીતોમાં : 'સંભાળ સખી છેડલો ઊડે પવનમાં'. 'ચાલને ચૈત્રની ચાંદનીમાં ચાલીએ'. જેમ કે, કથનકવિતામાં : 'દળણાંના દાણા'. 'ધોબી'. 'શનિવાર સાંજના ચાલ્યા જવાનલાલ'. જેમ કે, નાટ્યકવિતામાં : 'પ્રાચીના' અને 'મહાપ્રસ્થાન' સંગ્રહો. એ બન્ને સંગ્રહો વખતે તો કવિને પોતાને જ 'નાટ્યકવિતાનું આહ્વાન' વરતાયું હતું. ઉપરાન્ત, આવી બધી રચનાઓમાં : 'ઓગણીસમા દિવસનું પ્રભાત'. 'યુધિષ્ઠિર'. 'મહાપ્રસ્થાન'. વગેરે.

એમના દાખલામાં કાવ્યવસ્તુ પ્રકૃતિ, પ્રણય અને સંસ્કૃતિ – એ ત્રણેય ક્ષેત્રોમાં ભરપૂર પ્રકારે જોવા મળે છે. પ્રકૃતિ પરત્વે 'નિશીથ', સંસ્કૃતિ પરત્વે 'અન્નબ્રહ્મ', અને પ્રણય પરત્વે 'વિરાટ પ્રણય' સવિશેષે યાદ આવે. પ્રકૃતિની વાત કરતાં કવિ જાતને અને એ નિમિત્તે મનુષ્યની વાતને લગભગ હંમેશાં જોડે છે : 'ગમે શૃંગો, કિંતુ જનરવભરી ખીણ મુજ હો.' 'ભલે શૃંગો ઊંચાં, અવનિતલ વાસો મુજ હો'. 'જળભર વાદળ ગિરિદવને શમાવે' એ ખરું, પણ, 'અરે એ તે ક્યારે ? ભસમ સહુ થઈ જાયે પછીથી ?'. 'મને વ્હાલી વ્હાલી કુદરત ઘણી, કિંતુ અમૃતે / મનુષ્યે છાયેલી પ્રિયતર મને કુંજ ઉરની.' (ઇટાલિક્સ મેં કર્યાં છે). માણસ ચન્દ્ર પર પહોંચ્યો ત્યારે પણ, ૧૯૬૯ જેટલા પાછલા સમયમાં પણ, કવિને આ જ પ્રશ્ન સતાવતો રહ્યો છે કે 'અંતરો અવનિ ને ચંદ્રનાં જો ઘટ્યાં, / મનુજથી મનુજને રાખતાં દૂર જે અંતરો તે ઘટ્યાં ?' (જુઓ, 'મનુષ્ય હે દ્યુતિપથક ...'). પ્રકૃતિને વિશેનો લગાવ બરાબર, પણ મનુષ્યકૃતિનું શું -- એ ચિન્તાથી ઉમાશંકર કદી મુક્ત થઈ શક્યા નથી. એ અર્થમાં તેઓ હંમેશાં માનવજાતના જ પક્ષધર રહ્યા છે. આ મનોવલણ ઉમાશંકરમાં ઊંડું અને એટલું જ વ્યાપક છે; અને જોઈ શકાશે કે તેની પાર્શ્વભૂમાં ગાંધીદર્શનનો સહયોગી સહભાગ ઘણો મોટો છે.

કાવ્યવસ્તુમાં વિભૂતિમત્ ઊર્જિત અને વ્યક્તિમત્ – ત્રણેય તત્ત્વો લક્ષ્ય થયાં છે. કવિ ત્રણેયને કાવ્યત્વમાં એકરસ કરે છે. ઊર્જિત-નું અનુપમ દૃષ્ટાન્ત 'નિશીથ' છે. વ્યક્તિમત્-નું વિલક્ષણ દૃષ્ટાન્ત, મેં દર્શાવ્યું તેમ, 'આત્માનાં ખંડેર' છે. વિભૂતિમત્ અને વ્યક્તિમત્-ને સંયોજતી અનેક રચનાઓ મળે છે : 'વિશ્વશાંતિ'માં, ગાંધીજી. ઉપરાન્ત, 'સમગ્ર કવિતા'માં –શેક્સપિયર, કાલિદાસ, બાણ ભટ્ટ, નહેરુ, રવીન્દ્રનાથ, હેમચન્દ્રાચાર્ય, ઓડન, વર્ડ્ઝવર્થ, ગ્યુઇથે, નેરુદા વગેરેની મૂલ્યગાથા રજૂ કરતી, સ્મૃતિવન્દના ગાતી, અનેક રચનાઓ મળે છે. આવા મહાપુરુષોની જયન્તીઓ વગેરે જે-તે સ્મરણીય પ્રસંગોને ઊંડણમાં લેતી એ કાવ્યકૃતિઓ ઘણી ધ્યાનપાત્ર ગણાય. કેમ કે તેમાં પોતાના 'સમયરંગ'ને વિશેનો ઉમાશંકરનો સાવ જુદો જ લગાવ ઊપસ્યો છે. ગત સમયના મહામનાઓને એવી સ્વકીય દૃષ્ટિથી જોતા અને એ સંચિત વડે જિવાતા દેશકાળને અજવાળતા કવિ ઉમાશંકરની સમ્પ્રજ્ઞતા અને પ્રતિબધ્ધતા અનોખી હતી. એમને નિત્યજાગ્રત તન્ત્રી, વિચારક અને સંસ્કૃતિપુરુષ રૂપે જોવા ઇચ્છનારે આ રચનાઓનો પણ સઘન અભ્યાસ કરવો ઘટે છે.

૨ : કાવ્યમાધ્યમ : ઉમાશંકરના છન્દ કાચા છે એમ કહેવાયેલું. જો કે એકલા પાકા છન્દથી કવિતા થોડી થાય છે ? નથી થતી. શિખરિણી સમેતના અનેક અક્ષરમેળ છન્દ પર કવિ ખાસ્સી હથોટી ધરાવે છે. અતિ વપરાશે કરીને ઉમાશંકરનો શિખરિણી પાછળથી લપટો લાગવા લાગેલો એ ખરું; પણ સાથોસાથ, એ પણ ચોખ્ખું થઈ આવેલું કે 'ક્લાન્ત કવિ'ના રચયિતા બાલાશંકર જેવા પૂર્વકાલીનોનો શિખરિણી કેટલો તો યાન્ત્રિક હતો. કાવ્યમાધ્યમ બાબતે ઉમાશંકર યાન્ત્રિકતાનો શિકાર નથી બન્યા. બલકે એમણે માત્રામેળ; પરમ્પરિત; માધ્યમના પદ્યનાટકોચિત તરીકાને માટેની મથામણો; અછાન્દસ, તેમાં ગદ્યની નજીક પહોંચી જતી લયાવલિઓ; અને ગીતોમાં આગવાં તેમ જ લોકઢાળોથી પ્રેરિત લયવિધાન; વગેરે વડે પોતાની સહજ સૂઝબૂઝનો નિરન્તર પરિચય આપ્યો છે. એમની વિશેષતા તો એ છે કે જ્યારે જ્યારે જેવા જેવા માધ્યમની જરૂર પડી ત્યારે ત્યારે તેવા તેવા માધ્યમને શોધી-સંશોધી લેતાં એમને આવડ્યું હતું. કાવ્યમાધ્યમ ઉચિત હોય અને તેમાં આટઆટલું વૈવિધ્ય હોય એવું બહુ ઓછા કવિઓમાં બને છે. એ અર્થમાં ઉમાશંકરની માધ્યમસભાનતા પણ અનોખી હતી.

૩ : કાવ્યપ્રકાર : ઉમાશંકરે લગભગ બધા જ કાવ્યપ્રકારો અપનાવ્યા છે, અજમાવ્યા છે :

સૉનેટ એમને અતિ પ્રિય જણાય છે : એમાં, 'રહ્યાં વર્ષો તેમાં'-'ગયાં વર્ષો' જેવાં સૉનેટદ્વય છે. 'નારી : કેટલાંક સ્વરૂપો' જેવું સૉનેટસમ્ક છે. 'બાણપથારી' કે 'આત્માનાં ખંડેર' જેવી સૉનેટમાળાઓ પણ છે.

એમની સૃષ્ટિમાં ખણ્ડકાવ્ય, પ્રસંગકાવ્ય અને કથાકાવ્યમાં ઘડાયેલી કથનકવિતાનો ઈલાકો મોટો જણાશે : અનેક રચનાઓ યાદ આવે : 'ઈનામનો વહેંચનાર'. 'દળણાંના દાણા'. 'મોચી'. 'આશંકા'. 'સોનાથાળી'. 'દયારામનો તંબૂર જોઈને'. 'વણજાર'. 'બૅન્ક પાસેનું ઝાડ'. વગેરે.

જેમ 'કરાલ-કવિ', 'અન્નબ્રહ્મ', 'મુખર કન્દરા' જેવાં અનેક દીર્ઘ-કાવ્યો મળે છે તેમ 'એક કડી', 'બે જણ', 'જલનિધિ તટે', 'છતાં, પી લે વ્હાલા', 'મુખચમક', 'અંધારની આંખ', 'જનક વિદેહી' જેવાં મુક્તકો પણ મળે છે.

'બુલબુલ અને ભિખારણ', 'બાલરાહુલ', 'રતિ-મદન' જેવાં સંવાદ-કાવ્યો; 'મંથરા' અને 'યુધિષ્ઠિર' જેવી પદ્યનાટક-સદૃશ રચનાઓ; 'સાબરનો ગોઠિયો', 'મોરલો', 'ગીત ગોત્યું ગોત્યું', 'ગાણું અધૂરું', કે 'ભોમિયા વિના' જેવાં ગીતો; 'શોધ', 'નવપરિણીત પેલાં', કે 'પંખીલોક' જેવી અછાન્દસ, કે અછાન્દસની ગતમાં ચાલતી રચનાઓ -- એમના પ્રકારવૈવિધ્યના આંખે-ચડ્યા નમૂનાઓ છે, પુરાવાઓ છે.

૪ : કાવ્યબાની : પ્રશિષ્ટ, શિષ્ટ, અને લોકપરક – ત્રણેય બાની-ક્ષેત્રોમાં ઉમાશંકર એટલી જ સારી રીતે અનુભવાય છે. દાખલા અનેક ટાંકી શકાય, પણ એક એક જોઈએ :

'કર્ણ-કૃષ્ણ'માં, યુધ્ધનું ધન્યપર્વ જોઈને પ્રસન્ન કૌરવોની વાત કરતાં કવિ તેમને 'શૌર્યઉન્માદવ્યાકુળા' કહે છે; જો કે તરત પછી, તેમને ભુજા 'ખંજવાળતા' કહી શકે છે. છતાં રચનામાં, 'પુરકોટકાંગરા', 'નભગોખસૂર્ય', કે 'કુરુજાંગલ' જેવા પ્રશિષ્ટ પ્રયોગો પણ છે.

બખ્તાવર

• દીપક બારડોલીકર

(ગતાંકથી ચાલુ)

[9]

હું પરિવર્તનના એક અજબ પ્રવાહમાં આવી પડ્યો હતો. એ બધું અણધાર્યું, એકાએક થયું હતું. મારી ઇચ્છા, આરઝૂની એમાં કોઈ દખલ ન હતી.

ગઈ કાલ સુધી જવાની અને એની લિજ્જતથી અજાણ એવા મારા હૃદયમાં, નૂરજહાં એક એવો તણખો નાખી ગઈ હતી કે હવે વિચારોની દિશા બદલાવા લાગી હતી. ભીતરમાં ઘણું બદલાતું જઈ રહ્યું હતું !

વિચારોની ડાળ ઉપર ભાત ભાતનાં ફૂલો ફૂટ્યે જતા હતાં અને અંતરની કુંજમાં કોયલના ટહુકા હતા.

નૂરજહાં કોણ હતી ? શું હતી ? એ વિશે હું કશું જાણતો ન હતો. બસ એકવાર એ ઠાવકી, ઠસ્સાદાર ઓરત મળી અને એ મુલાકાતમાં તે કંઈક એવી ભૂરકી નાખી ગઈ કે હું ભંવરમાં જઈ પડ્યો હતો.

એ રાત્રે, મોડે સુધી, હું ઊંઘી શક્યો નહીં. મન નૂરજહાંના ખ્યાલોમાં ઘુમરાઈ રહ્યું હતું ને આંખોમાં તેની સુંદર તસ્વીર હતી. તેના શબ્દો ય કાનમાં ગુંજતા હતા : 'તમે કોણ છો ? ક્યાં રહો છો ?' – અને વળી તેનો ઠસ્સો. તેનું સ્મિત. પલક ઝપકાવતી ખૂબસૂરત આંખો !

મનમાં, આંખોમાં જાણે એક અદ્દભુત મેળો હતો ! પછી ઊંઘ આવે તો આવે શી રીતે ?

ગમે એમ, પણ સવાર તો થવાની જ હતી ને ! સૂરજને આવ્યે જ છૂટકો હતો. – હુંયે ઊઠ્યો. રાબેતા મુજબ વાડીએ ચાલ્યો ગયો. ત્યાં કેટલાંક નકામાં ઝાડો કપાવવાનાં હતાં. જમરૂખીઓ તથા આંબાઓમાં ખાતર પૂરવાનું હતું. ચાર કપાવવાની હતી. આ બધાં કામો વિશે મજૂરોને સૂચના આપી. વાડીના શેઢે શેઢે થોડા આંટા માર્યા. વોટર-પંપની સફાઈ કરી. પણ એ બધા સમય દરમિયાન મારી આંખોમાં નૂરજહાં બેઠી રહી. મનઃપ્રદેશ ઉપર તેનો કબજો હતો. અને કદાચ એથી મારા હલનચલનમાં સ્વાભાવિકતા રહી ન હતી.

અને :

'તમારા જીવને સારું નથી કે શું ?' એમ અસ્લમે કહ્યું ત્યારે હું ચોંક્યો.

'સારું ન હોય તો, ઘરે જઈને આરામ કરો. હું કામ સંભાળી લઈશ.'

જો કે તાવતરિયા જેવું કશું હતું નહીં. માથામાં કે હાથપગમાં કે કેડમાં દુખાવા જેવુંયે નહોતું. પણ ભીતરમાં તો એક ઉથલપાથલ હતી જ. અને એ છુપાવવી જરૂરી હતી. અસ્લમને કે અન્ય કોઈને એની ખબર ન પડે એમ હું ઇચ્છતો હતો. આથી મેં કહ્યું, 'ના, એવું કંઈ નથી. હું બિલકુલ ઠીકઠાક છું.'

'એ તો બરાબર. પણ કંઈક ફેર જેવું લાગે છે.'

અસ્લમ મારી માનસિક ગડમથલ અને એથી પ્રકટ થતી અસ્વાભાવિકતા પામી ગયો હોય એમ લાગતું હતું. – હવે વાત બીજે પાટે ચઢાવવી જરૂરી હતી. મેં કહ્યું, 'અસ્લમ, ધોધમાર વરસાદે શાકભાજીમાં ઘણો બગાડો કર્યો છે. કેટલીક જમરૂખીઓ પણ ઢળી પડી છે. તું એ બધું ઠીક કરાવ. … મારે આ વોટર-પંપની ફરી સફાઈ કરવી પડશે. પાણી એના ઉપર ફરી વળ્યાં હતાં … '

ગમે એમ, પણ જીવને સારું ન હોવાની અસ્લમની શંકાને, હું ઘરે ગયો ત્યારે સુગરામાનો ટેકો મળી ગયો. તેમણે મને જમરૂખીઓ વિશે પૂછ્યું તો હું આંબાની વાત લઈ બેઠો. … તેમને આશ્ચર્ય થયું. પૂછ્યું, 'શું થયું છે, તને ? – જીવને સારું નથી કે શું ?'

'સારું તો છે.'

'તો આ આંબાની રામાયણ કેમ લઈ બેઠો છે ! મેં તો સવાલ જમરૂખીઓ વિશે કર્યો હતો !'

'ભૂલ થઈ ગઈ. માફી ચાહું છું. … … જમરૂખીઓમાં થોડું નુકસાન થયું છે. પણ એ ઠીક થઈ જશે. તમે ચિંતા ન કરો.'

મેં ભૂલ થઈ હોવાનું દર્શાવી અસલ વાત ઉપર પડદો નાખવાની કોશિશ કરી હતી. અને સુગરામાએ, દેખીતી રીતે, મારી એ વાત પર ભરોસો કરી લીધો હતો. પરંતુ મનમાં તો, તેમને હતું જ કે, મને કંઈક થયેલું છે. તેમણે પોતાની એ આશંકા સાંઈ આગળ દર્શાવી. તે એકદમ ચિંતિત થઈ ગયા. રાત્રે અગિયાર વાગ્યાના સુમારે મારા કમરામાં આવ્યા. હું ઊંઘી રહ્યો હતો. તેમણે મારા કપાળ ઉપર હાથ મૂક્યો. હું ચોંક્યો. જાગી ગયો. બેઠો થઈ ગયો.

'બખ્તાવર, તને શું થયું છે, પુત્ત ! તબિયત સારી નથી કે શું ! એમ હોય તો ડોક્ટરને બોલાવીએ … !'

'ના સાંઈ ! એવું કંઈ નથી. એ તો થાક હતો ને ગઈ રાત્રે ઊંઘ બરાબર આવી ન હતી એટલે.'

'કંઈ હોય તો, કહે. હું થઈ શકતું બધું કરીશ. … … સંકોચાવાની જરૂર નથી, પુત્ત !'

'કંઈ નથી, સાંઈ ! હું બિલકુલ ઠીકઠાક છું. તમે ચિંતા ન કરો.'

સાંઈ ચાલ્યા ગયા.

પણ એ પછી ઘણી વાર સુધી મારા મનમાં ભારે ગડમથલ ચાલતી રહી. મને મારી જાત ઉપર ગુસ્સો આવ્યો. – સાંઈ આગળ હું જૂઠું બોલ્યો હતો. સુગરામા આગળ પણ જૂઠું બોલ્યો હતો. – ના, મારે આવું જૂઠાણું ચલાવવું જોઈતું ન હતું. ભગતકાકાને જૂઠાણું પસંદ નહોતું. તેમણે માલિકને હાજરાહજૂર

(અનુસંધાન પાન 19 પરથી)

નિરલંકાર છતાં શિષ્ટ રહી શકતી બાનીનું સુન્દર ઉદાહરણ, 'ઝાડ પર કુહાડાના' નામનું માત્ર ૪ પંક્તિનું એક આખેઆખું લઘુ કાવ્ય છે : 'ઝાડ પર કુહાડાના એક પછી એક ભેંકાર ટચકા, / ડુંગરની ખોમાં ઊંડે ઊંડે ઘા પડઘાતા. / કડડ છેવટે થડથી એ ઢળ્યું, / ઝાડના ટેકા વગર ડુંગર જાણે ઓ ફસડાઈ પડ્યો !'

પેલા સુખ્યાત ગીતમાં, 'અરધે અધૂરું મેલ મા 'લ્યા વાલમા' કહેનારીની લજ્જામધુર વાણીમાં જે તળ-તાકાત છે તે અપ્રતિમ છે. ઘણી વાર તો એમ થાય કે કવિએ એ જ રૂપ-રીતિની અસલિયતને ગાયા-કવ્યા કરી હોત તો કેવું સારું …

જો કે સરવાળે આ બાનીવૈવિધ્ય એમ સૂચવે છે કે ઉમાશંકરીય કાવ્યશબ્દ અનન્ય છે -- એમની શૈલીના શોધકને પડકારનો ખાસ્સો સામનો કરવો પડે તેવો અનન્ય. નર્મદ, ગોવર્ધનરામ, ગાંધીજી, રાજેન્દ્ર શાહ, નિરંજન ભગત અને સુરેશ જોષી તેમ કવિ ઉમાશંકર ગુજરાતી ભાષામાં અદ્વિતીય કલમના સ્વામીઓ છે. એઓ બધાને એમની શૈલીના ઈશારા માત્રથી ઓળખી જવાય છે.

આ ચારે ય પરિમાણોમાં ઉમાશંકર જોશી ભૂત વર્તમાન અને ભાવિ -- ત્રણેય કાળને વળોટી લેતું અખણ્ડ દર્શન પ્રગટાવે છે. ઘડીમાં, એઓ વિચાર, ચિન્તન અને આદર્શોમાં રમમાણ રોમૅન્ટિક લાગે છે; તો ઘડીમાં, એ સઘળાંથી સંશયિત આધુનિક, મૉડર્ન; તો ઘડીમાં, એ સઘળાંથી છેડો ફાડનારા આધુનિકતાવાદી, મૉડર્નિસ્ટ. પણ સૌથી વિશેષ મને એઓ 'ગુજરાતી' લાગ્યા છે. ગુજરાતી ભાષામાં કવિતા કેવી હોય એ વાતની ઓળખ મેળવવા માગનારને તેમ ગુજરાતી કવિતાની ભાષા કેવી હોય તેની ઓળખ મેળવવા માગનારને પણ અહીં ભરપૂર ઈજન છે. બન્નેથી રચાતી સુયુત એકરૂપ કાવ્યભાષાની ઓળખ મેળવવા માગનારને પણ અહીં એવું જ નિમન્ત્રણ છે. એવા કોઈને પણ 'સમગ્ર કવિતા'ની આ સૃષ્ટિ ઘણીબધી મદદ કરે તેવી સભરેભરી છે. ઉમાશંકરની કવિતા વિના ગુજરાતી કવિતાને ઓળખી શકાય નહીં. એવો કોઈપણ પ્રયત્ન અધૂરો, બલકે વિફળ ગણાય. આભાર.

❀❀❀ ❀❀❀

સાહિત્ય અકાદમી, દિલ્હીના ઉપક્રમે અમદાવાદમાં યોજાયેલા પરિસંવાદમાં તારીખ ૨૮ નવેમ્બર ૨૦૧૦ના રોજ આપેલા વક્તવ્યનું લેખ-સ્વરૂપ. (૫ મે, ૨૦૧૧)

===

Of Genesis & other details this Document has:
Size: 50.2KB Pages: 9 Words: 3110 Total editing time: 1233 Minutes
Created: 16/04/2011 12.11am Last modified: Today, 17/07/2012 2.00pm
Author: Suman Shah. :
Anthologized in my book, 'ખેવનાપૂર્વક', 2011 :

e.mail : suman.g.shah@gmail.com

જાણીને જીવવાનો બોધ આપ્યો હતો. માલિકને હાજરાહજૂર જાણે એ ખોટું બોલે નહીં, ખોટું કરે નહીં. પરંતુ હું ખોટું બોલ્યો હતો. ભગતકાકાના બોધનો અનાદર કર્યો હતો. અને તે પણ એક અજાણી ઓરતની ખાતર ! … ના, એની ખાતર મારે મારા મોહસિનોનો દ્રોહ કરવો જોઈએ નહીં. … નૂરજહાં જાય ભાડમાં. મને એની જરૂરત નથી. મારા માટે મારા મોહસિનો સર્વસ્વ છે. એમના આશ્રયે, એમના સ્નેહે મને જીવાડ્યો છે. હું એમનાથી બેવફાઈ કરી શકું નહીં. ધોકો આપી શકું નહીં.

આ અને એવા બીજા કેટલાક વિચારોના વલોવણમાં આંખ ક્યારે લાગી ગઈ એની મને ખબર પડી નહીં. અને સવારે ઊઠ્યો ત્યારે આ નિશ્ચય સાથે ઉઠ્યો કે નૂરજહાંના નામ પર મૂકી ચોકડી. હવે દિલનો દરવાજો એના માટે નહીં ખૂલે.

હું સ્વસ્થ થઈ ગયો. અને જમીનદારીના કામકાજમાં એવો જોતરાઈ ગયો કે જાણે કશું થયું જ નહોતું. નૂરજહાં નામની કોઈ મહિલા મને મળી જ ન હતી.

હા, એ મારો નિશ્ચય હતો. દૃઢ નિશ્ચય.

અને બીજી તરફ નૂરજહાં પણ મનમાં ગાંઠ વાળીને બેઠી હતી કે બખ્તાવરને તો હું મુઠ્ઠીમાં લઈને રહીશ. પીછો નહીં છોડું.

એની પાસે ચાર સો એકર જમીન હતી. પૈસો હતો. જવાની હતી. તલવારની ધાર જેવો ઠસ્સો હતો. કોઈ પણ મનગમતા યુવાનને પોતાનો પરસ્તાર બનાવી લેવા માટે એ ઓછું ન હતું.

અમારી પ્રથમ મુલાકાતને એક મહિનો થવા આવ્યો હતો. તેને હતું કે તેના આમંત્રણે હું તેની હવેલીએ જઈશ. પરંતુ આ દરમિયાન હું ક્યાં ય દેખાયો નહીં, તો તેને અકળામણ થવા લાગી. મારી તલાશમાં બજારના આંટાફેરા કર્યા. શેરીઓ ય ખૂંદી. પણ હું ત્યાં હોઉં તો મળું ને ! … હું જમીનદારીના, વાડીના કામકાજમાં વ્યસ્ત હતો. સીમમાં સવારની સાંજ પડતી હતી. માત્ર એક રવિવાર હતો યા શુક્રવાર, જ્યારે અખબારો, સામયિકો, પુસ્તકોની સંગતમાં હવેલીમાં યા બજારહાટનાં જરૂરી કામોમાં મારો સમય વીતતો હતો. રવિવારે મિત્રો ય આવતા અને અમારી મહેફિલ જામતી.

ગમે એમ, પણ નૂરજહાં બડી ચાલાક હતી. તેણે આ દરમિયાન કોઈક રીતે મારી દિનચર્યા વિશે માહિતી મેળવી. અને પછી એક દિવસે ઢળતી બપોરે પોતાની કામવાળી ભેગી અમારી વાડીએ આવી. એ વખતે સદ્‌ભાગ્યે અમારો વિશ્વાસુ ચાકર અસ્લમ વાડીમાં હાજર નહતો. સાંઈ પણ નહોતા. અને હું વોટર-પંપ ખોલીને સફાઈ કરવા માટે બેઠો હતો. તે કામવાળીને એક ઝાડની છાયામાં બેસાડીને સીધી મારી પાસે આવી. ખોંખારો ખાધો.

હું ચોંક્યો :

તમે તમે ! અહીંયાં … !'

'હા. તમને મળવા આવી છું.'

'કંઈ કામ … ?!'

'કામ વળી શું … ! તમને હવેલીએ આવવા કહ્યું હતું. – તમે આવ્યા નહીં એટલે મેં કીધું – ચાલ, હું જઈ આવું !'

'અહીંયાં ખુરસી, સોફા કશું નથી. ક્યાં બેસાડું તમને ?'

નૂરજહાં એકી ટસે મારી સામે જોઈ રહી. તેની આંખોમાં અદ્‌ભુત એવાં વચન હતાં. ઘડીભર પછી સહેજ લચકાઈને તે બોલી, 'દિલમાં જગા હોવી જોઈએ, ખુરસીને શું કરવી છે ?'

હું ધ્રુજી ગયો. આ સ્ત્રી તો સીધી હૃદયમાં ધૂસી જવા ઇચ્છે છે. જમીનદારિણી છે. પૈસો છે. હિમ્મત છે. જુવાળનાં પાણીની જેમ ધસમસતી આવી રહી છે. એની સામે પાળ બાંધવાનું સહેલું ન હતું. કળ વાપરવી પડશે. વાર તો લાગશે, પણ એ રીતે કદાચ પીછો છોડાવી શકાય.

'કહો, શું સેવા કરું ? ચા બનાવું ? ફળો પણ નથી. વરસાદમાં બધું બરબાદ થયું. નહીંતર જામફળ ખવડાવત … '

'શુક્રિયા. … ચાની જરૂર નથી. … હું તો તમને આમંત્રણ આપવા આવી છું. આવતી કાલે આવો મારે ત્યાં. ચાપાણી માટે.'

'કોઈ અવસર છે ?'

'અવસર જ સમજો ને !'

'એટલે ?'

'ખાશુંપીશું ને વાતચીત કરીશું.'

આ તો ગળે જ પડી ગઈ હતી ! … પણ સાંઈની, સુગરામાની મરજી જાણ્યા વિના મારાથી એને ત્યાં જવાય શી રીતે ? વળી સાંઈને કે સુગરામાને એ વિશે હું પૂછીયે કેમ શકું ? –પરિસ્થિતિ અત્યંત વિકટ હતી. એમાંથી છટકવા માટે કામકાજનું બહાનું આગળ ધરતાં મેં કહ્યું :

'હું કદાચ નહીં આવી શકું.'

'કેમ નહીં આવી શકો ? શું અમારે ત્યાં કૂતરાં છે કે તમને કરડવાનાં હતાં !' નૂરજહાં હસવા લાગી. 'આવવું પડશે. મારું આમંત્રણ તમે પાછું ઠેલી નહીં શકો.'

'મારે ઘણાં કામો છે. જમીનદારીની, હિસાબકિતાબની જવાબદારી મારા શિરે છે. માટે કાલે તો નહીં આવી શકું. ફુરસદ મળશે ત્યારે હું પોતે આવીશ.'

'ફુરસદ ક્યારે મળશે ? લાગશે એકાદ અઠવાડિયું, મહિનો કે વરસ ?' ઘડીભર માટે તે ખામોશ થઈ ગઈ. અને પછી કહ્યું, 'ઠીક છે. એનો બંદોબસ્ત હું પોતે કરીશ. તમને ફુરસદ મેળવી આપીશ … … ! … … અચ્છા, ખુદા હાફિઝ … '

તે ગઈ.

પણ જતાં જતાં ઠસ્સો એવો વેરતી ગઈ કે, મારું સાનભાન તિત્તર - બિત્તર થઈ ગયું. અને ફુરસદ મેળવી આપવાના તેના નિર્ધારે તો મને હલાવી જ નાખ્યો.

•

[10]

એ ઠસ્સો હતો કે જીવંત જાદુ ! હરતોફરતો કોઈ મંતર !

મારી આંખો, આ ધરતી ઉપર હોય નહીં એવું, કંઈક અદ્‌ભુત, અસંભવિત, ઇન્દ્રિયાતીત જોવા લાગી હતી ! કંઈક એવું એવું મારી મનોસૃષ્ટિમાં ઉદ્‌ભવી રહ્યું હતું, જે સમજવું મુશ્કેલ હતું !

અને હું એ જોતો ત્યારે મારું માથું એવું એવું ચકરાવા લાગતું કે જાણે કોઈ અતિશય ગતિમાન ચકડોળમાં ન બેસી ગયો હોઉં ! મારી આસપાસનું સર્વ કંઈ ચક્કર - ચક્કર ફરતું લાગતું ! અને ક્યારેક તો હું પોતે હવામાં અધ્ધર ઊડી રહ્યો હોઉં, આકાશ ખંખોળી રહ્યો હોઉં એવોયે મને અનુભવ થતો !

વાડીમાં હું બેઠો હતો ત્યાં મારી સામે એક આંબો ઝૂલી રહ્યો હતો. હવાની હળવી લહેરો સાથે તેનાં પાંદડાં 'કલકલ - કલકલ' કરી રહ્યાં હતાં. મને એનો આનંદન હતો. પણ પછી એકાએક મારી આંખોને ન જાણે શું થયું કે મેં જોયું તો આંબો રીતસર ઊડવા લાગ્યો હતો ! જાણે બાજ પક્ષી જેવી પાંખો ન ફૂટી હોય એ રીતે તે ઊડી રહ્યો હતો ! તેણે મારી આસપાસ ચકરાવા લીધા, તેની અંદરથી ટહુકા પણ સંભળાયા ! તે મને સહેજ અડ્યો પણ ખરો. અને તે મને અડ્યો ત્યારે એક એવી અદ્‌ભુત, અવિસ્મરણીય સુવાસે મને તરબતર કરી નાખ્યો, કે જેવી સુવાસ બાપજન્મારામાં મેં સુંઘી ન હતી !'

કનોજનાં અસલી અત્તરો પણ તેની સામે ફીકાં પડે !

અને પછી તો એ સુવાસ મારા પ્રસ્વેદમાંથી પણ આવવા લાગી ! હું ચકિત થઈ ગયો. અને એ વિશે કશું વિચારું તે પહેલાં એ સુવાસ કોઈક જાદુઈ ચમત્કારની જેમ નૂરજહાંના બદનની સુગંધમાં પલટાઈ ગઈ ! અને ત્યાર પછી એમાંથી જાણે સાચેસાચ નૂરજહાં પ્રકટી પડી ! તેણે પોતાના સુંવાળા બાહુપાશમાં મને જકડી લીધો હોય એવો અહેસાસ મને થયો ! તે મને ભેગો લઈને વાડીમાં દોડવા લાગી હોય એવું પણ મને લાગ્યું !

આ કંઈક એવા અગમ્ય, અકલ્પનીય અનુભવો હતા કે હું ધ્રુજી ગયો ! પ્રસ્વેદથી ભીંજાઈ ગયો. 'આ શું છે ?! આ તે નૂરજહાં છે કે કોઈક બલા છે ?! … ઓ ખુદા, એણે તો મારા શાંત - સુખી જીવનને વિક્ષિપ્ત કરી નાખ્યું છે … … !

હું તેની હવેલીએ જાઉં અને એ માટેના તેના આમંત્રણનો સ્વીકાર કરું એમ તે ઇચ્છતી રહી હતી. પરંતુ એમ કરવું મારા માટે સહેલું ન હતું. બલકે શક્ય જ ન હતું. મારી સામે પાર કરી ન શકાય એવી રૂકાવટો હતી. અને આથી ફુરસદ ન હોવાનું બહાનું મેં આગળ ધર્યું તો ફુરસદ તે પોતે મેળવી આપશે એવો પડકાર તે કરતી ગઈ હતી.

હા, તે ઘણું કરવાને શક્તિમાન હોય એમ લાગતું હતું. જેનો ઠસ્સો વૃક્ષને ઊડાવી શકે તે તે બીજું શું ન કરી શકે ?!

હા, તે ઘણું કરી શકે એમ હતી. -- કદાચ એટલે જ તો ત્રીસમે વર્ષે વિધવા થયા છતાં તે હામપૂર્વક જીવી રહી હતી અને જમીનજાગીર સંભાળી રહી હતી ને ! બાકી અહીં સિંધમાં તો જમીનદારો - વડેરાઓની જોહુકમી ચાલે છે. અહીં ઓરત શું મરદ જેવા મરદ, સરકારી નોકરિયાતો ય હામ હારે છે, ત્યાં નૂરજહાં અડીખમ હતી એ કંઈ નાનીસૂની વાત ન હતી. મજાલ છે કે કોઈ તેનું નામ લે. તે કરડી જરૂર હતી, પણ સન્નારી હતી. એક સબળી સન્નારી. અને તેની આ હામ તેના સરકારી અમલદાર ભાઈના પ્રભાવને આભારી હતી. -- આ કારણ હતું કે નૂરજહાંનો ઠસ્સો સલામત હતો, તેની જમીનોની જેમ અને તે ઘણું કંઈ કરવાને શક્તિમાન હતી.

અને તે મારી સામે એક પડકાર બનીને ઊભી થઈ ગઈ હતી. પણ મેં તેનું કશું બગાડ્યું નથી, તો પછી મને દુઃખી કરવાને તે શું કામ તત્પર થઈ ગઈ હશે ?!

પણ તે શું કરશે ?

કેમ કરશે ?

હું જાણતો નથી. મને કંઈ સમજાતું નથી.

ખુદા બહેતર જાણે.

•

[11]

નૂરજહાંએ નાખેલા ધ્રાસ્કાએ મને ખરેખર અશાંત કરી દીધો હતો. મનમાં અજંપો હતો. એક ચિંતા હતી કે આ મહત્ત્વાકાંક્ષી ઓરત ક્યાંક આડુંઅવળું વેતરી ન બેસે ! કોઈ એવું પગલું ન ભરે કે ભવાડો થાય !

મહત્ત્વાકાંક્ષીઓનો ભરોસો થઈ શકે નહીં. એવા લોકો બળતી આગમાં પણ કૂદકો લગાવી દે છે ! વીફરેલા વાઘ સાથે પણ બાથ ભીડી લે છે, અંજામની પરવા કર્યા વિના ! … આથી એક તરફ તે મારી નજીક આવતી જઈ રહી હતી તો બીજી તરફ હું તેનાથી બચવાની પેરવીમાં પડ્યો હતો.

અમારી છેલ્લી મુલાકાતને ત્રણ અઠવાડિયાં થવા આવ્યા હતા. અને તેના કશા સમાચાર ન હતા. આ તોફાન પૂર્વેની શાંતિ જેવું તો ન હતું ને ! શક્ય છે, તે કશા આયોજનમાં પરોવાયેલી હોય ! યા બનવા જોગ છે કે તે કશા કામસર બહાર ગામ ગઈ હોય !

ગમે એમ, પણ તેના સમાચારનો અભાવ મને ગુંગળાવી રહ્યો હતો. અને વિવિધ ખયાલજાળ ગૂંથવાને પ્રેરી રહ્યો હતો. જો કે એ ઓરત મને ગમતી ન હતી એમ તો ન હતું. તેણે મને જવાનીનું ભાન કરાવ્યું હતું. નહીંતર હું તો આશ્રયઆશ્રયીભાવ તળે દબાયેલો અને જવાનીની લિજ્જતથી અજ્ઞાત એવો એક અનભિજ્ઞ આદમી હતો. તેણે મને ઢંઢોળ્યો હતો. વળી તેના સાંવરા લાવણ્યમાં એક અજબ કશિશ હતી ! વિશેષમાં તે હોંશિયાર હતી, શિક્ષિત અને સંસ્કારી હતી. આથી તે મને ગમતી હતી અને દિલનો દરવાજો તેના માટે ખૂલું – ખૂલું થઈ રહ્યો હતો.

પરંતુ એક તરફ હૃદયની જ્યાં આવી સુંવાળી સ્થિતિ હતી તો બીજી તરફ કેટલી અમૂંઝવણ મને ઘેરીને ઊભી હતી. સાંઈ ગુલામનબીના ઘરમાં મારી જે હેસિયત હતી, મારી જે શાખ બંધાયેલી હતી તેને જોતાં નૂરજહાં સાથે સંબંધ વિકસાવવાનું મને યોગ્ય લાગતું ન હતું. બલકે ડર લાગતો હતો. સાંઈ અને સુગરામાની નજરમાંથી પડી જવાનો ડર. અને ખુદા ન કરે ને અગર એવું થયું તો … ??

મારું ભવિષ્ય ??

અને ભગતકાકાનો આ બોધ કે – 'બપ્પા, માલિકને હાજરાહજૂર જાણીને જીવજે' –નું શું ?

આ કારણો હતાં કે નૂરજહાંથી, તેના આકર્ષણથી, તેની ઈંદ્રજાળથી હું બચવા ઇચ્છતો હતો.

હા, એક તરફ એ ઓરત મારા દિલના દરવાજે ટકોરા દઈ રહી હતી તો બીજી તરફ મારા આશ્રયદાતાની નજરમાંથી પડી જવાના ડરની ભીંસ હતી. અત્યંત વિકટ પરિસ્થિતિમાં આવી પડ્યો હતો. શું કરવું ? કેમ કરવું ? કાંઈ સમજાતું ન હતું. આથી મન એવું અશાંત હતું કે જાણે ઊકળતું આંધણ !

આજે વાડીથી, દરરોજ કરતાં કંઈક વહેલો ઘરે આવ્યો. … આ તરફ મેં હવેલીમાં પ્રવેશ કર્યો અને બીજી તરફ દીવાનખાનામાં સુગરામા સાથે બેઠેલી એક સ્ત્રી ઊભી થઈ. જોઈને હું આભો રહી ગયો. એક કપકપી મનમાં દોડી ગઈ ! એ નૂરજહાં હતી. મારી સામે જોઈને સહેજ મુસ્કાઈ. અને પછી સાવ અજાણી હોય એવો ડોળ કરતાં સુગરામાને પૂછ્યું, 'આ કોણ ?'

'બપ્પાવર. મારો દીકરો જ સમજો ને !'

'વાહ, જબરો જવાન છે ! – તમે એમને પણ લઈ આવજો. આપણે અહીંયાં રહીએ છીએ તો એકબીજાને ઓળખવું તો જોઈએ ને ! … જરૂર આવજો. રાહ જોઈશ … … .'

નૂરજહાં આમંત્રણ આપી ગઈ હતી, સુગરામાને. ચાપાણી માટે. બે ઘડી બેસીને ગપસપ કરવા માટે. અને હવે એ દાવતમાં મને પણ સાંકળી લીધો હતો.

ભલે સાંકળ્યો. પરંતુ જવું ન જવું એ તો મારા હાથની વાત છે ને ! ન પણ જાઉં. સુગરામા આગ્રહ કરશે તો કહીશ કે – તમે જઈ આવો. મારે કેટલાં જરૂરી કામ છે.

એ રવિવારનો દિવસ હતો. રવિવારે સામાન્ય રીતે હું વાડીએ – ખેતરે જતો ન હતો. ઘરે રહેતો. જરૂરી ઘરેલુ કામો પતાવતો. અખબારો - સામયિકો વાંચતો અને મિત્રો સાથે ગપસપ કરતો. બપોર પછી સાડા-ચાર, પાંચ વાગ્યાના શુમારે સુગરામાએ મને બૂમ પાડી. કહ્યું, 'શું કરે છે, પુત્ત ?'

'આ અખબાર લઈને બેઠો છું. કંઈ કામ … … ?'

'તૈયાર થઈ જા. … નૂરજહાંને ત્યાં જવાનું છે. રાહ જોતી હશે. … ચાલ, ઉતાવળ કર !'

સુગરામાનો હુકમ હતો. અને છેલ્લા શબ્દો એવા સત્તાવાહી હતા કે …

મારા મોઢામાંથી અનાયાશે નાના બદલે 'હા' નીકળી ગઈ ! અને તેના પછી અન્ય કશું બોલાયું નહીં. સત્તાવાહી આદેશ ઉથાપાય એમ હતું જ નહીં. ઘડી રાખેલાં બહાનાં અંતરમાં જ રહી ગયાં. અને મારે અનિચ્છાએ કપડાં બદલાવીને તૈયાર થવું જ પડ્યું.

અમે ગયાં.

નૂરજહાં અમારી રાહ જોઈ રહી હતી. તેણે ઉમંગભેર અમારો આદરસત્કાર કર્યો. તેનો વહેવાર કોઈક સંસ્કારી મહિલાને શોભે એવો હતો.

'આવો સુગરામા ! … તમે આવ્યાં એથી મને ઘણી ખુશી થઈ. મારા અંતરમાં આનંદ માતો નથી. … આવો … આ તરફ … !'

તે અમને દીવાનખાના તરફ દોરી ગઈ. દીવાનખાનું સુંદર હતું. સોફા હતા, ગાલીચા હતા. અને એ સિવાય કિંમતી પડદા, પંખા, કોફી-ટેબલ વગેરે. બધું ય તમીઝપૂર્વક ગોઠવ્યું હતું, જે નૂરજહાંની સુઘડતા, સંસ્કારિતાની શાખ પૂરતું હતું. અને વિશેષમાં હતી ગુલાબની ખુશબૂ !

આ ખુશબૂ ગુલાબની હતી કે નૂરજહાંની સંસ્કારિતાની ? કદાચ એમ પણ હોય !

નૂરજહાં ખાસ્સી હોશિયાર હતી, ચપળ હતી, ચબરાક હતી. તે સુગરામા સાથે ગામની, બજારહાટની, જમીનદારીની વાતો કરી રહી હતી. વચમાં સમાજની સારી નરસી, નવીજૂનીનાં રંગછાટણાં ય થઈ જતાં. … સુગરામા પણ વાતમાંથી વાત જોડી કાઢતાં હતાં. વાતોનો એક ભરપૂર દૌર જામ્યો હતો. દીવાનખાનું ચેતનવંતું બની ગયું હતું. અને હું એક ખામોશ પ્રેક્ષક-

શો એ બધી અવનવી વાતો સાંભળી રહ્યો હતો. ઇચ્છા તો થાતી હતી કે કંઈક બોલું, પણ સુગરામા હતા ને ! તેમની આમન્યા રાખવી જરૂરી હતી. – વળી એક બીજો ડર આ હતો કે હું અગર કશું બોલું, ચર્ચામાં ભાગ લઉં તો નૂરજહાં વાતનો તાંતણો ઝાલી લેશે અને પછી … …

આ વાતચીત દરમિયાન નોકરાણી સન્દલી શરબતના ગ્લાસો મૂકી ગઈ. અને પછી સમોસાં, બટાકાનાં ભજિયાં, કબાબ વગેરે વાનગી આવી. મીઠાઈમાં જલેબી અને ગુલાબજાંબુ હતાં. અને છેલ્લે કોફી … પાન … !

નૂરજહાંએ તેની આખી હવેલી અમને દેખાડી. બે વિશાળ શયનખંડ હતા. બીજા બે ઓરડા. તમામ જરૂરી સામગ્રીવાળું રસોડું. ઉમદા રાચરચીલું. અને હવેલીના પાછલા ભાગમાં ગુલાબ - મોગરાનો નાનકડો બાગ. વાહ, જેવી નૂરજહાં તેવી જ આકર્ષક તેની હવેલી હતી !

અને પછી અમે ઘરે જવા માટે ઈજાઝત ચાહી તો નૂરજહાં 'જરા થોભો' – કહીને તેના શયનખંડમાં ગઈ. અલ્મારી ખોલી. અને ત્યાંથી તમીઝપૂર્વક બાંધેલું એક પડીકું લઈ આવી. કંઈક બીજું પણ તેના હાથમાં હતું. પડીકું સુગરામાના હાથમાં થમાવતાં તેણે કહ્યું, 'આ છે એક અદના ભેટ. તમે આટલાં વર્ષોમાં પહેલી વાર મારા ઘરે પધાર્યાં અને મારા આમંત્રણનું માન રાખ્યું એની યાદ રૂપે હું આ દુપટ્ટો આપું છું. ઓઢજો અને તમારી આ દીકરીને યાદ કરજો.'

અને પછી તેણે એક ખૂબસૂરત - નાજુક શીશી મને આપી અને કહ્યું, 'આ છે ખુશબૂ, જનાબ ! અસલ હિના છે. લગાવશો તો દિમાગ એવું ચાલશે કે સુકરાત - બોકરાતના ય દિમાગ પાણી ભરે ! અને દિલ બાગબાગ થઈ જશે … … !'

અને હસવા લાગી.

મને ય હસવું આવી ગયું !

સુગરામા પણ હસ્તા વિન રહી શક્યાં નહીં. … હસતાં હસતાં તેમણે પૂછ્યું, 'આ સુકરાત ને બોકરાત શું છે ?'

નૂરજહાં પાછી હસી. કહ્યું, 'એ મોટ્ટા ફિલોસોફર હતા … ! વધારે બખ્તાવર તમને સમજાવશે … … !'

નૂરજહાંની મહેમાનનવાજીનો જવાબ ન હતો. તેની દિલપૂર્વકની આગતાસ્વાગતાએ સુગરામાનું દિલ જીતી લીધું. … આ બધું શા માટે હતું ? દેખીતું છે કે એ તેની પોતાની મહત્ત્વાકાંક્ષા પાર પાડવા માટે હતું. મને મુઠ્ઠીમાં લેવા ખાતર હતું. અને આ રીતે તેણે એ માટેનો માર્ગ મોકળો કરી લીધો હતો.

અમે નૂરજહાંને ત્યાંથી પાછા ફર્યાં ત્યારે સાંઈ અમારી રાહ જોઈ રહ્યા હતા. પૂછ્યું :

'ક્યાં ગયાં હતાં ?'

'નૂરજહાંને ત્યાં. થોડું બેસી આવ્યાં.' સુગરામાએ કહ્યું.

સાંઈને થોડું આશ્ચર્ય થયું. થોડી મૂંઝવણ પણ : 'શી વાત હશે, ક્યારે ય નહીં ને આજે ?!' – પણ એ બાબત ઉપર પડદો નાખી દઈ તેમણે કહ્યું, 'વાહ ! ખૂબ વાતો થઈ હશે !'

'વાતો તો થાય જ ને ! … નૂરજહાંએ ઘર સારું સજાવી રાખ્યું છે ! એવું મજાનું કે મન થાય કે બેસી જ રહીએ !'

'તમે પણ સજાવો.'

'એ કરશે વહુ આવીને. મારાથી એ નહીં થાય … .'

સાંઈએ મને કશું કહ્યું નહીં.

પરંતુ તેમનો ચહેરો કહેતો હતો કે અમે નૂરજહાંને ત્યાં જઈ આવ્યાં અને ખાસ તો હું ગયો હતો એથી તે ખુશ ન હતા. તેમણે જીવનમાં ઘણી લીલીસૂકી જોઈ હતી. ભાતભાતના અનુભવો હતા. અને નૂરજહાં એક યુવાન વિધવા અને જમીનદાર હતી. વળી હું એક બિન અનુભવી યુવાન. … આ બાબતે તેમના મનમાં થોડી ચિંતા જગાવી હતી.

તેમને ચિંતાનો હક હતો. ચિંતા કરી શકતા હતા.

તેમને કોઈ ઓલાદ હતી નહીં. મને પોતાનો પુત્ર માની લીધો હતો. અને એક પુત્ર તરીકે પાળ્યોપોષ્યો, કેળવ્યો હતો. સાંઈની જમીનદારી પણ હવે તો લગભગ મારા હવાલે હતી. જમીનોની ઉપજના, વેપારીઓ સાથેના સોદા પણ ઘણાખરા તો હું જ કરતો હતો. હિસાબકિતાબ પણ.

આથી તેમને ચિંતા થાય એ સ્વાભાવિક હતું. તેમને ચિંતા હતી કે બહુ પ્રેમપૂર્વક ઉછેરેલો એક ફૂટડો આંબો ક્યાંક ભર વસંતે લૂટાઈ ન જાય ! પોતાની યોજના ઉપર પાણી ન ફરી વળે !

પણ મેં એવું કશુંયે ખોટું કાર્ય કર્યું ન હતું કે મને ઠપકો આપી શકાય. એટલે તેમના હિસ્સામાં ફક્ત ચિંતા આવી હતી; અને ચિંતા કરી રહ્યા હતા. મારા વિશે. પોતાની ભાવી યોજના વિશે. ખાસ તો નૂરજહાંના કારણે.

•

[12]

સાંઈ ગુલામનબીનું સ્વાસ્થ્ય છેલ્લા એક વર્ષથી તેમને સાથ આપી રહ્યું ન હતું. નબળાઈએ પગપેસારો કર્યો હતો. અગાઉ તેઓ જમીનદારીનું બધું કામ એકલપંડે સંભાળી લેતા હતા. પણ હવે થોડાં ઘરેલુ કામકાજમાંયે હાંફવા લાગતા હતા. આથી લાંબું વિચારીને, જમીનદારીની જવાબદારી તેમણે મને સોંપી હતી. તેમના માર્ગદર્શન હેઠળ, એ જવાબદારી હું યોગ્ય રીતે સંભાળી શકીશ એવી તેમને ખાતરી હતી.

તો બીજી તરફ, તેમની એ આકાંક્ષા પર હું પૂરો ઊતરીશ એવો, મને મારી જાત ઉપર વિશ્વાસ હતો.

પરંતુ નૂરજહાંનો પ્રવેશ કલેશકર હોય એમ લાગી રહ્યું હતું. સાંઈ વિશેષ ચિંતિત રહેવા લાગ્યા હતા. … જો કે દેખીતી રીતે નૂરજહાંમાં કોઈ બુરાઈ ન હતી. સમાજમાં શાખ સારી હતી. અને હું પણ કોઈ સ્ત્રીની ચક્કરબાજીમાં આવીને કોઈક અનુચિત પગલું ભરું એવો તો ન જ હતો. … પરંતુ અહીં બન્ને પક્ષે જવાની હતી ને ! જવાનીનો શું ભરોસો ? અણધાર્યો ધડાકો કરી બેસે તો !

વળી નૂરજહાં તો ધરાર સાંઈની હવેલી સુધી પહોંચી ગઈ હતી !

આ પરિસ્થિતિએ સાંઈને ચિંતાના ચાકડે ચઢાવી દીધા હતા. ચિંતાનું દબાણ તેમને બેચેન રાખવા લાગ્યું. ઊંઘ રિસાવા લાગી. ભૂખ પણ ઓછી થઈ ગઈ. નબળાઈ તો આ પહેલાં જ પગપેસારો કરી ચૂકી હતી. હવે એમાં વધારો થયો. હરવાફરવામાંયે તકલીફ થવા લાગી.

મારી આંખો ખુલ્લી હતી. સાંઈના કથળી રહેલા સ્વાસ્થ્યથી હું બેખબર ન હતો. મને એનો પૂરો એહસાસ હતો. મેં સુગરામાને કહ્યું, 'સાંઈનું સ્વાસ્થ્ય કથળી રહ્યું છે. દહાડે દહાડે સૂકાતા જઈ રહ્યા છે. એમને કોઈક સારા ડોક્ટર પાસે લઈ જવા જોઈએ.'

'મારું કહ્યું માનતા નથી. ઘણીવાર કહી ચૂકી છું. તું કહે, પુત્ત ! તું એમને લઈ જા.'

હું દીવાનખાનામાં ગયો. સાંઈ સોફા પર આડા પડ્યા હતા. હવાદાન ખુલ્લું હતું. પંખો ચાલી રહ્યો હતો. હું નજીક જઈને ફરશ ઉપર બેસી ગયો. કહ્યું, 'સાંઈ, એક વાત કહું ?'

'હા, કહે પુત્ત ! શી વાત છે ?'

'આપણે કોઈ સારા ડોક્ટર પાસે જઈએ. … અહીંના ડોક્ટર તો એવા જ છે. આપણે ઉમરકોટ જઈએ. યા મીરપુર ખાસ યા …'

'શા માટે ?' સાંઈએ બેઠા થતાં કહ્યું.

'તમારી તબીયત જુઓ. કેવા થઈ ગયા છો ! દિવસે દિવસે શરીર સૂકાતું જઈ રહ્યું છે. … '

'હું બિલકુલ ઠીક છું. મને કંઈ થયું નથી. ફક્ત થોડી ચિંતા છે.'

'શેની ચિંતા ?'

'એ તને નહીં સમજાય, પુત્ત !'

'પણ આ તમારું શરીર ! ના, આપણે એક વાર ઉમરકોટ જઈ જ આવીએ. કોઈ સારા ડોક્ટરની સલાહ લઈએ. યોગ્ય ઈલાજ કરાવીએ … '

'હા, હા, બખ્તાવર સાચું કહે છે.' સુગરામાએ દીવાનખાનામાં પ્રવેશતાં કહ્યું. 'એની સાથે જઈ આવો ઉમરકોટ. …'

'પણ મને થયું છે શું ?'

'તે ડોક્ટર કહેશે. … બરાબર ખાઈ શકતા નથી. ઊંઘ પણ ચરવા ચાલી ગઈ લાગે છે. … અને આ શરીર તો જુઓ ! આયનામાં ચહેરો જોયો છે ! શું આવા હતા પહેલાં !'

સાંઈએ ઘણા વાંધાવચકા કર્યા. ઘણી હા - ના કરી. પણ આખરે તેમણે અમારા આગ્રહ આગળ નમતું જોખવું પડ્યું.

બીજે દિવસે હું સાંઈને ઉમરકોટ લઈ ગયો. ડોક્ટર શેખના દવાખાનામાં.

સાઠેક વર્ષની વયના, ટાલિયા ઊંચા ડોક્ટર શેખ એક પ્રતિષ્ઠાવાન ડોક્ટર હતા. તેમણે સાંઈને ત્રણવાર તપાસ્યા. સ્ટેથસ્કોપ દ્વારા છાતી અને પીઠ તપાસી. પેટ તપાસ્યું. જીભ તથા ગળાની તપાસ કરી. આંખો જોઈ. અને પછી કહ્યું, 'ફિકરની કોઈ વાત નથી. બધું ઠીક થઈ જશે. દવા લખી આપું છું. … એક અઠવાડિયા પછી પાછા … .'

'અને ખોરાક … ?' મેં પૂછ્યું.

'ચીકન સૂપ આપો. મેથી અને તાંદળજાની ભાજી. … તળેલી વાનગી આપવી નહીં. પાણી ઉકાળેલું.'

'એમને ઊંઘ બરાબર આવતી નથી.'

'વિચારો કરતા હશે.વિચારવાનું બંધ કરો. ખુશ રહો. અને સૂર્યાસ્ત પહેલાં જમવાનું રાખો. – ઊંઘ આવી જશે.'

'કોઈ ઈંજેક્શન ?'

'જરૂર નથી. … '

એના ત્રીજા દિવસે નૂરજહાં અમારે ત્યાં આવી. સુગરામા સાથેની વાતચીતમાંથી તેણે જાણી લીધું કે સાંઈ બીમાર છે અને ઉપાય માટે તેમને ઉમરકોટ લઈ જવામાં આવ્યા હતા. તેણે તરત પૂછ્યું, 'કયા ડોક્ટર પાસે લઈ ગયા હતા ? … ત્યાં બે ડોક્ટર સારા છે. શેખ અને કુરૈશી. કુરૈશી વધારે સારા. મારા ભાઈના મિત્ર છે.'

'ભાઈ શું કરે છે ?' સુગરામાએ સવાલ કર્યો.

'અમલદાર છે. કલેક્ટરની કચેરીમાં. … અચ્છા, ડોક્ટરે શું કહ્યું ? શું બીમારી છે ?'

'કાંઈ કહ્યું નહીં. દવા આપી છે. … અઠવાડિયા પછી પાછા બોલાવ્યા છે.'

'બખ્તાવરને કહેજો કે હવે જાય ત્યારે મારા ભાઈને મળે. કરીમબક્ષ એનું નામ છે. કલેક્ટરની કચેરીમાં મળશે. તે ભેગા હશે તો ડોક્ટર ધ્યાન આપશે. ઉપાય સારો કરશે.'

સુગરામા ગરજવાન હતાં. તેમણે નૂરજહાંની આ સલાહ કોઈક મૂલ્યવાન વસ્તુની જેમ છેડે ગાંઠી લીધી. જો કે એમાં કશી બુરાઈ પણ ન હતી. બલકે ઉપયોગી સલાહ હતી. પરંતુ એ વિશેની ચર્ચા કદાચ સાંઈની ચિંતામાં વધારો કરે અને પરિણામે તેમનું સ્વાસ્થ્ય વિશેષ લથડે એવી ભીતિ મને હતી. હું તો એવી કોઈ ચર્ચા સાંઈ સાથે યા સાંઈની હાજરીમાં અન્ય કોઈ સાથે કરનાર ન હતો. …

પણ સુગરામા ? તેમને એ સલાહની ચર્ચામાં રહેલો ખતરો કોણ સમજાવે ?! મારા માટે તો એ શક્ય હતું જ નહીં.

અને આથી ભોળાં સુગરામાએ નૂરજહાંની સલાહની પોટલી ઉત્સાહભેર ખોલી નાખી : 'નુરજહાં કહી ગઈ છે કે … '

જો કે આશય શુભ હતો. – પણ એ વાત સાંભળીને સાંઈ ભાતભાતના તર્કવિતર્કે ચડી ગયા. ચિંતામાં વિશેષ વધારો થયો. અને ચિંતાના આ અણધાર્યા બોજવધારાએ દવાની તાસીર નિરર્થક કરી નાખી. પરિણામે સાંઈની તબિયત સુધરવાના બદલે વિશેષ બગડવા લાગી.

જાણે પાનખરનો પ્રવેશ હતો અને એનો કોઈ ઉપાય ન હતો.

•

(વધુ હવે પછી)

[136 Stamford Street, Old Trafford, MANCHESTER M16 9LR, U.K.]

અગ્રણી કવિ સુરેશ દલાલનું નિધન

ફૂલપાંદડી જેવી કોમળ
મત્ત પવનની આંગળીએથી
લાવ, નદીના પટ પર તારું નામ લખી દઉં !

- સુરેશ દલાલ

કવિતા અને જીવનને ભરપૂર પ્રેમ કરનારા અગ્રણી ગુજરાતી કવિ, અનુવાદક, વિવેચક તથા "કવિતા" સામાયિકના સંપાદન થકી અને કાવ્ય સંમેલનો-મુશાયરાના સ્મરણીય સંચાલનો થકી ચારપાંચ પેઢીના મુંબઈના ગુજરાતીઓમાં કવિતા માટેનો લગાવ ઊભો કરવામાં શીર્ષસ્થ ભૂમિકા ભજવનારા સુરેશ દલાલનું શુક્રવાર, 10.08.2012ના રાત્રે લગભગ આઠ વાગે મુંબઈમાં ૭૯ વર્ષની વયે અવસાન થયું છે.

સુરેશ દલાલ
સદ્‌ભાવ : અમદાવાદસ્થિત ચિત્રકાર - છબિકાર વ્રજ મિસ્ત્રી

છેલ્લા કેટલાક સમયથી સુરેશભાઈનું સ્વાસ્થ્ય નાદુરસ્ત હતું. જો કે તેમના સક્રિય સહભાગનો ગુજરાતી સાહિત્યને સતત લાભ મળતો રહ્યો હતો. શુક્રવારે રાત્રે જમ્યા બાદ નિયમિત દવાઓ લેતી વખતે અચાનક જ તેઓ ઢળી પડ્યા હતા અને ગુજરાતી સાહિત્ય જગતે ઝળહળતો તારલો ગુમાવ્યો હતો.

એક મોટા ગજાના સર્જક વ્યવહાર જગતમાં પણ નિપૂણ હોય અને ફૂલગુલાબી માનવી પણ હોય તો કળા-સાહિત્યને કેવો પ્રચંડ લાભ મળે છે એનું સુરેશભાઈ અનોખું ઉદાહરણ હતા. વિદ્વત્તા અને રસિકતાનો વિરલ સમન્વય સુરેશભાઈમાં થયો હતો. કાવ્યસંગ્રહો, અનુવાદો, સંપાદનોનાં એમનાં એટલાં પુસ્તકો પ્રગટ થયાં છે કે કોઈને પણ આશ્ચર્ય થાય. ઉત્કટ કાવ્યપ્રીતિ અને તીવ્ર યાદશક્તિ થકી એમણે કવિતાપ્રેમને પ્રજ્વલિત રાખવામાં અનેરું પ્રદાન કર્યું છે. "જન્મભૂમિ" જૂથના "કવિતા" ત્રૈમાસિકના સુદીર્ઘ સંપાદનની ઇતિહાસમાં ગુજરાતી કવિતાની બહુ મોટી સેવા તરીકે નોંધ લેવાશે.

૧૧મી ઓક્ટોબર, ૧૯૩૨ના રોજ મુંબઈ નજીકના થાણેમાં તેમનો જન્મ થયો હતો. એમને ૧૯૮૩માં રણજીતરામ સુવર્ણચંદ્રક મળ્યો હતો અને વર્ષ ૨૦૦૫માં સાહિત્ય અકાદમી એવૉર્ડથી તેમની નવાજવામાં આવ્યા હતા. સુરેશભાઈ મુંબઈની કે.સી. કોલેજ, એચ. આર. કૉલેજ અને વિદ્યાવિહાર સોમૈયા કૉલેજના ગુજરાતીના અધ્યાપક હતા. મુંબઈની એસએનડીટી યુનિવર્સિટીમાં તેઓ વર્ષો સુધી ગુજરાતી વિભાગના વડા હતા.

છેલ્લાં અઢી દાયકાથી એમણે ઇમેજ પબ્લિકેશનના સંચાલનથી પણ સાહિત્યની બહુ મોટી સેવા કરી છે. આ પ્રકાશને ગુજરાતી ભાષાને કેટલાંય યાદગાર પુસ્તકો આપ્યાં છે. સ્વ. સુરેશભાઈના પરિવારમાં તેમનાં પત્ની સુશીલાબહેન અને પરિણીત દીકરી મીતાલી અને નિયતિ છે.

(સૌજન્ય : "મુંબઈ સમાચાર", 11.08.2012)

•

સુરતસ્થિત જાણિતા કવિ અને બ્લૉગકાર વિવેક ટેલર કહેતા હતા, 'ગુજરાતી કવિતાની યુનિવર્સિટી રાતોરાત પડી ભાંગી … એક તોતિંગ ગઢ … એક આખું આકાશ … ગુજરાતી કવિતાના ઘરનો એક મોભી … એક જ રાતમાં શું શું નથી ગુમાવ્યું ગુજરાતી ભાષાએ ?'

સલીલ દલાલ લખતા હતા : '… ગુજરાતી 'કવિતા' અને કવિઓના પ્રિય એવા સુરેશભાઈની વક્તા તરીકેની શૈલી ખાસ્સી રમતિયાળ. તેમને જેટલા પણ સમારંભોમાં બોલતા સાંભળ્યા છે, તેમાં એ સ્ટેજ પરથી બોલતા હોય તો પણ જાણે મિત્રોની મહેફિલમાં વાતચીત કરતા હોય એમ જ લાગે. એક સારા ફટકાબાજ બેટ્સમેનની જેમ બાઉન્ડ્રી માર્યા વગરની કોઈ ઓવર ખાલી ના જાય …. '

મુંબઈસ્થિત 'સાહિત્ય સંસદ'ના અગ્રેસર કનુભાઈ સૂચક જણાવતા હતા, સુરેશભાઈ થોડાં સમયથી અસ્વસ્થ રહેતાં હતાં. છેલ્લે વાત થઈ ત્યારે કહે મને સારું છે. બહાર હવે ઓછું નીકળવાનું રાખવું તેવું નક્કી કર્યું છે. … ડૂમો ભરાયો છે. શોક શબ્દસ્થ થતો નથી.'

સુરેશ દલાલની વિવિધ પ્રવૃત્તિઓના સાથીદાર અને કવિ અંકિત ત્રિવેદી લખતા હતા : ગુજરાતી ભાષાને પોતાની કલમ થકી એક નવી વાચા આપનાર સુરેશ દલાલજી આપણ સૌમાં તેમની કળા થકી સદાય જીવંત રહેશે.

જાણીતા બ્લૉગર - લેખક ભૂપેન્દ્રસિંહ રાઉલના મતે દલાલ સાહેબને કોઈ સ્ત્રીએ પૂછ્યું કે તમે કવિતા કઈ રીતે લખો છો? દલાલ સાહેબ કહે હું તો સુરેશ દલાલ છું, તરલા દલાલ નથી કે કવિતાની રેસિપી કહું? … છતાં કહ્યું કે ગુલાબી કાગળ લો, લીલા રંગની શાહી લો અને કાગળને લમણે ટકરાવો કદાચ દિમાગમાંથી કવિતા ફૂટી નીકળે ! … બધા ખૂબ હસ્યા. એક વાત બહુ સરસ કહી. તમને તારાઓની બારાખડી વાચતા આવડે છે? હા, હોય તો લખો. આંખોમાં ધસી આવેલાં વાદળને ના વરસાવીને રોકતા આવડે છે? હા, હોય તો લખો કવિતા. તમને ભીડમાં પોતાની જાત સાથે રહેતા આવડે છે? તમને મેઘધનૂષના રંગ ને સુક્કી ધરતી પર ઉતારતા આવડે છે? જો હા હોય તો લખો કવિતા. એમને સાભંળવાની મજા આવી. એક વસ્તુ બહુ મહત્ત્વની કહી કે કવિતા સંમેલનોમાં કવિતા એવી રીતે કહો કે સાભંળનારને એવું લાગે કે કાનમાં પીંછુ ફરી ગયું છે.

ગુજરાતી સાહિત્યના લબ્ધપ્રતિષ્ઠ સાહિત્યકાર **સિતાંશુ યશશ્ચંદ્ર** "જન્મભૂમિ-પ્રવાસી"ને જણાવતા હતા કે મુંબઈની કે.સી. કૉલેજમાં કૉમર્સના વિદ્યાર્થીઓને પણ ગુજરાતી કવિતા અને સાહિત્યની લગની લગાડનાર લોકપ્રિય અધ્યાપક પોતાની ઊગતી જુવાનીથી કવિતા અને પ્રજા વચ્ચે અનેક પુલો બાંધવામાં વ્યસ્ત રહ્યા હતા. એક તરફ, સોમૈયા કૉલેજ અને બીજી તરફ, "જન્મભૂમિ" અખબારજૂથના માધ્યમથી સુરેશભાઈએ પોતાને ગમતા ગુજરાતી સાહિત્યને ક્યાં ક્યાં સુધી પહોંચાડ્યું નથી. "કવિતા" દ્વિમાસિક દેશ-પરદેશના કવિઓ, ગુજરાતભરનાં ગીત-ગઝલના લોકપ્રિય કવિઓ, અનેક અદના વાચકો માટે મેળા જેવું બની રહ્યું. ઉત્તમ વક્તાઓનાં વ્યાખ્યાનો અને પરિસંવાદો વડે એસ.એન.ડી.ટી. યુનિવર્સિટીના ગુજરાતી વિભાગને એમણે ધમધમતું રાખ્યું હતું. રોમેન્ટિક ગુજરાતી કવિતાના આ ઉપાસકે કવિતાને પ્રજા સુધી, ખાસ તો મુંબઈના રસિકજનો સુધી ઘણી કુશળતાથી પહોંચાડી. ગુજરાતના ગુણીજનો એમના અધ્યાપનકાર્યને, સંપાદનકાર્યને અને સર્જક-વિવેચક લેખે પોતાની વિશેષ અભિરુચિ અનુસાર કૃતિઓને ચોમેર પહોંચાડવાનાં એમના કામને લાંબો સમય સ્નેહથી યાદ રાખશે.

====================

– એતાનશ્રી

'સંસ્થાઓ નારાયણ-પરાયણ બને એની જરૂર છે'

• જુલાઈ અંકનો સંપાદકીયલેખ, ઊંડું સંશોધન કરી, જહેમત ઊઠાવી અને અનુભવના આરે લખાયેલો લેખ, વાચકો માટે જરૂર ગહન ચિંતનસભર રહ્યો છે. એમાં વાત આવે છે સંસ્થા અને વ્યક્તિગત સંબંધોની, સમાજ -રાષ્ટ્ર વચ્ચે સંસ્થાના સ્થાનની.

આ વર્ષની બી.બી.સી. રીથ વ્યાખ્યાન શ્રેણીના પ્રવચક પ્રૉ. નીલ ફરગ્યુસને આ વિષય પર જૂન-જુલાઈ મહિના દરમિયાન ત્રણ વ્યાખ્યાનો આપતાં કહેલું : 'The success or failure of nations depend upon civil institutions.' આરબ દેશોમાં ક્રાંતિનો, બદલાવટનો પવન ફૂંકાયો છે તેના પર વિશ્લેષણ કરતા કહ્યું, 'Revolutionary fervour is all very well but without proper and rigorous institutions democracy can not succeed.'

આ સંપાદકીય લેખમાં વિપુલભાઈ આચાર્ય વિનોબા ભાવેના આવા જ વિચારોને ટાંકતાં લખે છે : 'સંસ્થાઓ નારાયણ-પરાયણ બને એની જરૂર છે.' એ ક્યારે બને એનો ખુલાસો આપતાં વિનોબાજીના શબ્દો રણકે છે : 'આપણી સંસ્થાઓમાં શક્તિ ભરવાનું કામ વ્યક્તિ જ કરી શકે.'

આવી સામાજિક - સાંસ્કૃતિક - સાહિત્યિક વગેરે સંસ્થાઓ મોટા પાયા પર કામ કરવા ઊભી થાય એવી બ્રિટનના વડા પ્રધાન ડેવિડ કૅમેરનની ખ્વાહીશ રહ્યા કરી છે. આવી નીતિને એમણે 'બીગ સોસાયટી'નું નામ આપ્યું અને એમની સરકાર બે વર્ષથી આના પર જબ્બરદસ્ત વિચારણા અને કામ કરી રહી છે. નીલ ફરગ્યુસને એના રીથ વ્યાખ્યાનમાં આવા જ વિચારો વહેતા મૂક્યા હતા.

ભારતીયોને પણ આવી જ વિચારધારા પર વિશ્વાસ રહ્યા કર્યો છે. ખાસ કરીને આપણા ગુજરાતી સમાજમાં આવી સંસ્થાઓ ઊભી કરવામાં આપણે ગુજરાતીઓ આરંભે શૂરા. આપણી આ વ્યવસાયી આદતને આચાર્ય વિનોબાજીએ જરૂર વખાણ કર્યા છે, પણ સાથે સાથે એક ચેતવણી પણ આપી છે. વિપુલ કલ્યાણીના આ લેખમાં એ આમ છે : 'આપણે સંસ્થાઓ ઊભી કરી દઈએ છીએ. અને તે આપણી આંખોની સામે જ નિસ્તેજ પણ બનતી જાય છે. તેનો જીવનરસ સુકાઈ જતો હોય છે. આવું કેમ ? નિત્ય નવો જીવનરસ તેને કેમ મળતો નહીં હોય ? તેને માટેના કારણોની ખોજતપાસ કરતો રહું છું તો દેખાય છે, **अंगुष्ठोदकमात्रेण शफरी फर्फरायते** - અંગૂઠા જેવડાં ઊંડાં પાણીમાં જ આપણે રમતા રહીએ છીએ. આપણાં દર્શનમાં કોઈ ઊંડાઈ પછી રહેતી નથી.'

છેલ્લા ત્રણ-ચાર દાયકાઓ બ્રિટનના ડાયસ્પોરિક ગુજરાતી સમાજમાં આવી સારી એવી સંખ્યામાં સંસ્થાઓ ઊભી કરવામાં આવી. અને ઘણો વખત તે ચાલી પણ ખરી. એ ઇતહાસની તવારીખ વિપુલભાઈએ ખૂબ સંશોધન કરી એમના લેખમાં રજૂ કરીને વિપુલ પ્રમાણમાં બિરદાવી. પછી તો વર્તમાનમાં આવતાં અને પરિસ્થિતિ નિહાળતાં એમણે ગ્લાનિ અનુભવી. એમણે અનુભવથી અને નિરીક્ષણથી જોયું કે આ બધી સંસ્થાઓમાં આજકાલ શિથિલતા, નિષ્ક્રિયતા આવી છે અને સબળ સક્રિય રાહબરોનો અભાવ ખાસ વર્તાઈ આવે છે. એટલે જ તો કવિ લલિત વર્માની પંક્તિ લઈ એમનો ગ્લાનિભાવ રજૂ કરતાં લખ્યું : 'ભટકી રહ્યો છું ક્યારનો દર્પણના દેશમાં', અને પછી, હિન્દી કવિ યશપાલને ટાંકી કહે છે :

काश ! जीवन में मेरे सुख-दुख का कोई एक अवलम्ब होता ।
मेरा कोई साथी होता ।

આ સંપાદકીય લેખના ગુજરાતી વાચકો - નવી પેઢીના કે જૂની, નિવૃત્તિ જીવન વિતાવતી પેઢીના – સૌ માટે વિપુલભાઈનું એક આહ્‌વાન છે : 'બીગ સોસાયટી'ને નવું ઊંડું દર્શન અર્પણ કરવામાં આપણે કંઈક કરીએ, થોડીક સક્રિયતા લાવીએ.

– ડાહ્યાભાઈ નાનુભાઈ મિસ્ત્રી

['Kamal Kunj', 3 Buckingham Mews, SUTTON COLDFIELD, West Midlands, B73 5PR.U.K.]

આનંદો … ગુજરાતી સુરક્ષિત છે … આંબાની ડાળે મજા કરે …!

• થાય છે : અનંતકાળ સુધી, સામાન્યપણે, હું "ઓપિનિયન"માંની સામગ્રી અને તેની વ્યવસ્થાનાં ગુણગાન ગાયા જ કરું.

પરંતુ આ અનુભવ તો જુઓ : જૂન માસના અંકમાંથી પસાર થતાં, એક, સતીષ જોશી તરીકે નહીં, બલકે એક, સમજુ ગુજરાતી વાચકને નાતે, હું "સંસ્કૃતિ", "કુમાર", "ગ્રંથ", "કવિ અને કવિતા", અરે, "અખંડઆનંદ"ના વિશ્વમાં એક સાથે ફંગોળાઈ ગયો. આ દરેક સામયિકે સૌ કોઈ ઉત્સુક વાચકગણની સાહિત્ય રુચિને સતત પોષ્યા કરી જ.

અને તમે ય આવું જ કરો છો. તમારા દેશના કવિ એલિયટને ટાંકીને કહીએ : 'Here, in England, and Now' (અહીં, ઇંગ્લૅન્ડમાં, તત્કાળ). અબીહાલ, આપણે ગુજરાતી નામે કહેવાતી જબાનને જાણે અલવિદા કરવામાં પડયા છીએ, તેનો ઘંટનાદ વગાડવા બેઠા છીએ, ત્યારે તમે પોષણ આપો છો ! … નર્મદ, દલપત, કાન્ત, બ.ક.ઠા. કલાપી, ન્હાનાલાલ, ગાંધી (અલબત્ત, મોહનદાસ માર્કાના), ગોવર્ધનરામની જેમ કીધા કર્યું : 'આનંદો … ગુજરાતી સુરક્ષિત છે … આંબાની ડાળ બેઠે મજા કરે … … !

ગોપિત જરઝવેરાતને સામયિક વાટે વાચકને ધરીને વિપુલભાઈ આ ઈન્ટરનેટ નામે સાધનનો ભરપેટ ઉપયોગ કરી લે છે.

હવેના યુગમાં આ જ સાધન બચવાનું છે અને પ્રચલિત રહેવાનું છે. ભાવિના ગર્ભમાં જે સચવાઈ શકવાનું છે તેને જ અહીં સમાવવું જરૂરી છે. અને એ કામ કરવા તમે મથી રહ્યા છો. – ભૂતકાળ, વર્તમાનકાળ અને ભવિષ્યકાળ માટેનું આ જ અને આવું કામ !

ખેર ! … બાબુભાઈ સુથારે કેટલાંક પુસ્તકોને ટાંક્યાં છે. વડોદરાની મહારાજા સયાજીરાવ યુનિવર્સિટીના ગુજરાતી વિભાગમાં મેં આવાં પુસ્તકો દીઠાં જ હતાં. અને એમણે તો ખંતપૂર્વક અહીં અભ્યાસલેખ આપ્યો છે. મને તો રામનારાયણ પાઠક, કે પછી, યશવંતભાઈ શુક્લ સરીખા મહારથિઓનાં કામો સાથે આ સરખાવવાનું મન થાય છે !

ધીરુભાઈ ઠાકરની જ વાત કરી લઉં. મારા અમદાવાદ નિવાસ વેળા એમને જોવામળવાથી હું કેમ વંચિત રહ્યો તેની સમજણ પડતી નથી, અને તેથી તેની કળ વળતી નથી. એમણે ગંજાવર કામો આપ્યાં છે. કમ સે કમ, ત્યારે હું એમને પ્રણિપાત કરીને મારી ખુશી અને આદર વ્યક્ત કરી શક્યો હોત ! (જો કે દીપક મહેતા અને કુમારપાળ દેસાઈના લેખો વાંચ્યા ન હોત તો તેમના વિશેની મારી કને માહિતી જ ન હોત … ! … ક્ષમસ્વ:)

અંતરમનની મારી પ્રાર્થના છે : આ સામયિક પૂરા અર્થમાં ગુજરાતી વાચકોને સારુ વ્યવસ્થિત સંગ્રહ બનીને રહો; દરેક ગુજરાતીના ઘરમાં એ પહોંચતું હોય, દરેકની ક્ષુધા સમાવતું હોય !

– સતીષ જોશી

e.mail : savaj256@yahoo.com

ચયન કરીને તે પર વિવરણપૂર્વકનું અધ્યયન કરવું જોઈએ

• ઈન્ગ્લૅન્ડ-અમેરિકાના ૧૯૯૨ના મારા પ્રથમ વારના પ્રવાસ પછી, મેં એક પાકો અભિલાષ સેવેલો કે બન્ને દેશમાં જે કંઈ લખાય છે, તેને વ્યક્ત કરનારું એક સામયિક શરૂ કરવું. મારી એ વિશે મિત્ર જગદીશ દવે જોડે વાત પણ થઇ હતી. એના મૂળમાં તમારું “અસ્મિતા” હતું. – એ રીતે કે એના અને વિદેશ વસતા બીજા સૌ લેખકોને ગુજરાતી સાહિત્યસૃષ્ટિમાં માનભેર દાખલ કરવા, વસાવવા. પણ એ કામ કોઈ કારણે થઇ શકેલું નહીં.

આ યાદ આવ્યું -- આ વેળાના “ઓપિનિયન”થી; એમાંના તમારા સાંસ્કૃતિક અભિવ્યક્તિઓની વીગત-વિસ્તારથી વારતા કહેતા બહુમૂલ્ય લેખથી. ગુજરાતી સાહિત્યના ભાવિ ઇતિહાસકારને એ ખૂબ જ કામ આવશે. તમને પ્રેમપરિશ્રમભર્યા આ લેખન માટે ખૂબ ખૂબ અભિનન્દન.

મને આ ક્ષણે થાય છે, કોઈએ આ સઘળી સામગ્રીમાંથી સઘળો સાર સૂચવતું ચયન કરીને તે પર વિવરણપૂર્વકનું અધ્યયન કરવું જોઈએ, અને તેનું પ્રકાશન કરવું જોઈએ. કદાચ કોઈ કરતું પણ હશે … તમને ફરીથી અભિનંદન આપી વિરમું.

- સુમન શાહ

(પીઓરિયા, ઇલ્લિનોય, યુ.ઍસ.એ.)
e.mail : suman.g.shah@gmail.com

ગાંધીસાહિત્યના સેવન માટે ભારે મોટી ચાનક આપે છે

• આ જુલાઈ અંકમાં ‘યુનાઇટેડ કિંગ્ડમ સમેતના યુરોપમાં ગુજરાતી સંસ્કૃતિની વિધવિધ અભિવ્યક્તિઓ’ નામનો તમારો અગ્રલેખ ઓજસ્વી છે. યૂરપના સાંસ્કૃતિક - ભાષાકીય પરિબળોની વાત તો તેમાં છે પણ મુખ્યત્વે યુનાઇટેડ કિંગ્ડમમાંની પરિસ્થિતિનું તેમાં સુપેરે આલેખન થયું છે. તમે કેવડો મોટો વ્યાપ તેમાં આવરી લીધો છે, અને સાથોસાથ કેટલી મબલખ સામગ્રી આપી છે ! વળી, તે સઘળું ય ભારે અસરકારક બન્યું છે. અભિનંદન !

‘હિન્દ સ્વરાજ્ય’ અંગે દિવંગત કાન્તિભાઈ શાહનો લેખ, આપણા અનેક સવાલોના જવાબ મેળવવાને સારુ, આપણને મૂળ ગાંધી સાહિત્ય ભણી આપણને લઈ જવા મજબૂત ચાનક આપે છે. નૂતન જાનીનો ય લેખ મને ખૂબ ગમ્યો. ટૂંકમાં, આખો ય અંક ભારે વાચનક્ષમ બની રહ્યો.

આ અંકની જોડાજોડ તમે જે પ્રાસ્તાવિક કર્યું છે તેમાં જે ‘લિન્ક’ તમે જોડી છે તે ય બહુ સમૃદ્ધ છે.

તાજેતરમાં આપણે બે નામી ઉત્તમ વ્યક્તિ ખોઈ – મૃણાલ ગોરે અને કેપ્ટન લક્ષ્મી. આવી શક્તિસામર્થ્યવાળાં અને ઉત્કૃષ્ટ ગુણવાન આગેવાનો હવે આપણે ભલા ક્યાંથી આણવાનાં ?

દર વખતની જેમ, આ પહેલાંનો જૂન માસનો અંક પણ એકી બેઠકે વાંચી ગઈ. મજા પડી. તમારો તેમ જ બાબુભાઈ સુથારનો લેખ સવિશેષ પસંદ આવ્યા. ‘બખ્તાવર’ના આ આરંભી પ્રકરણો સ્પર્શી ગયા. ભાગલા અંગે ગુજરાતી સાહિત્યમાં કેટલી નવલકથાઓ લખાઈ હશે, - મને પ્રશ્ન મૂંઝવતો રહ્યો. પ્રાસ્તાવિક પત્રમાં આપી વિવિધ ‘લિન્ક’ પણ રસપ્રદ રહી. તેમાં ય ઑંગ સાન સૂ કી તથા ઓમકારનાથજીની વાણી દિલને ચોંટી ગઈ. ધન્યવાદ.

– ઉષા ઠક્કર

e.mail : ushathakkar@yahoo.com

સવા સો વર્ષ પહેલાં ત્રીસ વર્ષના યુવકે લખેલી નવલકથા

• દીપક મહેતા

માંડ ત્રીસ વર્ષની ઉંમરનો એક યુવક. હજી એકાદ વર્ષ પહેલાં જ ખિસ્સામાં માત્ર પચાસ રૂપિયા લઈને એ યુવક મુંબઈ આવ્યો. એ વર્ષ હતું ૧૮૮૪નું. ૨૩મી જૂને પહેલો કેસ મળ્યો અને વકીલાત શરૂ કરી. એ વાતને માંડ ૧૪ મહિના થયા ત્યાં તો ૧૮૮૫ના સપ્ટેમ્બરની ૧૮મી તારીખે એણે એક નવલકથા લખવાનું શરૂ કર્યું. ૧૮૮૬નું આખું વર્ષ લખતા રહ્યા. ૧૮૮૭ના જાન્યુઆરીની ૧૪મી તારીખે નવલકથાના પહેલા ભાગનું લેખન પૂરું કર્યું. ૧૮૮૭ના એપ્રિલમાં પુસ્તકરૂપે પ્રગટ થઈ એ નવલકથા. હા, કુલ ચાર ભાગમાંથી એ હતો પહેલો ભાગ. એ યુવક તે ગોવર્ધનરામ માધવરામ ત્રિપાઠી અને એ નવલકથા તે ‘સરસ્વતીચન્દ્ર’.

ગોવર્ધનરામની જન્મભૂમિ નડિયાદ, પણ બાવન વર્ષની તેમની જિંદગીનાં લગભગ અડધાં વર્ષ તેમણે મુંબઈમાં ગાળ્યાં. તેમનું મોટા ભાગનું લેખન પણ મુંબઈમાં થયું. ૧૮૮૫માં સરસ્વતીચન્દ્રનો પહેલો ભાગ લખવાનું શરૂ કર્યું તે મુંબઈમાં. બીજો અને ત્રીજો ભાગ પણ મુંબઈમાં જ લખાયા અને ૧૮૯૨ અને ૧૮૯૮માં પ્રગટ થયા. ૧૮૯૬માં ત્રીજા ભાગનું લેખન પૂરું થયું તે પછી તરત ગોવર્ધનરામે ચોથો ભાગ લખવાનું શરૂ કરેલું. ૧૮૯૮ના ઓકટોબરની ૧૯મી તારીખે રાતે સાડા નવ વાગે ગુજરાત મેલમાં વતન નડિયાદ જવા નીકળ્યા ત્યાં સુધીમાં ચોથા ભાગનો લગભગ અડધો ભાગ લખાઈ ચૂક્યો હતો. બાકીનો ભાગ તેમણે નડિયાદમાં રહીને લખ્યો અને ઈ.સ. ૧૯૦૦ના ડિસેમ્બરની મધરાતના અરસામાં સરસ્વતીચન્દ્ર લખવાનું પૂરું કર્યું. એ વખતે ગોવર્ધનરામની ઉંમર હતી ૪૫ વર્ષ. એટલે કે સરસ્વતીચન્દ્રનું લેખન પૂરાં પંદર વર્ષ ચાલ્યું.

૧૯૦૧માં ચોથો ભાગ પ્રગટ થયો. તે પછી ગોવર્ધનરામ માંડ છ વર્ષ જીવ્યા. છેલ્લી માંદગી વખતે સારવાર માટે નડિયાદથી મુંબઈ લાવવામાં આવેલા. ૧૯૦૭ના જાન્યુઆરીની ચોથી તારીખે બપોરે અઢી વાગે ત્રિભુવનદાસ ગજ્જરના બંગલામાં ગોવર્ધનરામનું અવસાન થયું. જો કે ગોવર્ધનરામ જેના પહેલા પ્રમુખ હતા તે ૧૯૦૫માં સ્થપાયેલી ‘ગુજરાતી સાહિત્ય પરિષદે’ ૧૯૯૦માં ‘ગુજરાતી સાહિત્યકોશ’નો બીજો ભાગ પ્રગટ કર્યો છે તેમાં ૧૯૦મા પાનાં પર જણાવ્યું છે કે ગોવર્ધનરામનું અવસાન નડિયાદમાં થયું હતું! આ કોશમાંનું ગોવર્ધનરામ વિશેનું અધિકરણ કોશના મુખ્ય સહાયકોમાંના એક જયંત ગાડીતે લખ્યું છે. અવસાન થયું તે જ દિવસે સાંજે મુંબઈમાં બાણગંગા પાસે

આવેલા સ્મશાનમાં તેમના અંતિમસંસ્કાર થયા. ગોવર્ધનરામની નવલકથાનો નાયક નવીનચન્દ્ર પોતે મુંબઈનો. અનેક જુદી જુદી ભૂમિમાં ફર્યા પછી કથા અને તેનો નાયક છેવટે ફરી મુંબઈમાં આવી ઠરે છે અને કૃતિનો અંત મુંબઈમાં આવે છે. તેવી જ રીતે ગોવર્ધનરામની જીવનકથાનો અંત પણ મુંબઈમાં જ આવ્યો.

સરસ્વતીચન્દ્રની ગોવર્ધનરામે પોતાના હસ્તક્ષરમાં લખેલી હસ્તપ્રત ભલે ખરાબ હાલતમાં, પણ આજ સુધી સચવાઈ રહી છે. તેમાંથી કેટલીક રસપ્રદ વાત જાણવા મળે છે. આ નવલકથા લખવાનું શરૂ કર્યું ત્યારે તેનું નામ નાયકના નામ પરથી 'નવીનચન્દ્ર' રાખ્યું હતું. હસ્તપ્રતમાં પછીથી આ મૂળ નામ છેકીને તેની ઉપર 'સરસ્વતીચન્દ્ર' એવું નામ લખ્યું છે. આ નામફેર ગોવર્ધનરામે ક્યારે કર્યો તે જાણવું મુશ્કેલ છે. તો પહેલા ભાગની હસ્તપ્રત જોતા જણાય છે કે છેલ્લા પ્રકરણમાંનું છેલ્લાં લગભગ અઢી (છાપેલાં) પાનાંનું લખાણ પાછળથી ઉમેરાયું છે. હસ્તપ્રતના ૫૯૭માં પાનાની નીચે એક ખૂણામાં '૧૪ જાન્યુઆરી ૮૭' એવી તારીખ નાખી છે અને અહીં લખાણ પૂરું થાય છે એમ સૂચવતી ત્રણ લીટી પણ દોરી છે. 'જન્મતો માનવી બીજું શું કરે છે?' એ વાક્ય અહીં છેલ્લું વાક્ય છે. પણ પછીથી ગોવર્ધનરામે અંતે થોડું લખાણ ઉમેર્યું છે. હસ્તપ્રતના ૫૯૮મા પાને ઉપર લખ્યું છે: 'છેલ્લા પાનાં સાથે જોડી લેવાના પાના.' 'ગાડાની પાછળ કેટલેક છેટે'થી શરૂ થતું લખાણ હસ્તપ્રતના આ પાને શરૂ થાય છે. આ ઉમેરો હસ્તપ્રતનાં ચાર પાનાં રોકે છે. જો કે હસ્તપ્રતના ઉમેરાને અંતે 'રસિક! ઊતરી પડ નીચે! નીચે' નીચે નીચે!' એ કવિ શૈલીના 'પ્રોમિથિયસ અનબાઉન્ડ'ના અનુવાદની પંકિત છે. તે પછી કશું લખાણ નથી. આજે જે છપાયેલો પાઠ છે તેમાં આ કાવ્યપંક્તિઓ પછી ગદ્યની ચાર લીટી છે તે આ હસ્તપ્રતમાં જોવા મળતી નથી. કાં તો એ ગદ્ય લખાણ ધરાવતું પાનું ખોવાયું કે નાશ પામ્યું હોય અથવા પુસ્તક છપાવતી વખતે એ પંકિતઓ કોઈક રીતે ઉમેરી હોય. એક બીજી વાત: આખી હસ્તપ્રત ગોવર્ધનરામના પોતાના હસ્તાક્ષરમાં છે એની ના નહીં. પણ પુસ્તકનું છાપકામ આ હસ્તપ્રતને આધારે થયું નથી. હસ્તપ્રતની બીજી કોઈ નકલ પરથી થયું હોવું જોઈએ. પણ ખાતરીપૂર્વક આમ કઈ રીતે કહી શકાય? એ જમાનો હતો હેન્ડ કમ્પોઝનો. એક એક ટાઈપ હાથ વડે ગોઠવવો પડતો. આ ટાઈપ ઉપર છાપકામ માટેની કાળી શાહી હંમેશાં ચોંટેલી હોય જ. તે શાહીથી કમ્પોઝિટરનાં આંગળાં ખરડાયા વગર રહેતાં જ નહીં. શાહીવાળાં આંગળાના કાળા ડાઘ કમ્પોઝ કરતી વખતે હસ્તપ્રતના કાગળ પર અચૂક પડતાં. હકીકતમાં કોઈ મેટર કમ્પોઝ થયું છે કે નહીં તે નક્કી કરવા માટેનો હેન્ડ કમ્પોઝના જમાનામાં સહેલો રસ્તો આ હતો: જો મેટરના કાગળ પર કાળા ડાઘ હોય તો તે કમ્પોઝ થયું છે, કાળા ડાઘ ન હોય તો થયું નથી. ગોવર્ધનરામની સરસ્વતીચન્દ્રની હસ્તપ્રત પર ક્યાંય એક પણ કાળો ડાઘ નથી. એટલે કે નવલકથાનું મેટર કમ્પોઝ કરવા માટે આ હસ્તપ્રત વપરાઈ નથી, પણ તેની નકલ વપરાઈ છે.

'સરસ્વતીચન્દ્ર'નો પહેલો ભાગ પ્રગટ થયો તે વાતને હવે તો ૧૨૫ વર્ષ થયાં. છતાં ગુજરાતી સાહિત્ય પરિષદના તેરમા અધિવેશનના પ્રમુખપદેથી કનૈયાલાલ મુનશીએ આપેલા પ્રવચનમાંના આ શબ્દો આજે પણ એટલા જ સાચા છે. અર્વાચીન ગુજરાતી સાહિત્યની પહેલી બે જીવંત વ્યક્તિએ - નવવસંતનાં પહેલાં બે મઘમઘતાં કલ્પના પુષ્પો તે સરસ્વતીચન્દ્ર અને કુમુદ - સાક્ષર શ્રી ગોવર્ધનરામની નવલકથાના એ બે અમર સ્તંભો છે.'

(સૌજન્ય : 'વર્ડનેટ', "મુંબઈ સમાચાર" 5.1.2012)

e.mail :deepakbmehta@gmail.com

(અનુસંધાન છેલ્લા પાન પરેથી)

પૂરવાને બદલે ઘેર, પાલતું પ્રાણી તરીકે રાખી લીધું.

સોનલે લાલન-પાલનથી ચંપાને ઊછેરી એના ગળામાં ચાંદીની માળા-અછોડા જેવું કંઈક પહેરાવ્યું અને 'ચંપા' નામની નાની ચકતી પણ કોતરાવીને સાંકળીમાં નાંખી. થોડાં વર્ષો પછી, ભારતનું ભણતર પૂરું થતાં જ્યારે એને અમેરિકા આવવાનું થયું ,ત્યારે એ ચંપાની દેખભાળ એના મા-બાપને સોંપીને આવેલી ...... સોનલને હજી એ વિદાયની ક્ષણો યાદ છે. ગામથી રેલવે સ્ટેશન આવી ત્યાં સુધી ચંપા એની ગોદમાં જ રહેલી. ચંપા અને સોનલ .... બાળપણની બહેનપણીઓ ... એકબીજાંના વિયોગથી બંને દુ:ખી થયેલી. વિદાય વેળાએ બંનેની આંખો ભીની થયેલી. ચંપાને મા-બાપના હાથમાં મૂકતાં સોનલ ગદ્ગદ કંઠે બોલેલી .... 'બાપુ, આ ચંપાને દીકરીની જેમ સાચવીને રાખજો.'

વર્ષો પછી, હવે આ ચંપા આમ અચાનક, અમેરિકામાંની એક લેબોરેટરીમાં સોનલને જોવા મળી. આવા કરુણ સંજોગોમાં હસવું કે રડવું તે સોનલ નક્કી કરી શકી નહિ. આવી અવસ્થામાં ચંપા ન મળી હોત તો સારું! ન દેખવું ન દાઝવું ! પરંતુ આ નોકરી શરૂ કરી ત્યારે એની ફરજમાં ચંપાને ઈલેક્ટ્રીક કરન્ટ અપાય ...... તે પ્રયોગ જોવો પડશે તેની તો સોનલને કલ્પના પણ ન હતી. અભ્યાસ પૂરો કરવા આ સમર જૉબ ... આ ડૉલર ખૂબ જરૂરી હતા સોનલ દ્વિધામાં આવી ગઈ.

બીજે દિવસે નોકરી અર્થે લેબોરેટરીમાં જતાં સોનલના મગજમાં એક જબરજસ્ત વાવાઝોડું ઉમટ્યું. ભણવા માટે પૈસા-ડૉલર જોઈએ, પણ એની ચંપા ઉપર આ પ્રયોગો થાય તે સોનલથી કેમ જોયો જશે? પ્રયોગશાળામાં પ્રવેશતાં જ એના પગ ધ્રૂજી ગયા. ચંપાનો ચહેરો અને ટગર ટગર સોનલ તરફ તાકી રહેલી ચંપાની આંખો ..... સોનલ માટે આ સ્થિતિ અસહ્ય બની ગઈ. મોરફીનનું ઈન્જેક્શન આપવા એના હાથ તલપાપડ થઈ ગયા!

તે રાત્રે સોનલને ઊંઘ ન આવી. આખી રાત એણે પાસા ઘસ્યાં પણ નિદ્રા વેરણ થઈ બેઠી. મોડી રાત્રે એના મા-બાપનો ફોન ભારતથી આવ્યો પણ 'મારી ચંપા મને અહીં અમેરિકામાં મળી ગઈ છે!' એટલું બોલીને એણે ફોનનું રિસીવર પછાડ્યું. ફોન કપાઈ ગયો. સોનલના મનનો આક્રોશ! 'મારી ચંપા ..... અહીં અમેરિકા ...... એક પ્રયોગશાળાના નિરાધાર પ્રાણી તરીકે કેવી રીતે આવી?' નિર્જીવ ફોન અનુત્તર રહ્યો!

આજે વહેલી સવારે ઊઠીને એ મક્કમ પગલે લેબોરેટરીમાં જવા તૈયાર થઈ. એણે ખૂબ મનોમંથન પછી, નોકરીના રાજીનામાનો કાગળ તૈયાર કરી રાખેલો ...... એ રાજીનામાના પત્રમાં ચંપાની મુક્તિ થાય તેવી વિનંતી પણ સોનલે શામેલ કરી.

એ જ્યારે લેબોરેટરીમાં આવી ત્યારે લેબોરેટરી શાંત હતી. ચાર-પાંચ પાંજરામાં વિવિધ જાતનાં વાંદરાં ચીસાચીસ કરતાં હતાં, પણ સોનલ તો સીધી ચંપાના પાંજરા તરફ વળી. ડૉ. વિલિયમના ટેબલના ખાનામાંથી ચાવીનો ઝુમકો ઉપાડ્યો અને ચંપાના પાંજરાનું તાળું ખોલ્યું. ખૂબ દૃઢ મનોબળથી એણે નક્કી કર્યું હતું કે હવે ચંપા તરફનો અન્યાય કે જુલમ એનાથી નહિ સહન થાય .... જરૂર પડશે તો એ લડી લેશે ...... નોકરી જશે ...... કદાચ જેલ !? પણ ચંપાને તો બચાવવી જ પડશે.

ચંપાને પાંજરામાંથી કાઢીને, સોનલે ચંપાને એના ખભે બેસાડી. ચાવીનો ઝૂડો અને રાજીનામાનો કાગળ ડૉ. વિલિયમના ટેબલ ઉપર મૂક્યો.

ઝડપથી, ચંપાને લઈને એ લેબોરેટરીની બહાર નીકળવા જતી હતી, ત્યાં જ લેબોરેટરીનું બારણું ખોલતાં ડૉ. વિલિયમ સામે ઊભા દેખાયા. એમની બાજુમાં કેમ્પસનો કૉલેજનો પોલિસ ઑફિસર ઉભો હતો. ડૉ. વિલિયમ, સોનલને સંબોધીને બોલ્યા, 'મને ખબર હતી .... તમે ભારતીય સ્ત્રીઓ બહુ ઈમોશનલ છો! .... એટલે હું પોલિસ સાથે લઈને આવ્યો છું ... હવે તું ચંપાને લઈને ક્યાંય ભાગી નહિ શકે!'

ડૉ. વિલિયમના કડક શબ્દો સાંભળી સોનલના પગ ત્યાં, દરવાજા આગળ થંભી ગયા. ચંપા ગુમાવવી પડશે એ વિચાર માત્રથી એ ધ્રૂજી ઊઠી. સોનલની ડોકે વીંટળાયેલી ચંપાને ખૂંચવી લેવા ડૉ. વિલિયમે હાથ લંબાવ્યો ......

અચાનક ફ્લેશ લાઈટનો પ્રકાશ ઝબક્યો. ડોક ફેરવીને એમણે પાછળ જોયું. WKTB ન્યુઝ મિડીયાના ખબરપત્રી અને કેમેરામેન હાજર હતા. આ આખો બનાવ એમને માટે 'ઈન્ટરેસ્ટીંગ સ્ટોરી' હતો. 'પ્રાણીદયા' નામની સંસ્થાના પ્રમુખ શ્રીમતી કાર્ટર પણ સમયસર હાજર હતાં. સોનલ અને ચંપાના બચાવમાં પોતાનું નિવેદન આપવા કટિબદ્ધ હતાં. સોનલની અગમચેતી .... સમયસર કામે લાગી ગઈ!

[3414 Stoneridge Drive. JOHNSON CITY, TN 37604. U.S.A.]

ચંપા

• જયંત મહેતા

આસિસ્ટન્ટની મદદથી, ડૉ. વિલિયમ સાહેબે ચંપાને ખુરશીમાં બેસાડી. એના બંને હાથ ખુરશીના લોખંડી હાથા સાથે, ચામડાના પટ્ટાથી બાંધવામાં આવ્યા. ગળે પણ પટ્ટો! ચંપા ભાગી જઈ શકે અથવા કૂદાકૂદ કરે તેવી કોઈ શક્યતા રહી નહિ. ત્યાર બાદ, સોય ભોંકીને ઈન્ટ્રાવીનસ દવા ચાલુ થઈ. પ્રયોગશાળાના વૈજ્ઞાનિક નિયમો મુજબ, ચંપાના હૃદયના ધબકારા, બ્લડપ્રેશર, કાર્ડિયોગ્રામ અને મગજનો ગ્રાફ (EEG) વગેરે નોંધવાનું શરૂ થયું. પછી ચંપાને ઈલેક્ટ્રીક કરન્ટ (shock) આપવામાં આવ્યો. ચંપાએ ચીસાચીસ શરૂ કરી, છેવટે ડૉ. વિલિયમે એમની મદદનીશને આદેશ આપ્યો 'સોનલ, હવે ચંપાને ચાર મિલિગ્રામ મોરફીનનું ઈન્જેક્શન આપ.' સોનલે ઈન્જેક્શન આપ્યું પછી ચંપા શાંત થઈ ...... લગભગ અર્ધ બેભાન અવસ્થામાં સરી પડી.

આ ચંપા એટલે અમેરિકાની એક મેડિકલ સ્કૂલની પ્રયોગશાળામાં ઊછરતાં અનેક વાનર પ્રાણીઓમાંની એક. ઉંદર કે સસલાં કરતાં વાનર ઉપર થતા પ્રયોગો વધારે ઉપયોગી ગણાય. ઉત્ક્રાંતિવાદ પ્રમાણે વાનર અને માનવ પિતરાઈ ભાઈ થાય !

એશિયા અને આફ્રિકા ખંડના નાના-મોટા દેશોમાંથી પ્રાણીઓની નિકાસ થાય છે. વિશેષ તો આ 'રિસર્ચ-મન્કી' વૈજ્ઞાનિક સંશોધન કાર્યમાં ખૂબ ઉપયોગી ગણાય. યુરોપ અને અમેરિકાના દેશોમાં આવાં પ્રાણીઓની આયાત કરવાનું હવે મુશ્કેલ થતું જાય છે. વાંદરા પકડનાર વધારે પૈસા માગે. લેબોરેટરીમાં પ્રાણીઓની માવજતનો ખર્ચો પણ વધવા લાગ્યો છે. વિશેષ તો પ્રાણી હિંસાનો વિરોધ કરનાર જૂથની લાગવગ વધતી જાય છે. એટલે અમેરિકામાં નવી દવા માટે સંશોધન મુશ્કેલ અને ખર્ચાળ થતાં જાય છે. આજે જે વાનરમાદા ઉપર પ્રયોગ થયો, તે પ્રાણીને તાજેતરમાં ભારતથી આયાત કરવામાં આવી હતી. ડૉ. વિલિયમને એમના વૈજ્ઞાનિક સંશોધનમાં ઊંડો રસ હતો, અખૂટ ધગશ હતી.

જ્ઞાનતંતુઓ દ્વારા ઝરતા સિરોટોનીન (Serotonin) નામના હોરમોન વિષે પ્રયોગ થઈ રહ્યો હતો. ડિપ્રેશન જેવી બિમારીમાં ખૂબ ઉપયોગી એક નવી દવા ઉપલબ્ધ કરવા માટે આ પ્રયોગો આવશ્યક હતા. ગુસ્સો, ઉશ્કેરાટ, ગભરાટ વગેરે ઊર્મિઓને શાંત કરી શકે તેવી દવાનું સંશોધન થઈ રહ્યું હતું. પરંતુ માણસને આપતા પહેલાં વાંદરાઓ ઉપર અખતરો જરૂરી હતો. અમેરિકાના કાયદા એવા સખત કે વાંદરા ઉપર પ્રયોગો કર્યા પછી, ભારત અને મેક્સિકો જેવા દેશોના માણસો ઉપર પ્રયોગો થાય. ત્યાર બાદ જો દવા અસરકરક અને જોખમથી મુક્ત જણાય તો અમેરિકાની પ્રજાના ઉપયોગ માટે બજારમાં વેચવાની પરવાનગી મળે!

સોનલ પણ ભારતથી આવી હતી. 27-28 વર્ષની સ્નાતક. રૂપાળી, હસમુખી, અમેરિકાની યુનિવર્સિટીમાં ઉચ્ચતર અભ્યાસ કરવાની તક મેળવવી એ પણ સોનલ માટે તો ચમત્કાર કહેવાય. પછાત કોમમાં જન્મેલી, ગરીબ ઘરની છોકરી અનામત સીટના આધારે ભારતમાં ભણીને B.Sc. થઈ. જીવશાસ્ત્રના વિષય સાથે ફર્સ્ટ ક્લાસ સાથે ઉત્તીર્ણ થઈ, ત્યારે તો અહીં સુધી આવી શકી. અમેરિકાની કોલેજમાં ભણવાનું સસ્તું નથી! ઉનાળાની રજાઓમાં આવી લેબોરેટરી આસિટન્ટની નોકરી કરી, પૈસા કમાવી લેવા પ્રયત્ન કરતી. સોનલ નસીબદાર! બધા પરદેશી વિદ્યાર્થીઓને આવી નોકરી નથી મળતી. 1200 ડૉલરનો માસિક પગાર અને અનુભવની નવી તક. ઈન્ટરવ્યુ લીધો ત્યારે ડૉ. વિલિયમે સ્પષ્ટ કહેલું : 'જો સોનલ બહુ ઈમોશનલ નહિ થવાનું,' પછી ઉમેર્યું 'તમે ભારતીય સ્ત્રીઓ ખૂબ લાગણીશીલ છો ! પરંતુ આવાં પ્રાણી - અન્ય જીવો ઉપર પ્રયોગો કર્યા સિવાય માનવ નવી દવાઓનું સંશોધન કરી શકે તે શક્ય જ નથી!'

સોનલે નોકરી તો સ્વીકારી પણ પ્રારંભથી જ એના દિલમાં શોક, ગભરાટ અને કરુણા પ્રવેશી ચૂક્યાં હતાં. 'આ નિર્દોષ પ્રાણીઓ ઉપર આવો અત્યાચાર કરવાનો માનવને શું અધિકાર?' સોનલ પોતાને પ્રશ્ન કરતી.

એકાદ અઠવાડિયામાં પ્રયોગશાળામાં એક નવું પ્રાણી આવ્યું. આ વાનર માદા પ્રાણીની આયાત ભારતમાંથી થયેલી એટલે ડૉ. વિલિયમે સોનલને કહ્યું : 'સોનલ, આ વાનર માદાના ગળામાં ચાંદીની માળા જેવું કંઈક છે અને એમાં ચકતું લટકે છે. જરી વાંચી બતાવ કે એમાં શું લખ્યું છે?'

સોનલે નજીક આવીને વાંચ્યું. 'ચંપા!' નામ વાંચતાં જ સોનલ ચમકી ગઈ. 'ચંપા!' થોડી ક્ષણોમાં એને ચક્કર આવી ગયાં .... એ લગભગ બેભાન થઈ જશે તેવું ડૉ. વિલિયમને લાગ્યું, એટલે ડૉક્ટરે સોનલને એક ખુરશીમાં બેસાડી અને ઠંડા પાણીનો પ્યાલો ધર્યો. સોનલનો ચહેરો ફિક્કો પડી ગયો. એક મદદનીશે એના ચહેરા ઉપર ઠંડા પાણીની છાલક નાંખી. પછી સોનલ સ્હેજ સ્વસ્થ થઈ. 'આર યુ ઓકે?' લેબોરેટરીના બધા કાર્યકરો ચિંતીત હતા.

સોનલ પૂરા ભાનમાં આવી એટલે ડૉ. વિલિયમે એક કેળું સોનલને આપ્યું.

'લે સોનલ ..... તારા હાથે જ ચંપાને તું આ કેળું ખવડાવ!' ધ્રૂજતા હાથે' જ્યારે સોનલે, ચંપાને કેળું આપ્યું ત્યારે સોનલની આંખ ભીની થઈ ગઈ. પરંતુ કેળું લેવા હાથ લંબાવતાં ચંપાની આંખમાંથી આંસુના બે ત્રણ ટીપાં સર્યા તે સોનલ સિવાય બીજા કોઈની નજરે ચડ્યાં નહિ.

'આજનો પ્રયોગ અહીં જ મુલતવી રાખીએ.' ડૉ. વિલિયમે જાહેરાત કરી એટલે ડૉ. વિલિયમ અને લેબોરેટરીનાં અન્ય સભ્યો, પ્રયોગ પડતો મૂકી લન્ચ માટે બહાર ગયાં. હવે સોનલ અને ચંપા ...... બે મૂંગાં પ્રાણી એકબીજાંની સામે ટગર ટગર જોવાં લાગ્યાં!

ચંપા સોનલને પારખી ગઈ હતી. સોનલે બીજું એક કેળું લઈ, ચંપાને આપવા હાથ લંબાવ્યો પણ ચંપા જાણે રિસાઈ ગઈ હોય તેમ ..... તેણે કેળું સ્વીકારવાનો ઈન્કાર કર્યો. સોનલે, ધીમેથી વ્હાલપૂર્વક ચંપાનો વાંસો પંપાળ્યો ... જાણે માફી માંગતી હોય તેવા ભાવ અનાયાસે એના ચહેરા ઉપર ધસી આવ્યા.

સોનલના પિતા રામલાલનો ધંધો હતો વાંદરા પકડવાનો. વાઘરી કોમનો માણસ. જીવન ટકાવી રાખવા બીજો કોઈ ધંધો હાથ લાગ્યો ન હતો. ઝાડ નીચે ચણા કે ખારી સીંગ વેરીને રામલાલ વાંદરાને ભેગાં કરતો.

થોડો વિશ્વાસ સંપાદન કરે, પછી એક રાત્રે આવીને જમીનમાં માટીની કુલડીઓ દાટી દેતો. કુલડીનું મ્હોં નાનું અને અંદર કુલડીનું પેટ મોટું! માટલી-કુલડી ... જે કહો તે ..... રામલાલ એમાં ચણા નાંખતો. વાંદરા અંદર હાથ નાંખે અને મુઠ્ઠીભર ચણા પકડે એટલે કુલડીના સાંકડા મોંમાં વાંદરાનો હાથ અને મુઠ્ઠી વાળેલું કાંડુ ફસાઈ જતાં. સીંગદાણા કે શેકેલા ચણા ખાવાના લોભમાં વાંદરા મુઠ્ઠી ખોલી શકે નહિ અને તે સિવાય હાથ છૂટો થાય નહિ!

'તે ન ત્યકેન ભૂંજીથા' જેવું - છેવટે રામલાલ મોટી જાળ લઈને આવે અને વાંદરા ઉપર ઢાંકી, દરેક વાંદરાને પકડીને પાંજરામાં પૂરી દે. મુઠ્ઠીભર ચણા માટે વાંદરા જિંદગીભર પ્રયોગશાળાનાં પ્રાણી બનવા ફસાઈ જાય !

રામલાલ એમને મુંબઈ રવાના કરે ત્યાંથી એક મોટો એજન્ટ એમને વિલાયત મોકલે. યુરોપના અને અમેરિકાના જુદા જુદા દેશની જરૂરિયાત આ પ્રમાણે પૂરી પડે. એજન્ટને મોટી રકમ મળે. રામલાલને તો વાંદરા દીઠ માંડ 250 રૂપિયા મળે!

સોનલ નાનપણથી આ જોતી આવેલી. આ ધંધો ... આ કરુણ દૃશ્યો જોઈને એ કકળી ઉઠતી; પણ એના બાપુનો આ વર્ષો જૂનો ધંધો ... ઘરના ભરણપોષણનું એક માત્ર સાધન. શરૂઆતમાં રામલાલને પણ એના આ ક્રૂર ધંધા માટે પોતાની જાત પ્રત્યે નફરત થતી, પરંતુ સમય જતાં, જીવનની વાસ્તવિકતાએ એના દિલની રહી સહી કરુણાને મૃતઃપ્રાય કરી દીધેલી.

એક દિવસ રામલાલે એક વાંદરી પકડી. એની ગોદમાં તરતનું જન્મેલ બચ્ચું પણ હતું. વાંદરીએ ધક્કો મારી બચ્ચાને દૂર ભગાડવા બહુ પ્રયાસ કર્યો પણ બચ્ચું માને વળગી રહ્યું એટલે એ પણ પકડાઈ ગયું. સોનલે આ દૃશ્ય જોયું અને એનું કોમળ હૈયું દ્રવી ઊઠ્યું. એ દોડતી આવી અને એના બાપુને પગે પડી વિનવવા લાગી.

'બાપા ...... આ નિર્દોષ બચ્ચાને તો બચાવી લો! એને પાંજરામાં પૂરીને પરદેશ ધકેલશો? થોડી તો દયા કરો!'

દીકરીની આંખમાં આંસુ જોઈને રામલાલનું પત્થર જેવું કઠોર હૃદય પણ પીગળી ગયું. એણે એ વાંદરીનું નવજાત બચ્ચું સોનલને ભેટમાં આપ્યું. પાંજરામાં

(અનુસંધાન પાન 27 પરે)